


# શ્રી દેવીમા પ્રેરિત શ્રી ઉપાસના







વર્ષ-૬ અંક (૬) ૩૬



# "શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના"

**આનંદધામ, ૨૪, આનંદપાર્ક, કડી-૩૮૨ ૭૧૫**
**ફોન : (કોડ નં.૦૨૭૬૪) ૪૨૦૬૭, ૬૩૨૩૫**

**આદ્યસ્થાપક :**
શ્રીદેવીબા -
શ્રી શિવગુરુજી

તંત્રી : શ્રી જીવણભાઈ એમ. પટેલ
સહતંત્રી : શ્રી રમેશભાઈ ત્રિવેદી
સહતંત્રી : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

વર્ષ : ૬ અંક : ૬ સળંગ અંક : ૩૬ માર્ચ-એપ્રિલ : ૧૯૯૯



: સંપાદક મંડળ :

સંપાદક : ડૉ.શ્રી અશોકભાઈ પી. નાયક
શ્રી મણિલાલ આ. નાયક
સહસંપાદક : શ્રી રસિકભાઈ મ. નાયક
શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી
શાસ્ત્રી શ્રી ચંદ્રશંકર પંડયા
શ્રી કિરીટભાઈ વ્હોરા
ડૉ. શ્રી પંકજ પટેલ
સંપાદન સલાહકાર :
શ્રી ડૉ. અરૂણોદયભાઈ જાની
શ્રી પ્રો. રતિલાલ સાં. નાયક
શ્રી યશવંત કડીકર
ડૉ. પ્રજ્ઞાબેન શાહ
આવરણ : શ્રી બાબુભાઈ પટેલ



લવાજમ : (ભારત)
રૂા. ૧૦૦/- (વાર્ષિક)
રૂા. ૧૦૦૦/- (આજીવન)

| | | |
|---|---|---|
| વાર્ષિક | પાઉન્ડ | ૧૦ |
| | ડોલર | ૧૫ |
| પાંચ વર્ષ | પાઉન્ડ | ૪૦ |
| | ડોલર | ૬૦ |
| આજીવન | પાઉન્ડ | ૧૦૦ |
| | ડોલર | ૧૫૦ |

છૂટક નકલ રૂા. ૨૦/-
લવાજમ રોકડા / ચેક-ડ્રાફ્ટ તથા
એમ.ઓ.થી. સ્વીકારાય છે.

: માલિક અને પ્રકાશક :
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રીવિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,
આનંદધામ, ૨૪-આનંદપાર્ક સોસાયટી, કડી.
મુદ્રક : શ્રી ભદ્રેશ આર. પટેલ
સાબર પ્રિન્ટર્સ
અમદાવાદ ફોન : ૫૬૨૨૫૯૬


## મંગલાચરણ...

....✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

### શ્રીલલિતા મહાત્મ્ય

આપણા શાસ્ત્રોનું વચન છે કે પરાશક્તિ ભગવતી ત્રિપુરસુન્દરી લલિતાદેવીથી જ ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ) તથા આ સૃષ્ટિ ઉત્પન્ન થયેલ છે. જગતજનની રાજરાજેશ્વરી માતા ત્રિપુરસુન્દરીએ જ ૧૦૫ બ્રહ્માંડોના અધિપતિ દૈત્યરાજ એવા ભણ્ડાસુરને પોતાના ઈક્ષવાકુ ધનુષ્ય અને પુષ્પોના બાણો જેવા દિવ્ય અસ્ત્રોથી વધ કરીને દેવો તથા માનવોને અભયનું દાન આપ્યું.

જ્ઞાનનો જેટલો ભંડાર (ઊંડાણ) સનાતન હિન્દુધર્મની પાસે છે તેટલી વિપુલતા અન્યત્ર મળવી સંભવિત નથી. આપણો ધર્મ એવો વિશીષ્ટ છે જે બ્રહ્મને સાકાર અને નિરાકાર બન્ને રૂપોમાં સ્પષ્ટ કરે છે. સૃષ્ટિક્રમની શરૂઆતને આપણા ધર્મશાસ્ત્રમાં વિસ્તૃતરૂપે ઉલ્લેખેલ છે.

સચ્ચિદાનંદમયી ત્રિગુણાત્મિકા 'પરાશક્તિ' પરમેશ્વરી મહાલક્ષ્મી (શ્રીવિદ્યા) જ આ સંપૂર્ણ બ્રહ્માંડની સૃષ્ટિ-સ્થિતિ અર્થાત્ સંસારક્રમના કારણ અને મૂલાધારરૂપા છે. કહ્યું છે કે -

सर्वस्याद्या महालक्ष्मीस्त्रिगुणा परमेश्वरी ।
लक्ष्यालक्ष्य-स्वरूपा सा व्याप्त कृत्स्नं व्यवस्थिता ॥

અર્થાત્ ત્રિગુણમયી પરમેશ્વરી મહાલક્ષ્મી જ સર્વનું આદિ કારણ છે. તે જ દશ્ય અને અદશ્યરૂપે વ્યાપીને રહેલાં છે.

રાજરાજેશ્વરી પીઠમ્ કડીમાં પૂ. સદ્ગુરુદેવ શ્રીદેવીબા-શિવગુરૂ શ્રીવિદ્યાની ઉપાસના દીક્ષિત ઉપાસકો તથા મુમુક્ષુઓને-વિશ્વકલ્યાણના અર્થે ઘણાજ નીર્મળ ભાવે શીખવી તેમને અમૃતમય બનાવે છે.

★★★

## અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧ |
| ૨. | સત્સંગ સુધા | શ્રી રસિકલાલ મ. નાયક | ૩ |
| ૩. | પિતૃસ્તોત્ર | શ્રી ચન્દ્રશંકર પંડયા | ૪ |
| ૪. | શ્રીલલિતામ્બા ત્રિશતીનામ | શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી | ૫ |
| ૫. | જીવનની સાર્થકતા | શ્રી બાબુભાઈ નાયક | ૬ |
| ૬. | અંતર અને અત્તર | શ્રી યશવંત કડીકર | ૧૦ |
| ૭. | શ્રી લલિતા સહસ્રનામ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧૧ |
| ૮. | સંયમની પાળથી.... | સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ | ૧૩ |
| ૯. | માનવતા મહેકી ઊઠી | શ્રી ભગવત સુથાર | ૧૪ |
| ૧૦. | ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન | સુ. શ્રી કિરણબેન એન. શાહ | ૧૫ |
| ૧૧. | પરામ્બા વિલાસ | શ્રી ચૂનીભાઈ ભટ્ટ | ૧૬ |
| ૧૨. | પસંદગી | શ્રી રતિલાલ મ. નાયક | ૨૦ |
| ૧૩. | તંત્રમાં ઉપચાર પધ્ધતિ | સુ.શ્રી ડૉ. પ્રજ્ઞાબેન શાહ<br>અનુવાદ : શ્રી પુરુષોત્તમભાઈ જોષી | ૨૧ |
| ૧૪. | મહાસ્પંદન | શ્રી રજનીકાંત મ. ભટ્ટ | ૨૫ |
| ૧૫. | યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત) | શ્રી ભાનુશંકર દલપતરામ જાની | ૨૬ |
| ૧૬. | ભક્તિ | ડૉ. શ્રી અશોકભાઈ પી. નાયક | ૨૮ |
| ૧૭. | સાધન સમર અર્થાત્ દેવી માહાત્મ્ય | પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય | ૩૧ |
| ૧૮. | શ્રીમા રમામ્બા | શ્રી પ્રહ્લાદભાઈ એમ. નાયક | ૩૩ |
| ૧૯. | કામાખ્યાતન્ત્રમ્ | સુ.શ્રી 'દુર્ગાબાળ' દમયંતી જાની | ૩૫ |
| ૨૦. | ગાયત્રી ઉપાસના.... | શ્રી દિલીપ રોય | ૩૭ |
| ૨૧. | મહામાયા | શ્રી ચિન્મય જાની | ૪૦ |
| ૨૨. | PIMAGE (જીવનના રંગ) (અંગ્રેજી) | લેફ. કર્નલ શ્રી સી. સી. બક્ષી | ૪૪ |
| ૨૩. | ● કાવ્ય વિભાગ : | | |
| | ● મણિદ્વિપ મહિમા | શ્રી મણિભાઈ આ. નાયક | ૪૭ |
| | ● રસલ્હાણ મીઠાં હો (માઈ કલાપી) | કુ. કનીનિકા જાની | ૪૭ |
| ૨૪. | સંસ્થા સમાચાર | ડૉ. શ્રી અશોકભાઈ પી. નાયક | ૪૮ |
| ૨૫. | ષષ્ટમ્ વર્ષાન્તે.. | શ્રી આત્મારામ ભારદ્વાજ | (ત્રીજું કવર પેજ) |


●●●

# સત્સંગ સુધા...

....✍ શ્રી રસિકલાલ મ. નાયક

ગતાંકમાં આપણે ભગવતી અને ભગવાનની અલગ અલગ ઉપાસના કરવા માટે શાસ્ત્રનિષેધ તરફ અંગૂલી નિર્દેશન જોયું. હવે થોડું વિગતે જોઈએ.

ભગવાનને છોડીને (બાજુ ઉપર મૂકીને) ભગવતીની ઉપાસનાનું શું ફળ મળે તે બાબતે શ્રી લક્ષ્મીનારાયણહૃદય નામના ઉપાસના ગ્રંથમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, આવી ઉપાસનાથી - 'लक्ष्मीः क्रुध्यति सर्वदा'- એટલે કે જે ભગવાનને છોડીને કેવળ તેની શક્તિ (ભગવતી)ની ઉપાસના કરે છે તે ભગવાન ક્રોધિત થતા નથી પરંતુ જે શક્તિની ઉપાસના કરવામાં આવે છે તે દેવી, જગન્માતા રુઠે છે/નારાજ થાય છે. આથી ભયંકર બીજો કયો અનર્થ હોઈ શકે ? આમ સ્પષ્ટ થાય છે કે ભગવાનને છોડીને ભગવતીની ઉપાસના કરવી ન જોઈએ.

તેવી જ રીતે એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય કે શું ભગવતીને છોડીને ભગવાનની ઉપાસના થાય ? ના. તેમાં પણ મનાઈ છે. આદ્ય શંકરાચાર્યે સૌંદર્યલહરીમાં સ્પષ્ટ સમજાવ્યું છે કે, 'शिवःशक्त्या युक्तो यदि भवति शक्तः प्रभवितुम् । આ વચનથી બીજા અન્ય ક્યા પ્રમાણની જરૂરત છે ? કોઈની નહિ. કેમકે શક્તિ વગરના ઈશ્વરને કલ્પીને ઉપાસની કરવાથી સર્વ પ્રયત્ન નકામા જાય છે.

ભગવાન શંકરના તિરસ્કારથી દાક્ષાયણી (માતા પાર્વતી) તે ક્રોધ થયો અને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો, તેથી શિવના અગ્રગણ્ય સેવક એવા વીરભદ્ર કૂપિત થયા અને દક્ષને શિક્ષા કરી. આ દ્રષ્ટાંતથી આપણને સમજવા મળે છે કે ઈશ્વરના તિરસ્કારથી શક્તિતો નારાજ થાય છે અને આથી કામ કેવળ બગડતું જ નથી પરંતુ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે.

હકિકતમાં તો આપણા શાસ્ત્રોનો એ સિદ્ધાંત છે કે પરમાત્માનું જ્ઞાન દેવી ભગવતીના અનુગ્રહથી જ થઈ શકે છે, બીજી કોઈ રીતે નહિ. કેનોપનિષદ્‌માં એક પ્રસંગ આવે છે. તેનો કથાસંદર્ભ એ છે કે : જ્યારે ઈન્દ્ર, અગ્નિ, વાયુ આદિ દેવતાઓ અસુરોને યુદ્ધમાં હરાવીને આવે છે ત્યારે તેઓ એ ભૂલી ગયા કે ભગવાને આપેલા અનેક પ્રકારના બળ-સામર્થ્યને લીધે વિજય મળ્યો છે. તેઓ અહંકારી બની જાય છે અને એમ સમજવા લાગે છે કે તેમની પોતાની શક્તિથી આ વિજય મળ્યો. તેમના આ ગર્વનું ખંડન કરવા ભગવાન એક મોટા ભયંકર સ્વરૂપના યક્ષ તરીકે પ્રકટ થયા. દેવોને ખબર ન પડી કે આ યક્ષ કોણ છે ? ત્યાર બાદ ભગવાનના શક્તિસ્વરૂપ ઉમાદેવી ઉપસ્થિત થઈને તેમને વાસ્તવિક સિદ્ધાંત શીખવે છે. આ બાબતથી સ્વયંસ્પષ્ટ થાય છે કે ભગવતીદેવી જગદંબા જ આપણને પરમાત્મા બાબતે જ્ઞાન આપે છે. લૌકિક વ્યવહારની દૃષ્ટિએ એ સ્વાભાવિક અને ઉચિત જ છે કે બાળક તો કેવળ પોતાની માતાને જ જાણે છે. અને એ માતા દ્વારા જ તેને ખબર પડે છે કે તેના પિતા કોણ છે.

શાસ્ત્રોમાં ઉચિત રીતે જ વર્ણવ્યું છે કે -

(૧) मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव ।

(૨) मातृमान् पितृमानाचार्यवान् पुरूषो वेद ॥

ઈત્યાદિ મંત્રોમાં માતાને જ સૌથી પહેલું સ્થાન આપવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે-માતા જ આદિગુરુ છે, અને તેની દયા અને અનુગ્રહથી જ બાળકનું ઐહિક (લૌકિક), પારલૌકિક (આધ્યાત્મિક) અને પારમાર્થિક કલ્યાણ અવલંબિત છે.

જ્યારે એક વ્યક્તિ સ્વરૂપે માતા પોતાના બાળકના કલ્યાણમાર્ગના પથદર્શક અને જ્ઞાનીગુરુની ભૂમિકા નિભાવે છે ત્યારે એ બાબત સ્વયંસ્પષ્ટ થાય છે કે જે ભગવતી મહાશક્તિ સ્વરૂપિણી દેવી સમષ્ટિરૂપિણી-જગત્‌વ્યાપિની માતા છે તે પોતાના બાળકો અર્થાત્ સંપૂર્ણ સંસાર (જગત્)ને માટે પણ કલ્યાણપથ પ્રદર્શક અને જ્ઞાનીગુરુ છે જ. એટલે કે જગન્માતા જગદ્‌ગુરુ છે અને દુનિયામાં બીજા અન્ય ગુરુ છે તે બધા આ જગન્માતાની એક કળાનારૂપે જ્ઞાનોપદેશનું કામ કરે છે. એટલે જ ભગવાન શ્રી શંકરાચાર્યે દેવી સ્તુતિ કરતાં કહ્યું -

देशिकरूपेण दर्शिताभ्युदयाम् ॥ ગુરુરૂપે આવીને અભ્યુદયનો માર્ગ બતાવવાવાળા વર્ણવ્યા છે. એટલા માટે શૈવ, વૈષ્ણવ આદિ બધા ઉપાસનાગ્રંથોમાં એ નિયમ જોવા મળે છે કે ભગવતી જગન્માતા દ્વારા જ ભગવાન જગતપિતા સુધી પહોંચી શકાય છે.

★ ★ ★

# પિતૃસ્તોત્ર

....✍ : સારાનુવાદ - શ્રી ચન્દ્રશંકર પંડયા

માર્કંડેયપુરાણમાં આવેલું 'પિતૃસ્તોત્ર' પિતૃઓને પ્રસન્ન કરવાનું તથા પ્રસન્ન રાખવાનું ઉત્તમ સાધન છે. આ સ્તોત્રનો પાઠ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, જેથી મનુષ્યની ઉન્નતિ થાય છે. એટલે આ સ્તોત્રનો મહિમા આપોઆપ જ સમજાઈ જાય છે. સમસ્ત જગતમાં વ્યાપ્ત (ફેલાયેલા) પિતૃઓનું વિશાળ સ્વરૂપ આ સ્તોત્રમાં વર્ણવાયેલું છે. જેમની કુંડળીમાં પિતૃદોષ હોય તેવી વ્યક્તિઓ પણ આ સ્તોત્રનો પાઠ કરી પિતૃઓની દયા પ્રાપ્ત કરી શકે છે. શ્રાદ્ધના દિવસો દરમ્યાન આ સ્તોત્રનો પાઠ લાભદાયી છે તથા નિમંત્રિતોને ભોજન કરાવતી વેળાએ પણ આ સ્તોત્રનો પાઠ મધુર વાતાવરણ સર્જે તેવું છે.

**રુચિરુવાચ**

અર્ચિતાનામમૂર્તાનાં પિતૃણાં દીપ્તતેજસામ્ ।
નમસ્યામિ સદા તેષાં ધ્યાનિનાં દિવ્ય ચક્ષુષામ્ ॥
ઈન્દ્રાદીનાં ચ નેતારો દક્ષમારીચયોસ્તથા ।
સપ્તર્ષીણાં તથાન્યેષાં તાન્ નમસ્યામિ કામદાન્ ॥
મન્વાદીનાં મુનીન્દ્રાણાં સૂર્યાચન્દ્રમસોસ્તથા ।
તાન્ નમસ્યામ્યહં સર્વાન્ પિતૃનપ્સૂદધાવપિ ॥
નક્ષત્રાણાં ગ્રહાણાં ચ વાય્વગ્ન્યોર્નભસસ્તથા ।
દ્યાવાપૃથિવ્યોશ્ચ તથા નમસ્યામિ કૃતાંજલિઃ ॥
દેવર્ષીણાં જનિતૃંશ્ચ સર્વલોકનમસ્કૃતાન્ ।
અક્ષય્યસ્ય સદા દાતૄન્ નમસ્યેઽહં કૃતાંજલિઃ ॥
પ્રજાપતેઃ કશ્યપાય સોમાય વરુણાય ચ ।
યોગેશ્વરેભ્યશ્ચ સદા નમસ્યામિ કૃતાંજલિઃ ॥
નમો ગણેભ્યઃ સપ્તભ્યસ્તથા લોકેષુસપ્તસુ ।
સ્વયંભુવે નમસ્યામિ બ્રહ્મણે યોગચક્ષુષે ॥
સોમાધારાન્ પિતૃગણાન્ યોગમૂર્તિધરાંસ્તથા ।
નમસ્યામિ તથા સોમં પિતરં જગતામહમ્ ॥
અગ્નિરૂપાંસ્તથૈવાન્યાન્ નમસ્યામિ પિતૃનહમ્ ।
અગ્નિષોમમયં વિશ્વં યત એતદશેષતઃ ॥
યે તુ તેજસિ યે ચૈતે સોમસૂર્યાગ્નિમૂર્તયઃ ।
જગત્સ્વરૂપિણશ્ચૈવ તથા બ્રહ્મસ્વરૂપિણઃ ॥
તેભ્યોઽખિલેભ્યો યોગિભ્યઃ પિતૃભ્યો યતમાનસઃ ।
નમો નમો નમસ્તે મે પ્રસીદન્તુ સ્વધાભુજઃ ॥

**રુચિ બોલ્યા**

જેઓ બધા દ્વારા પૂજાયેલા છે, જે અમૂર્ત એટલે કે પ્રત્યક્ષરૂપે ન જણાય તેવા છે, જેમના તેજનો પાર નથી, જેઓ ધ્યાનમાં તલ્લીન હોય છે અને જેમની પાસે અત્યંત મહાન એવી દિવ્ય દૃષ્ટિ છે તેવા પિતૃઓને હું હંમેશાં નમસ્કાર કરું છું.

જે ઈન્દ્ર વગેરે દેવતાઓ, દક્ષ, મારીચ, સપ્તર્ષિઓ અને બીજાઓના પણ નેતા છે અને જે મનુષ્યની કામના પૂરી કરનારા છે તેવા પિતૃઓને હું પ્રણામ કરું છું. (૧-૨)

જે મનુ વગેરે રાજર્ષિઓ, મહાન મુનિઓ, સૂર્ય અને ચન્દ્રના પણ નાયક (અગ્રેસર) છે તે બધા પિતૃઓને હું પાણી તથા સમુદ્રમાં પણ નમસ્કાર કરું છું.

જે પિતૃઓ નક્ષત્રો, ગ્રહો, પવન, અગ્નિ, આકાશ, સ્વર્લોક તથા પૃથ્વીના પણ નેતા છે તે સૌને હાથ જોડી વંદન કરું છું. (૩-૪)

જે દેવર્ષિઓના જન્મદાતા છે, સમગ્ર લોકો દ્વારા વન્દન પામેલા છે, હંમેશાં અક્ષય (નાશ ન પામે તેવું) ફળ આપનારા છે, તે પિતૃઓને હું પ્રમાણ કરું છું.

પ્રજાપતિ, કશ્યપ, સોમ, વરુણ તથા યોગેશ્વરોના રૂપમાં રહેલા પિતૃઓને હું બે હાથ જોડી પ્રણામ કરું છું. (૫-૬)

સાતે ય લોકોમાં રહેલા સાતે ય પિતૃસમૂહોને નમસ્કાર હો. હું યોગદષ્ટિથી સંપન્ન એવા સ્વયંભૂ (પોતાની જાતેજ પ્રગટ થયેલા) બ્રહ્માજીને હું પ્રણામ કરું છું. સાથે સાથે જગતના પિતા સોમને પણ પ્રણામ કરું છું, અને અગ્નિ સ્વરૂપ બીજા પિતૃઓને પણ નમસ્કાર કરું છું, કારણ કે આ આખું જગત અગ્નિમય તેમજ સોમમય છે. (૭-૮-૯)

જે પિતૃઓ તેજમાં રહેલા છે. જે ચન્દ્ર, સૂર્ય અને અગ્નિના રૂપમાં દૃષ્ટિગોચર થાય છે એટલે કે દેખાય છે, તથા જે જગતસ્વરૂપ તથા બ્રહ્મસ્વરૂપ છે તે સંપૂર્ણ યોગી પિતૃઓને હું એકાગ્રચિત્તે (એટલે કે બીજે મનને જરા પણ જવા દીધા વિના) પ્રણામ કરું છું. તેમને (પિતૃઓને) વારંવાર નમસ્કાર હો. સ્વધાભોજી (પિતૃઓને અંજલિ અપાય છે ત્યારે સ્વધા શબ્દનો ઉપયોગ થાય છે) પિતૃઓ મારી ઉપર પ્રસન્ન થાઓ. (૧૦-૧૧)

★★★

# શ્રી લલિતામ્બા ત્રિશતીનામ્

લેખાંક : ૧૩

....✍ શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી

*"પવિત્રતાનો પૂરો ખ્યાલ રાખી દરેક સ્થળે અને દરેક સાથે પવિત્રતા જાળવો."*

**- શ્રી રંગ અવધૂત**

પંચદશી મંત્રના પ્રથમ કૂટના ત્રીજા બીજ ઈ - કારવાળા શ્રીમાતાના નામ ક્રમાંક ૪૮ થી ૫૩ સુધીનું અમૃતપાન કર્યું. હવે આગળ વધીએ...

ईश्वर-प्रेरण-करी, चेश-ताण्डव-साक्षिणी ।

ईश्वरोत्सङ्ग-निलया, चेति-बाधा-विनाशिनी ॥

ईहा-विरहिता चेश - शतिरीषत् स्मितानना ।

(૫૪) **'ईश्वर-प्रेरण-करी**- ઈશ આદિ દેવતાઓના સૃષ્ટિ આદિ ક્રમ પ્રવર્તાવવાની પ્રેરણા દેવાવાળા માતા.

(૫૫) **'ईश-ताण्डव-साक्षिणी'**-ભગવતી માતા શિવજીના 'તાણ્ડવ' નૃત્યને પ્રત્યક્ષ જોવાવાળા છે. તત્ત્વમાં 'तत्' = ઈશ, 'ताण्डव' = પ્રયાસ વગરનો ખેલ (સહજ બદલાવ) જેવો કે સૃષ્ટિની રચના ચક્રનો ક્રમ. શ્રીમાતા આ ક્રિડાઓની અસંગ-સાક્ષિણી છે. 'બ્રહદારણ્યક ઉપનિષદ' (૬૬.૧૫) માં વર્ણવ્યું છે, 'असङ्गा नहि सज्जते' એટલે કે ભગવતી માતાનો કોઈની સાથે સંગ નથી અર્થાત્ તે સર્વમાં વ્યાપીને પણ કમળદળની જેમ અસંગી છે. 'ईश-ताण्डव' = ૬૪ કળાઓની દક્ષા. આ કળામાં નૃત્ય પણ આવી જાય છે. આ બધી કળાઓ (પરિવર્તનશીલતા) ના શ્રીમાતા સાક્ષી છે. શાસ્ત્રમાં લખ્યું છે કે, 'नर्त्तनाद्धि परेशस्य, चतुःषष्टि-कला-जनिः ।' એટલે કે નૃત્ય દ્વારા ૬૪ કળાઓ નિર્માણ (વ્યક્ત) થાય છે. 'પ્રદોષ-સ્તોત્ર'માં આ બાબતનું વર્ણન વિગતવાર આપેલ છે.

(૫૬) **'ईश्वरोत्सङ्ग-निलया'**-ભગવતી માતા ઈશ્વરની ગોદ (પર્યંક) માં બિરાજમાન છે. ઈશ્વર એ ભગવતિના પતિ છે. 'उत्सङ्ग' = જંઘા પ્રદેશ (દેહનો મધ્યભાગ). 'निलया' = બેઠાં છે. ઈશ્વરના ઉરુપ્રદેશમાં માતાની ઉપસ્થિતિ છે.

(૫૭) **'ईति-बाधा-विनाशिनी'** - ઈશ્વરનો ભય, પશુનો ભય ઈત્યાદિ ભયરૂપી વિઘ્નો. માતા આ ભયરૂપી વિઘ્નો, આવરણોનો નાશ કરનારાં છે.

(૫૮) **'ईहा-विरहिता'** - જે વસ્તુ નથી, અભાવ છે તેની ઈચ્છા થવી તેને 'ईहा' કહે છે. શ્રીમાતા આપ્ત-કામા, પૂર્ણકામ છે. તેમને કોઈ ઈચ્છા નથી, તેઓ પૂર્ણા સ્વરૂપા છે.

(૫૯) **'ईश-शक्ति'** - માતા ઈશ્વરની સર્વવ્યાપિકા શક્તિ છે. 'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં 'देवात्म-शक्ति' એમ વર્ણવ્યું છે. માતાની આ શક્તિ વેદસંમત છે. જગતના કારણ સ્વરૂપ પરમાત્માને શ્રીમાતાએ જોયા (જાણ્યા) છે.

(૬૦) **'ईषत्-स्मितानना'** - મરક-મરક થતા મુખકમળવાળાં શ્રી માતા છે. શ્રીમાતા સદાય સ્મિત-મુખી (હાસ્યપૂર્ણ વદનવાળાં) છે. એટલે કે તેઓ સદાય પ્રસન્ન ચિત્ત છે, સઘળી ઈચ્છાઓથી માતા પરિપૂર્ણ છે.

(-ક્રમશઃ)

★ ★ ★

# જીવનની સાર્થકતા...

લેખાંક : ૧૭

....✍ શ્રી બાબુભાઈ નાયક

## શ્રદ્ધા

આજે આપણે જીવનને સાર્થક કરવા જીવનની સાર્થકતાના સત્તરમા સોપાને પગ મૂકતાં શ્રદ્ધાના સદ્‌ગુણની મહત્તા વિષે વિચારીશું. શ્રદ્ધામાં અખૂટ બળ છે. ઍટમ બૉમ્બની શક્તિ પણ તેની આગળ કોઈ વિસાતમાં નથી. ઍટમ બૉમ્બની શક્તિ ભૌતિક શક્તિ છે. પાર્થિવ શક્તિ છે. જયારે શ્રદ્ધા તો આત્માની શક્તિ છે. દૈવી શક્તિ છે. દિવ્ય શક્તિ છે. શ્રદ્ધાને આત્માની શક્તિ કહી. આત્મા પ્રભુનો અંશ છે. આ સત્ય ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં સ્વમુખે ગીતાજીમાં કહે છે : **મમ એવ અંશઃ જીવલોકે જીવભૂતઃ સનાતનઃ** (ગીતા ૧૫-૭) આ સંસારમાં જીવ બનેલો આત્મા મારો જ સનાતન અંશ છે. આત્મા જો ભગવાનનો અંશ હોય અને શ્રદ્ધા જો આત્માની શક્તિ હોય તો પછી શ્રદ્ધા એ પણ ભગવાનની શક્તિ જ બની ગઈ ને. અને ભગવાનની શક્તિ તો અમોઘ છે, નિશ્ચલ છે, અપરિમિત છે, અપાર છે. ભગવાનની શક્તિ તો બધું કરવા સમર્થ છે. એટલે શ્રદ્ધાશક્તિ પણ પ્રભુની હોઈ અમોઘ અને અચલ છે. શ્રદ્ધામાં હાલકડોલક-પણું નથી. જે વૃત્તિમાં હાલક-ડોલકપણું હોય તે શ્રદ્ધા નથી.

શ્રદ્ધાવાળો માણસ નિશ્ચલ હોય છે. તે જે કહે છે, જે બોલે છે તે આત્માના બળથી બોલે છે. અને આત્મા તો પ્રભુનો અંશ હોઈ સર્વકર્તું સમર્થ છે. એટલે કે માણસ શ્રદ્ધાથી જે કોઈ કૃતિ, કાર્ય, કર્મ કરે છે તે સફળ થાય જ. કદી નિષ્ફળ ન જાય. અને જો માણસ નિષ્ફળ જાય તો સમજવું કે તેની શ્રદ્ધામાં કંઈક ખામી છે. તે નિર્બળ, સ્વાર્થી કે અશુદ્ધ હોવો જોઈએ. તે માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના અ.૧૭-૩માં સ્પષ્ટતા કરી કે **"હે અર્જુન ! સર્વની શ્રદ્ધા જે તે જીવના અંતઃકરણના સંસ્કારને અનુરૂપ હોય છે. જેવા મનુષ્યના સંસ્કાર તેવી તેની શ્રદ્ધા. આ સંસારી જીવ શ્રદ્ધામય જ હોય છે. તેથી જે મનુષ્ય જેવી શ્રદ્ધાવાળો હોય તેવા જ સત્ત્વવાળો તે ગણાય" શ્રદ્ધા પણ પૂર્વજન્મના સંસ્કારોથી ઉત્પન્ન થાય છે.** તેથી શ્રદ્ધા પણ સાત્ત્વિક, રાજસ્ અને તામસ એમ ત્રણ પ્રકારની છે.

સંસ્કાર શુભ કર્મમાંથી જન્મતા હોય છે. મનુષ્યને ભગવાને 'શ્રદ્ધામય' કહ્યો છે. એટલે કે મનુષ્ય શ્રદ્ધાનો જ બનેલો છે.જેવી શ્રદ્ધા તેવું મન અને જેવું મન તેવો માનવી. આમ શ્રદ્ધા સર્વ સંકલ્પો અને કર્મોનું કારણ હોવાને લીધે મનુષ્યને ભગવાને 'શ્રદ્ધામય' કહ્યો છે. **જેવી જેની શ્રદ્ધા તેવો તે માનવી.**

શ્રદ્ધા હોય તો જ કાર્ય કરવાની ઈચ્છા જન્મે. શ્રદ્ધા હોય તો જ મન પ્રવૃત્તિ કરવા પ્રેરાય. માણસ માંદો પડે તો સાજા થવા માટે પણ શ્રદ્ધાની જરૂર પડે. વૈદે આપેલી દવામાં જો તેને શ્રદ્ધા હોય તો તે સાજો થઈ જાય. વૈદે આપેલી દવામાં જો તેને શ્રદ્ધા ન હોય તો ગમે તેટલી સારી દવા હોય પણ તે સાજો નહિ થઈ શકે. દવા કરતાં શ્રદ્ધા મોટી છે અને મહત્ત્વની છે. માટે ભગવાને મનુષ્યને 'શ્રદ્ધામય' કહ્યો છે. કોઈપણ કાર્ય સિદ્ધ કરવાને શ્રદ્ધા અનિવાર્ય છે. શ્રદ્ધા વિના કાર્ય કરવા જશો તો તે કાર્ય નિષ્ફળ જશે. આ પ્રભુનો સંદેશ છે. **આ દુનિયામાં મનુષ્યે જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે શ્રદ્ધાના બળે જ પ્રાપ્ત કરી છે, કારણ કે શ્રદ્ધા એ આત્માનું બળ છે અને આત્મબળ કદી નિષ્ફળ જાય જ નહિ.**

અહીં એકલવ્યનું દૃષ્ટાંત વિચારીએ. ગુરુ દ્રોણાચાર્યે તેને શુદ્ર માની ધનુર્વિદ્યા શીખવવાની ના કહી, પણ તેણે શ્રદ્ધાથી દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી. આ પ્રતિમા મારા ગુરુ છે. એવી શ્રદ્ધાથી પ્રતિમામાં ગુરુનું બળ આવ્યું. હવે માટીની આ પ્રતિમા પાસેથી પ્રેરણા લઈ એકલવ્ય ધનુર્વિદ્યા શીખવા લાગ્યો અને તેણે એટલે સુધી ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી કે તે અર્જુન સમોવડ બન્યો. ના, અર્જુનથી પણ વધારે હોશિયાર બન્યો. તેને જાણ થઈ કે

પોતાના ગુરુ આ રસ્તે થઈ પોતાના શિષ્યો સાથે પસાર થવાના છે ત્યારે ગુરુને પ્રત્યક્ષ નમન કરવા તે માર્ગમાં ઊભો રહ્યો. તેવામાં એક કૂતરું ત્યાં ભસતું ભસતું આવ્યું. એકલવ્યને લાગ્યું કે મારા ગુરુ આ રસ્તે થઈ જતા હશે અને કૂતરું તેમને કદાચ ભસશે તો ગુરુની ગતિમાં ખલેલ પડશે. એટલે એકલવ્યે કૂતરાના મોઢાને બાણો મારી શીવી લીધું, પણ બાણ એવી રીતે માર્યા કે કૂતરાને ઈજા થાય નહિ અને તે ભસી શકે પણ નહિ.

થોડીવાર પછી ગુરુ-દ્રોણાચાર્ય શિષ્યો સાથે તે રસ્તે થઈને નીકળ્યા, અર્જુન પણ સાથે હતા. અર્જુનની નજર આ કૂતરા પર ગઈ. તેમણે જોયું કે આ કેવો બાણાવળી હશે કે તેણે કૂતરાને બાણ મારી તેનું મોઢું બંધ કર્યું છે, પણ કૂતરાને ઈજા થઈ નથી ? તેમણે ગુરુને પૂછયું, "તમે તો મને શ્રેષ્ઠ બાણાવળી ગણો છો ત્યારે મને તો આ કૂતરાને જેવાં બાણ માર્યા છે તેવાં બાણ મારતાં નથી આવડતાં. આવો બાણાવળી કોણ હશે ?

માર્ગની બાજુમાં ઊભેલા એકલવ્યે આ શબ્દો સાંભળ્યા. તે અર્જુનની સામે આવ્યો. અર્જુનને વંદન કરી વિનયપૂર્વક બોલ્યો, "રાજકુમાર ! તે બાણાવળી હું છું. મારુ નામ એકલવ્ય છે."

અર્જુને પૂછયું, "ભાઈ ! તને આ ધનુર્વિદ્યા કોણે શીખવી ?" એકલવ્યે જવાબ આપ્યો, "મારા ગુરુ દ્રાણાચાર્યજી છે, તેમણે મને આ વિદ્યા શીખવી છે." અર્જુને પૂછયું, "દ્રોણાચાર્યજી તો રાજકુમારોને વિદ્યા શીખવે છે. તને ક્યારે શીખવવા આવ્યા ?" એકલવ્યે કહ્યું, "રાજકુમાર ! મેં તેમની પ્રતિમા બનાવી છે. પ્રતિમા પાસેથી પ્રેરણા લઈ હું આ ધનુર્વિદ્યા શીખ્યો છું."

અર્જુને પૂછયું, "પ્રતિમા તને વિદ્યા શીખવતી ?"

એકલવ્યે કહ્યું, "હા. આને હું પ્રતિમા નહોતો માનતો, પણ તે પ્રતિમાને હું સાક્ષાત દ્રોણાચાર્ય ગુરુ માનતો. એટલે દરેક વખતે ગુરુ મને 'આમ કર, તેમ કર' એવું કહેતા અને મને બધી ધનુર્વિદ્યા આવડી ગઈ છે."

આ મહાભારતનો પ્રસંગ છે. શાસ્ત્ર હંમેશાં સાચું જ કહે. એકલવ્યને પૂર્ણ શ્રદ્ધા હતી કે આ પ્રતિમા મારા સાક્ષાત ગુરુ છે અને તેઓ જ મને ધનુર્વિદ્યા શીખવી રહ્યા છે, આવી શ્રદ્ધાના બળે તે મહાન ધનુર્વિદ બની શક્યો. આ દૃષ્ટાંત સમાજમાં સૌ કોઈ જાણે છે. તે મનુષ્યને શીખવે છે કે **જો તમારે જીવનમાં સફળ થવું હોય તો શ્રદ્ધાબળથી પ્રવૃત્તિ કરો.** તમે સો નહિ હજાર, લાખ, કરોડ ટકા સફળ થશો.

પણ **શ્રદ્ધા સાથે સત્ય અને નીતિ બંનેનો સમન્વય હોવો જોઈએ.** શ્રદ્ધામાં સંપૂર્ણ નિષ્કામભાવ હોવો જોઈએ. સ્વાર્થી શ્રદ્ધા કદી ફળ આપશે નહિ. પુરુષોત્તમ માસની કથામાં એક વાર્તા પ્રસંગ છે. એક પિતાના બે દીકરા. બંને પરણેલા. બંનેની વહુઓ આવેલી. સ્વભાવનો મેળ ન થવાથી બંને પુત્રો જુદા રહે. વૃદ્ધપિતાને નાના દીકરાની પત્ની ભાવથી સાચવે. પુરુષોત્તમ મહિનો આવ્યો. ભક્તિભાવ આ મહિનામાં વધી જાય છે. નાના દીકરાની વહુનો ભાવ પોતાના સસરા પ્રત્યે આ મહિનામાં વધી ગયો. સાસુ હતાં નહિ. તે હંમેશા સસરાને સ્નાન કરવા ગરમ પાણી આપે. સસરા સ્નાન કરી રહે એટલે તેમનું વસ્ત્ર નીચોવી તે દોરી પર સૂકવી દે. દોરી નીચે એક માટીની કોઠી. તેમાં પેલા ભીના કપડામાંથી પાણી ટપકે. પુરુષોત્તમ માસ પૂરો થયો. કોઈ કારણને લીધે નાના દીકરાની વહુને પેલી માટીની કોઠી ખસેડવા જતાં તેમાં ચળકતાં મોતી જણાયાં. તેણે બધાં બહાર કાઢી પતિને બતાવ્યાં. પતિએ ખાત્રી કરવા ઝવેરીને બતાવ્યાં. ઝવેરીએ અભિપ્રાય આપ્યો કે તે સાચાં મોતી હતાં. નાનો ભાઈ સાચાં મોતીનો માલિક બનતાં શ્રીમંત બની ગયો.

મોટા દીકરાની વહુ દેરાણી પાસે આવી, સહજ પૂછ્યું, "અલી! આટલું બધું ધન મારા દિયર પાસે એકદમ ક્યાંથી આવ્યું ?" પેલી ભોળી દેરાણીએ આખી બીના પહેલેથી અંત સુધી જેઠાણીને કહી સંભળાવી. હવે બીજી વખતે પુરુષોત્તમ મહિનો આવ્યો એટલે મોટી વહુએ આગ્રહ કરી સસરાને પોતાને ત્યાં રાખ્યા. દેરાણી

જેમ કરતી તેમ તેણે સસરાનું વસ્ત્ર એક દોરી પર સુકવવાનું રાખ્યું. તેની નીચે માટીની કોઠી મૂકી. તેમાં સસરાનું ભીનું વસ્ત્ર ટપકે તેવી વ્યવસ્થા ગોઠવી. પુરુષોત્તમ મહિનો પૂરો થતાં તેણે જેવી માટીની કોઠી આઘીપાછી કરી તો કોઠી બેસી ગઈ. મોતી -બોતી કંઈ નીકળ્યાં નહિ.

આ દષ્ટાંત શ્રધ્ધા નિષ્કામ ભાવવાળી હોવી જોઈએ તે જણાવે છે. જો શ્રધ્ધા સ્વાર્થી હશે તો તે નિષ્ફળ જશે. એટલે શ્રધ્ધા પણ આસ્તિક બુધ્ધિવાળી હોવી જોઈએ. શ્રી શંકરાચાર્યજી તેવી શ્રધ્ધાને **'આસ્તિક્ય બુધ્ધિઃ'** કહે છે. 'અસ્તિ' એટલે 'છે' એવો વિશ્વાસ એનું નામ શ્રધ્ધા. 'શું છે?' જવાબ મળશે, **"ઈશ્વર છે, સત્ય જ તેનું તત્ત્વ છે, સત્ય જ જીવનનું ધ્યેય છે તેવો વિશ્વાસ તેનું નામ શ્રધ્ધા".**

સાત્ત્વિક શ્રધ્ધા જીવનમાં ઘણી અગત્યની છે. સાત્ત્વિક શ્રધ્ધા જ જીવનને સફળ કરે છે, જીવનને સાર્થક કરે છે. સત્યને અને નીતિને માર્ગે જ શ્રધ્ધેય બનવું તેમાં જ જીવનની સાર્થકતા છે. વેદ ઘોષણા કરે છે **'સત્યમેવ જયતે ન અનૃતમ ! સત્યેન પન્થા વિતતો દેવયાનઃ ! સત્યનો જ જય થાય છે, અસત્યનો નહિ.** સત્યથી દેવલોકનો માર્ગ રચાય છે. (મુંડકોપનિષદ્ ૩-૨-૬) જેને સત્યમાં શ્રધ્ધા છે તેને આપોઆપ જ વિશ્વમાં બધામાં વિશ્વાસ જન્મે છે. **જીવનની સત્યતામાં, ઈશ્વરની સત્યતામાં, આત્માની સત્યતામાં, ધર્મની સત્યતામાં દઢ વિશ્વાસ તેનું નામ શ્રધ્ધા. આ બધી સત્યતાઓ એકબીજાથી ભિન્ન નથી. જે જીવનનું સત્ય છે તે જ માનવીનું, આત્માનું સત્ય છે તે જ ઈશ્વર છે તે જ ધર્મનું પણ તત્ત્વ છે.** ધર્મ એટલે સત્યની પ્રાપ્તિનો માર્ગ. જીવનનાં ઉદાત્ત મૂલ્યોનો માર્ગ. પછી ભલે તેમાં સંતાપનાં દર્શન થતાં હોય. સત્યમાં જેને દઢ શ્રધ્ધા છે, અડગ વિશ્વાસ છે તે ક્યારેય સત્યનો ભોગ નહિ લે તે કદી અસત્યનો આશ્રય નહિ લે આ છે સત્યમાં શ્રધ્ધા.

સત્યમાંની શ્રધ્ધાને કારણે રાજા હરિશ્ચંદ્રે રાજ્યનો ભોગ આપ્યો, પત્ની-પુત્રનો ભોગ આપ્યો, દુઃખી દુઃખી થઈ ગયો, પણ સત્ય પરની શ્રધ્ધામાંથી ડગ પણ પાછો ન મૂક્યો. સત્યમાંની શ્રધ્ધાએ ગાંધીબાપુ ગોડસેની ગોળીએ વિંધાયા, પણ સત્ય પરની શ્રધ્ધાનો ત્યાગ તેમણે ન કર્યો. શ્રધ્ધા ભલે સંતાપ લાવે, પણ સત્ય પરની શ્રધ્ધા કદી ન ડગે. ટૂંકમાં શ્રધ્ધા એટલે શ્રધ્ધા. તે કદી ચલિત ન થવી જોઈએ. તે જ સાચી શ્રધ્ધા કે જે કદી જરા પણ ચલિત ન થાય.

જીવનની સાર્થકતા આવી શ્રધ્ધામાં રહેલી છે. નચિકેતા આમ તો આઠ જ વર્ષનો બાળક છે, પણ તેનામાં અચલ શ્રધ્ધાએ પ્રવેશ કર્યો હતો. સત્યમાં તેને અડગ નિષ્ઠા હતી. તે જાણતો હતો કે સત્યના પાલન માટે કોઈપણ ભોગ આપવો પડે તો તે ભોગ કંઈ સત્યથી તો મોટો નથી જ. પંતજલી મહર્ષિ કહે છે કે **"જો કોઈપણ વ્રત દેશ, કાળ કે સંજોગોની મર્યાદાને ધ્યાનમાં લીધા વિના પાળવામાં આવે તો તે 'મહાવ્રત' બની જાય છે".** નચિકેતા માટે સત્યથી ચડિયાતી કોઈ જ વસ્તુ ન હતી. યમરાજાની ઘણી સમજાવટ છતાં તેણે પોતાના વચનમાંથી ચલિત થવા યમરાજાને જરાયે મચક ન આપી. આ શ્રધ્ધાના બળે તે યમરાજા પાસે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શક્યો. કઠોપનિષદ્‌ની આ આખ્યાયિકા અંતમાં સમજાવે છે કે "નચિકેતાને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું. પરિણામે તે સર્વ શોક અને અલ્પતાની લાગણીમાંથી મુક્ત થયો. તેનું જીવન કૃતકૃત્ય બની ગયું.

શ્રેય અને પ્રેય બંને સતત માનવીની સમક્ષ આવતાં જ હોય છે. શ્રેય અનંત છે, પૂર્ણ છે, કલ્યાણરૂપ છે; પરંતુ ભોગમાં આસક્ત મનુષ્ય તેને ઓળખી શકતો નથી. જ્યારે પ્રેય તો અલ્પ છે. તે માત્ર સુખનો આભાસ જ ઉત્પન્ન કરે છે, પરંતુ પરિણામમાં મનુષ્યના સત્ત્વનો ક્ષય કરે છે. એટલે શ્રેયની પસંદગી માટે પ્રેયનો ભોગ આપવો જ પડે.

હવે શ્રેય અને પ્રેય વચ્ચેનો વિવેક શ્રેયની પ્રાપ્તિ માટે પ્રેયનો ભોગ આપવાનું બળ માણસને ક્યાંથી પ્રાપ્ત થશે ? શ્રધ્ધામાંથી. શામાં શ્રધ્ધા ? શાસ્ત્રોમાં. આપણને જે વસ્તુ બુધ્ધિથી સમજાતી નથી તેને સમજવા માટે જ શાસ્ત્રો છે. મનુષ્યોએ શાસ્ત્રનાં વચનોમાં વિશ્વાસ કેળવવો જોઈએ. શાસ્ત્રો જે કહે છે તે મનુષ્યનું હિત કરનારું છે માટે તે સત્ય છે. માટે તેમાં શ્રધ્ધા રાખવી જ જોઈએ. જેમ ઊંચી ટેકરી પર ઊભેલો માનવી દૂર દૂરનાં દશ્યોનાં દર્શન કરી શકે છે, પણ નીચે તળેટીમાં ઉભેલા માણસને તે દશ્યોનાં દર્શન ન થાય. તેથી ટેકરી પર ઊભેલો માનવી તે દશ્યોનું વર્ણન કરે તે જો આપણે ન માનીએ તો તેમાં આપણો જ દોષ. પેલો માણસ ખોટું વર્ણન કરે છે તેમ ન કહેવાય. તેમ શાસ્ત્રો પણ સત્યનું જ વર્ણન કરે છે. તેથી *શાસ્ત્રનાં વચનોમાં પૂર્ણ શ્રધ્ધા રાખી જો આપણે આપણા જીવનને કંડારીએ તો શાસ્ત્રોની સર્વગ્રાહી દષ્ટિ આપણે પણ પ્રાપ્ત કરી શકીએ. તે માટે શ્રધ્ધા અતિ આવશ્યક છે. શાસ્ત્રોનાં વચન, સંતોનાં વચન, ભક્તોનાં વચન સત્ય જ છે એ પ્રકારની બુધ્ધિની વૃત્તિને શ્રધ્ધા કહેવાય.*

એક મહારાજ કથા કરે. એક ગોવાલણ કથા સાંભળવા આવે. મહારાજે શાસ્ત્ર વચન સંભળાવ્યું કે "જે પ્રભુનું નામ શ્રધ્ધાથી જપે તે ભવસાગર તરી જાય". પેલી ભરવાડણે આ સાંભળી ગાંઠ વાળી કે "જો પ્રભુનામથી સાગર તરી જવાય, તો મારા ગામથી શહેરમાં દૂધ વેચવા આવતાં રસ્તામાં નદી આવે છે તે ઓળંગવા મારે હોડીમાં બેસવા પૈસા આપવા પડે છે, પણ હવે હું કાલથી ભગવાનનું નામ દઈ નદીમાં પેસીશ તો ભગવાનના નામના પ્રતાપે નદી પાર ઉતરી જઈશ". આ શ્રધ્ધાથી તે તો નદી આવે એટલે પ્રભુનું નામ દે અને તેમાં ચાલવા માંડે. આરામથી કિનારે આવી જાય. નદીમાં ડૂબી જવાય તેટલું પાણી હતું. પણ પેલી ગોવાલણને મહારાજમાં, કથામાં, કથાના વાક્યમાં શ્રધ્ધા હતી એટલે તે નદી પાર ઉતરી શકતી.

આ તો એક લૌકિક દષ્ટાંત છે પણ તેમાં ગજબનું સત્ય ભરેલું છે.

પરીક્ષાની તૈયારી કરવાની આવે, તો સારા ગુણ લાવી પરીક્ષામાં પાસ થવું એ શ્રધ્ધા જન્મી એટલે વિદ્યાર્થીમાં આપોઆપ ઉત્સાહ અને આત્મસંયમ આવી જાય છે. તે ટી.વી.જોવાનું, ફરવાનું, રખડવાનું બધું બંધ કરી દે છે. બધો સમય અને શક્તિ અભ્યાસમાં જ ખર્ચે છે. પરિણામે વિદ્યાર્થી ધાર્યું પરિણામ લાવી શકે છે. શ્રધ્ધા વિના જીવનની કોઈ સાર્થકતા નથી. ભૌતિક સિધ્ધિ માટે જો શ્રધ્ધા અનિવાર્ય હોય તો પછી આધ્યાત્મિક જે જીવનની સાચી સાર્થકતાનું કારણ છે તેને માટે તો શ્રધ્ધાની કેટલી બધી આવશ્યકતા હોય ? શ્રધ્ધા વગર જે કંઈ કરવામાં આવશે તે નિરર્થક જશે. માટે જ ભગવાને ગીતામાં કહ્યું કે :

**'શ્રધ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ' "જેનામાં શ્રધ્ધા, તત્પરતા અને આત્મસંયમ છે તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે"**. જ્ઞાનથી મનુષ્ય શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી શકે છે. શાશ્વત શાંતિ એ આત્માનું જ સ્વરૂપ છે. સાચી, સ્થાયી શાંતિ એટલે જ આત્મા. આમ વિચારતાં જીવનની સાર્થકતામાં શ્રધ્ધા અનિવાર્ય તત્ત્વ છે.

શ્રધ્ધાનો અર્થ એવો નહિ કરવો કે જે કંઈ કહેવામાં આવે તે વગર વિચારે સ્વીકારી લેવું. શ્રધ્ધાનો અર્થ એટલો જ કે શાસ્ત્રોનાં, સંતોનાં, ભક્તોનાં વાક્યોનો તિરસ્કાર ન કરવો. શાસ્ત્રોનાં વચનો સાબિત કરવાની પૂરેપૂરી તક આપવી, અને આદરપૂર્વક આપવી એનું નામ જ શ્રધ્ધા. આધ્યાત્મિક ઉન્નતિ માટે શ્રધ્ધા અનિવાર્ય તત્ત્વ છે. શ્રધ્ધાથી જ માનવી ઉન્નતિના શિખરો સિધ્ધ કરી શકશે. માટે ચાલો આપણે પણ સાત્ત્વિક શ્રધ્ધાથી જીવનને સાર્થક કરીએ.

(-ક્રમશઃ)

★ ★ ★

# "અંતર અને અત્તર"

....✍ શ્રી યશવંત કડીકર

પ્રશંસાને અત્તરની માફક સુંઘવાની હોય, પીવાની નહીં. જ્યારે વેદનાને અંતરની માફક કાપવાની હોય, લંબાવવાની નહીં. અને આ અંતર ક્યારે ઘટાડી શકાય, જ્યારે તે અત્તર બને. સોક્રેટિસે સરસ વાત કરી છે- *"માત્ર પોતાના જ નહિ, પરંતુ જે બીજાનાં બાળકોના સાચા ઘડતર પ્રતિ પણ પોતાનું લક્ષ કેન્દ્રિત કરે છે, તે જ અંતર અને અત્તરનો ભેદ જાણી શકે છે.*

આજે તો વિશ્વ પરિવર્તનના આરે આવીને ઊભું છે. આપણે પણ તેનાથી મુક્ત કેવી રીતે રહી શકીશું? ત્યારે જ અંતર પણ વધુ જાય છે. માનવી માનવી વચ્ચેનું અંતર, જાતિ જાતિ વચ્ચેનું અંતર, વિચારો વચ્ચેનું અંતર, સૂઝ અને સમજ વિશેનું અંતર, સંસ્કૃતિ સંસ્કૃતિ વચ્ચેનું અંતર પણ વિશ્વમાનવીનું મન જ્યારે અત્તરમય બની જશે ત્યારે જ તે ખુશબુ બની મહેંકી ઊઠશે. અને એ સમયે વિશ્વમાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના અંતર ઘટતાં જશે, વિશ્વ એક ગામડું બનશે. 'વિશ્વગ્રામ' ની રીતે તેની સમસ્યાના ઉકેલ સામુદાયિક રીતે ઉકેલવા પડશે. જગતમાં આધુનિકરણ અને યાંત્રિકરણ સતત વ્યાપક રીતે ચાલશે. એકવીસમી સદીમાં વૈશ્વિકીકરણ, આધુનિકીકરણ અને યાંત્રિકીકરણ ખૂબ જ ત્વરાથી ચાલશે. આવા આ વિશ્વનો માનવી અનેક સમૃધ્ધિઓ વચ્ચે, વિવિધ માનસિક સંઘર્ષો વચ્ચે પીસાતો, માનવી માનવી વચ્ચેનું અંતર વધારતો હશે, ત્યારે વિશ્વકક્ષાના પ્રશ્નો અને સ્થાનિક કક્ષાના પ્રશ્નો, પ્રણાલિકાગત બાબતો અને આધુનિક બાબતો, ટૂંકા ગાળાના હિતો અને લાંબા ગાળાનાં હિતો, માનવ-માનવ વચ્ચેની સ્પર્ધાઓ અને સમાન તકની વ્યવસ્થા, જગતમાં વધતું અમર્યાદિત જ્ઞાન અને માનવીની જ્ઞાન પચાવવાની મર્યાદિત શક્તિ, આધ્યાત્મિક જીવન જીવવું અને ભૌતિકવાદની સગવડો વચ્ચે પીસાવું, માણસમાં તંગદિલી સર્જશે ત્યારે આ અંતરને અત્તરમાં પરિવર્તિત કરવાનું કામ ભારતીય વિચારધારા કરશે.

આપણે જાણીએ છીએ કે ભારતીય વિચારધારા સમગ્ર વિશ્વને બચાવવા સક્ષમ છે. તે માટે જરૂર છે ઘનિષ્ઠ અમલીકરણની.

રોમેરોમ આધ્યાત્મિકતાથી ભરપૂર મહાત્મા ગાંધીની બુનિયાદી શિક્ષણ વિચારધારા તે આધાર શિલા પર જ રચાયેલી છે. સર્વધર્મ સમભાવ અને ધરતીનો સુસંગત ઉદ્યોગ-કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોના સર્વાંગી વિકાસને લઈને ચાલે છે. અને આ છે આપણી ભારતીય વિચારધારા. વિનોબાજીએ આ વાતને એવી રીતે બિરદાવી છે કે ભારતીય વિચાર દ્વારા માનવીના મનને 'અંતર'માંથી 'અત્તર'માં બદલી નાંખે છે.

ભારતીય વિચારધારામાં સમગ્ર જીવનનો વિકાસ કરે તેવું તત્ત્વ રહેલું છે. સારું શિક્ષણ પૂર્ણ માનવ સર્જે, માત્ર પોપટિયું જ્ઞાન ધરાવતો સમાજ તો માનવી-માનવી વચ્ચેનું અંતર વધારે - એટલે એવા ખોખલા શિક્ષણની વિચારધારાના વંટોળમાંથી મુક્ત થવાનો સમય પાકી ગયો છે.

પાતંજલ યોગ સૂત્ર દ્વારા માનવને એક બીજાની નજીક લાવવાના વ્યાપક ઉપાય યોજવાની આજે તાતી જરૂર ઊભી થઈ છે. **યોગવશિષ્ઠ એ માનવ ચેતનાને ઉત્ક્રાંત કરવાનો ઉત્તમ ગ્રંથ છે.** વિશ્વનું પ્રથમ અને વિશાળ મહાકાવ્ય મહાભારત તત્કાલીન યુગદર્શન કરાવતો મહાગ્રંથ જ નથી, પણ માનવને દુઃતત્ત્વ સામે લડતાં શીખવતો મહાગ્રંથ છે. ઉપનિષદો માનવની મુમુક્ષાને સંતોષી વૈજ્ઞાનિક જીવન જીવતાં શીખવી શકે તેમ છે. રામાયણ એ ગૃહસ્થ ધર્મ ઉપરાંત સાચા લોકશાહી જીવનના પાઠ ભણાવતું મહાકાવ્ય છે.

આ જ **આપણા ઉત્તમ ગ્રંથો માનવી-માનવી વચ્ચેનું અંતર ઘટાડી, એ 'અંતર'ને 'અત્તર' માં પરિવર્તિત કરવાનું કાર્ય કરશે.**

(આકાશવાણીના ૪-૨-'૯૯ના 'અમૃતધારા' કાર્યક્રમમાં પ્રસ્તુત થયેલ.)

★ ★ ★

# શ્રી લલિતાસહસ્રનામ...

લેખાંક : ૮

....✍ **શ્રી ચંદ્રકાન્ત એમ.જાની**

આપણે શ્રી લલિતા સહસ્રનામના પ્રથમ શતકમાં પ્રથમ મંત્રથી આરંભ ગતાંકમાં કર્યો અને સદ્‌ગુરુ દેવશ્રીની કૃપાથી શ્રીમાતાના ૧ થી ૩ નામ બાબત સમજવા પ્રયત્ન કર્યો. શ્રી જ્ઞાનેશ્વર મહારાજ 'ગુરુ ઉપાસના' ના અધ્યાય ૬/૩૧ ની ઓવી ૧૫ દ્વારા કહે છે :

तें बुद्धीहिं फाकतां सांकडे ।
म्हणउनि बोलीं विपायें सांपडे ।
परी निवृत्तिकृपादीप उजियेडें
देखेन मी ॥ ३१ ॥

**અર્થ** : પરમતત્વનું આકલન બુધ્ધિ પણ કરી શકતી નથી, એટલે શબ્દમાંયે તેને પ્રગટ કરવું મુશ્કેલ છે, તો પણ મારા ગુરૂ નિવૃત્તિનાથના કૃપાદીપક અજવાળા વડે તે જોઈશ અને કહીશ.

**ભાવ** :બ્રહ્મસૂત્રના ભાષ્યમાં શંકરાચાર્ય સ્પષ્ટરૂપે કહે છે કે, પરમતત્ત્વ બુધ્ધિગ્રાહ્ય નથી. એને અનુલક્ષીને જ્ઞાનદેવ કહે છે કે, આ તત્ત્વ શબ્દમાં પ્રગટ થઈ શકતું નથી; તો પણ મેં એને ગુરુકૃપાના આલોકમાં સાક્ષાત કર્યું છે, અને શબ્દમાં પણ એને પ્રગટ કરીશ.

એ જ રીતે માતા શ્રીલલિતા-મહાત્રિપુર-સુંદરીના નામોનું ગુણકથન કરવું એ સૂર્ય સામે આગિયાના ધરવા જેવો નગણ્ય કહી શકાય તેવો પ્રયાસ છે. પણ જેમણે મહાતેજબિંદુની ઝાંખી કરી છે તેવા સદ્‌ગુરુદેવની કૃપા પામેલી શ્રી ભાષ્કરરાયના ભાષ્યના આધારે અને આપણા સદ્‌ગુરુદેવશ્રીના કૃપાકટાક્ષ વડે આરંભાયેલા આ યજ્ઞમાં યત્કિંચિત્ આહુતિ આપી શકીશું તે પરમ સૌભાગ્યની બાબત છે. પ્રથમ મંત્રમાંના ચોથા નામ 'चिदग्निकुण्डसम्भूता' અને પાંચના નામ 'देवकार्यसमुद्यता' બાબત આચમન કરીશું.

(૪) **चिदग्निकुण्डसम्भूता** - આ નામના શબ્દ પ્રયોગનું તાત્પર્ય શિવશકત્યૈકરૂપિણી અંગે છે, જેમણે ચિત્ (રૂપી) અગ્નિકુંડમાંથી જન્મ ધારણ કરેલ છે. અત્રે કેવળ 'અગ્નિ' શબ્દનો જ પ્રયોગ કરેલો નથી પરંતુ તે (અગ્નિ) - નું વિશેષણ 'ચિત્' પણ સાથે લીધેલ છે. ચિત્‌નો અર્થ છે- 'શુધ્ધ જ્ઞાન-શક્તિ' અને અગ્નિ એ ભગવતી ત્રિપુર સુન્દરીનું સાક્ષાત્ સ્થૂળ સ્વરૂપ (સાકાર સ્વરૂપ) છે. શુધ્ધ જ્ઞાન અર્થાત્ બ્રહ્મ જ અગ્નિની વેદી છે અને તેના વડે જ અવિદ્યા રૂપી ગાઢ અંધકાર દૂર થાય છે. જ્ઞાનની અગ્નિ જે અંતર (હૃદય-ચિત્ત) માં સમિધની આહુતિ આપ્યા વગર સતત પ્રજ્વલિત રહેતી હોય છે, જે માયારૂપી અંધકારને દૂર કરી દે છે. જ્ઞાનમાં જ સંપૂર્ણ દશ્ય (જગત) - નો ભાવ સમાયેલો છે. જેવી રીતે દર્પણ વગર પ્રતિબિંબ કે માટી વગર ઘડો (કુંભ) બની શકતો નથી તેવી રીતે ચિતિ-શક્તિ વગર દેશ-કાલાદિ (દશ્ય જગત) પણ સંભવી શકતું નથી. સત્તાના રૂપમાં ચિતિ-શક્તિ જ સઘળું (સર્વસ્વ) છે. **કોઈપણ દેશ કે સમય એવો નથી જ્યાં ચિતિ-શક્તિની ઉપસ્થિતિ ન હોય. કેવળ ચિતિશક્તિ જ અન્યનો આધાર લીધા વિના સ્વયંપ્રકાશિત છે.** જેવી રીતે પ્રતિબિંબ એ દર્પણ ઉપર આધારિત (આભાસ) છે તે રીતે ચિતિ-શક્તિ જ જગતની સત્તામાત્ર છે. અત્રે એ સ્પષ્ટ છે કે જ્ઞાનની તુલના (સરખામણી) અગ્નિ સાથે કરવામાં આવેલ છે. 'શક્તિ-સૂત્ર'માં 'चिद्वाहिनी ज्ञानाग्नि' એવું એક સૂત્ર આવે છે. તેમાં કહેવાયું છે કે જ્ઞાન જ અગ્નિ છે કેમકે સ્વભાવગત રીતે જે ઉત્પન્ન કરી શકે છે તે લય પણ કરી શકે છે. અત્રે 'संभूता' એવા શબ્દપ્રયોગથી જન્મ કે પ્રાદુર્ભાવ અર્થ થાય છે. જ્ઞાનની વિશેષતાથી તે (ચિતિ-શક્તિ) નો અગ્નિમાં નિવાસ છે પરંતુ તે તેનું કારણ નથી. જ્ઞાન અને જ્ઞાનની વ્યાપ્તિ (પ્રસરણ) એક જ છે.

સંક્ષેપશારીરકાચાર્યનું કથન છે કે, ચિતિશક્તિ

પરમેશ્વરનું શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. એટલે કે બ્રહ્મજ્ઞાનની શુધ્ધ ઉર્જા સ્વયંજ્ઞાન જ છે. અગ્નિકુંડને જ ચિતિશક્તિ એમ કહેવાયું છે.

**'अग्निकुंड'** - જ્ઞાનાગ્નિની સાધારણ વેદી બાબતે ભગવત્ગીતાના અધ્યાય ૪ નો શ્લોક ૩૭ માં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે -

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरूतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरूते तथा ॥

અર્થાત્ હે અર્જુન! **જેવી રીતે સમગ્ર રીતે પ્રજ્વલિત થયેલો અગ્નિ કાષ્ટ-સમુદાય (ઝાંડી-ઝાંખરાં વિગેરે બધું)ને ભસ્મીભૂત કરી દે છે, તે પ્રમાણે જ્ઞાનરૂપી અગ્નિ પ્રારબ્ધ કર્મો ઉપરાંત સમગ્ર કર્મસમુદાયને પણ ભસ્મીભૂત કરી દે છે.**

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે **આત્મજ્ઞાનરૂપી અગ્નિ પ્રારબ્ધ કર્મો ઉપરાંત બાકીના બધા કર્મોને ભસ્મ પણ કરી દે છે.** દેવીમાતાનો પ્રાદુર્ભાવ યજ્ઞાગ્નિથી થયો છે તેવું રેણુકાપુરાણમાં કથન છે. કેવળ આ યજ્ઞાગ્નિ જ બ્રહ્માંડનો આધાર છે તેના સિવાય અન્ય કોઈ શક્તિ નથી. આ ચિતિરૂપા મહાસત્તા જ સર્વેશ્વરી ભગવતી ત્રિપુરામાતા છે. જેનામાં આ અનેક કોટિ બ્રહ્માંડ વ્યાપી રહીને તેનામાં દશ્યમાન થતા રહેલા છે. બ્રહ્માંડપુરાણમાં એક કથા એવી છે કે, ભંડાસુર દૈત્યે ઈન્દ્રને અને દેવોને ખૂબ સતાવ્યા ત્યારે તેના ત્રાસના નિવારણ માટે દેવોએ એક મોટા યજ્ઞકુંડનું આયોજન કર્યું. તેના અગ્નિમાંથી જ્યોતિ પ્રગટ થઈ, તે ખૂબ ઉજ્જવળ અને નિર્મળ તથા કરોડો સૂર્યની કાંતિવાળી હોવાની સાથે શીતળતાવાળી હતી જે કરોડો ચંદ્રની કાંતિથી પણ અધિક હતી. આ જ્યોતિપૂંજની મધ્યમાં શ્રીચક્ર હતું, જેની છટાનું વર્ણન થઈ શકે તેમ નથી. આ શ્રીચક્રના કેન્દ્રબિંદુમાં દેવીમાતા અભિવ્યક્ત થયા ! આવિર્ભાવને પામ્યા. જગતજનની માતના દર્શન ઈન્દ્રાદિ દેવોએ કર્યા અને દુર્ગાશપ્તશતીના અધ્યાય ૨/૧૧ માં ઉલ્લેખ કરેલ છે તેમ -

'ततः समस्तदेवानां तेजोराशिसमुभ्दवाम् ।
तां विलोक्य मुदं प्रापुरमरा महिषार्दिताः ॥

અર્થાત્ **સમસ્ત દેવોના તેજથી આ કલ્યાણમયી દેવીમાતાનો પ્રાદુર્ભાવ થયો.**

(૫) **देवकार्यसमुचता** - દેવતાગણના ઉદ્દેશ્યને પૂરા કરવા માટે સદૈવ તત્પર દેવીમાતાની અભિવ્યક્તિ એ ભંડાસુર તથા મહિષાસુર આદિના સંહાર માટે હતી. માર્કંડેયપુરાણમાં ઉલ્લેખ છે કે - **'જો કે દેવીમાતા અનાદિ છે, તેમ છતાં પણ દેવતાઓના કાર્ય સંપન્ન કરવા માટે વારેવારે અવતાર ધારણ કરે છે.** દુર્ગાશપ્તશતીના અધ્યાય ૧૧ના ૫૪/૫૫ મંત્રમાં **દેવીમાતા સ્વયં કહે છે કે,-**

"इत्थं यदा यदा बाधा दानवोत्था भविष्यति ।
तदा तदावतीर्याहं करिष्याम्यरिसङ्क्षयम् ॥

અર્થાત્ **"જ્યારે જ્યારે સંસારમાં દાનવો વિઘ્નો ઉપસ્થિત કરશે ત્યારે ત્યારે અવતાર લઈને હું શત્રુઓનો સંહાર કરીશ."**

કૂર્મપુરાણ પ્રમાણે દેવીમાતાએ હિમવાનને સંબોધતાં કહ્યું, 'દેવતાઓનો આર્તનાદ (પોકાર) સાંભળીને તથા કાર્યની મહત્તાને ધ્યાનમાં લઈને મારા પિતા (દક્ષ પ્રજાપતિ) કે જેમણે મહેશ્વરનું અપમાન કર્યું હતું, તેના અધર્મના નાશ માટે અને ધર્મની સ્થાપના માટે તથા તમારી ભક્તિથી દયાથી આર્દ્ર બનેલ મેં મેનાવતીના ગર્ભથી જન્મ લીધો અને તમને (હિમાલયને) પિતા બનાવ્યા.' આ પ્રમાણે દેવીમાતાના વાસ્તવિક પ્રકાશ સ્વરૂપ અને આકાર (દેહ ધારણ) સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

યોગવાષિષ્ઠમાં ભગવાન (રામ) કહે છે, 'મારા બે આકાર છે - એક સાધારણ તથા બીજો દિવ્ય. સાધારણ આકારમાં હાથ-પગ આદિ દૈહિક ભૌતિક સ્વરૂપ છે

જેની મૂઢ લોકો પૂજા કરે છે. મારું દિવ્ય સ્વરૂપ અનાદિ છે. જેનો કોઈ આદિ (આરંભ) કે અંત નથી. તેમાં કોઈ વિગ્રહ (સ્વરૂપ) નથી જેને બ્રહ્મ, આત્મન્, પરમાત્મન્ આદિરૂપે લોકો જાણે (ભજે) છે.

શ્રી રામકૃષ્ણમઠ, ચેનૈઈ દ્વારા સ્વામી તપસ્યાનંદજીની અંગ્રેજી ટીકાવાળા શ્રી લલિતા સહસ્રનામ પુસ્તકમાં પ્રથમ મંત્રમાં આવતા નમોન્તક શ્રીમાતાના પાંચ નામ નીચે મુજબ સંક્ષેપમાં સમજાવ્યા છે -

1. **श्रीमात्रे नमः** - Salutation to the Divine Mother, who is the Mother of all.

2. **श्री महाराज्ञै नमः** - Salutation to the great Empress of the whole Universe.

3. **श्रीमत्सिंहासनेश्वर्यै नमः** - Salutation to the great sovereign enthroned on the lion's back.

4. **चिदग्नि-कुण्ड-सम्भुतायै नमः** - Salutation to Her who came out of the fire of Pure Consciousness.

5. **देवकार्य-समुद्यतायै नमः** - Salutation to her who ever promotes the cause of Divine forces.

પૂજ્ય ભાઈ તેમના દર્શનમાં પ્રેરણા દ્વારા શ્રીમાતાની અભિવ્યક્તિ નિરૂપતાં કહે છે, ***'માનવ ધરતીનો નિત્યનિવાસી નથી; ઊર્ધ્વનો પણ પ્રવાસી છે. જગતની ઉપલક ઓળખ અને ક્ષુલ્લક સુખ એનું જીવનસર્વસ્વ નથી. એની ચેતનાની દીપશિખા વ્યોમને સ્પર્શવા ઉત્સુક છે; દેવત્વની ઉપલબ્ધિ એની નિયતિ છે. પૂર્ણપ્રકાશથી આલોકિત વ્યક્તિત્વ બહુ-આયામી ઈન્દ્રધનુ બને છે; એનું ક્રાન્તદર્શન એ જ વૃન્દગાન !***

(- ક્રમશઃ)

★ ★ ★

# સંયમની પાળથી..

**....✍ સ્વ.શ્રી બાબુભાઈ જે. બારોટ**
**પ્રસ્તુતિ : શ્રી ભરતભાઈ બી.બારોટ**

યુવતી અવસ્થાએ પ્રેમનાં અંકૂરો પ્રગટે એ સ્વાભાવિક છે. પણ પ્રેમ એ વ્યક્તિગત છે જ્યારે લગ્ન એ કૌટુંબિક અને સામાજિક છે.

વ્યક્તિવલણો અને કુટુંબનાં વલણોમાં તફાવત પડતાં જીવનની શરૂઆતથી જ સમસ્યાઓ ઊભી થઈ જાય છે અને કોઈ કોઈ પ્રસંગમાં તો જીવનમાં ઝેર પ્રસરી જાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. માટે આ વિષમ પરિસ્થિતિમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે અને તે યુવાવસ્થાએ ફૂટતી પ્રેમની અને સ્નેહની લાગણીઓને સંયમની લગામથી વશ રાખવું ખૂબ જ હિતાવહ છે.

**જીવનમાં સાવધાનીથી, સંયમથી જીવવાનો દૃઢ સંકલ્પ કરીએ તો કંઈ પણ અશક્ય નથી.** લગ્ન પહેલાં જીવનની શુચિ, શુદ્ધતા જાળવવાથી પવિત્ર રહીને પછી લગ્ન જીવનમાં જોડાવાથી શુદ્ધ સંકલ્પો અને લગ્ન જીવનમાં લેવાતી પ્રતિજ્ઞાઓનું પાલન થઈ શકે છે અને **મંગલમય ધન્યો ગૃહસ્થાશ્રમ** જીવન બનાવી શકાય.

પતિ-પત્નીના પવિત્ર જીવન માટે લગ્ન પહેલાં સંયમી જીવન જીવવું એ ઘણું જ હિતાવહ છે. લાંબા ગાળે સચ્ચાઈનો જ વિજય થાય છે. આ જગતમાં સચ્ચાઈ જેવી ટકાઉ બાબત બીજી કોઈ નથી. જીવનના નાના નાના વ્યવહારોમાં જળવાતી સચ્ચાઈ પણ માણસને મૂઠી ઊંચેરો બનાવે છે, તેથી એનો પ્રભાવ પડે છે. સચ્ચાઈ જેમ વધારે તેમ પ્રભાવ વધારે - **ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે એવી શ્રધ્ધાને કારણે ચિંતામુક્ત અને તાણમુક્ત રહેવાય છે. ઉદાત્ત જીવનથી ઉદાત્ત મૃત્યુ મળે છે.** ભ્રષ્ટ વિચારોથી વેગળા રહીએ. લંગોટના પક્કા રહીએ. પોતાને જડેલા કે લાધેલા સત્યને અજવાળે જીવી જવું એ જ કર્તવ્ય છે. આપણે એવા સત્યને અજવાળે જીવી જઈએ.

શ્રીમદ્ રામચંદ્ર કહે છે કે **એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો હોય તે કરે છે.**

★ ★ ★

# માનવતા મહેંકી ઊઠી

....✍ શ્રી ભગવત સુથાર...

એ ધોરણ દસના વર્ગ-શિક્ષક હતા. એમના વર્ગમાં અનેક મધ્યમ વર્ગના ગરીબ વિદ્યાર્થીઓ હતા. ગરીબીનો અજગરના જેવો આકરો ભરડો વર્ગમાંના ૪૫ વિદ્યાર્થીઓ પૈકી પાંચેક પર સવિશેષ હતો. તેમનાં કપડાં અત્યંત ગંદાં, ફાટેલાં, થીગડાંવાળા રહેતાં. રોટલી કે ભાખરીમાં તેલ નાખવા ન મળે તો પછી માથાના વાળમાં તો ક્યાંથી જ હોય! અભ્યાસ માટે પૂરતા, જરૂરી પાઠ્ય-પુસ્તકો પણ તેમની પાસે નહોતાં...છતાંયે અભ્યાસમાં તેજસ્વિતા તો તેમની...ચારેક વિદ્યાર્થી ખૂબ જ હોંશિયાર જ્યારે એકાદ વિદ્યાર્થી સહેજ ઢીલો.

એકાદ માસ સુધી એમણે આ પરિસ્થિતિ બરદાસ્ત કરી પણ અંતે આ પાંચ પવિત્ર વિદ્યાર્થી માટે કંઈક કરવું ઘટે એમ નક્કી કરી એક યોજના વિચારી. આ વિદ્યાર્થીઓને પ્રથમ તો પાઠ્યપુસ્તકો મળવાં જોઈએ. તેથી ગઈ સાલના દસમાના વિદ્યાર્થીઓનો સંપર્ક સાધ્યો. તેમને સમજાવીને પડી રહેલાં જૂનાં પુસ્તકો બને તેટલાં મેળવ્યાં. ખૂટતાં પુસ્તકો માટેની જે કિંમત થતી હતી...તેના માટેનો વિચાર વર્ગમાં મૂક્યો : "આપણા વર્ગમાં પિસ્તાલીસ વિદ્યાર્થી છે. પાંચ વિદ્યાર્થી પુસ્તકો, નોટો વિના ગમે તેમ ભણે તે કેમ ચાલે ? તેઓ આપણા ભાઈ જ છે! આવો અન્યાય કેમ સહન કરી શકાય ? આપણે તેમના માટે થોડોક ત્યાગ ન કરી શકીએ ?"

"સાહેબ, તમે જે ત્યાગ સૂચવશો તે અમે જરૂરથી સ્વીકારીશું."

"હું પ્રથમ તો મારા પાંચ રૂપિયા મદદ માટે મૂકું છું...ને તમારે બધાએ દરરોજ તમે જે નાસ્તા માટે બે આના લાવો છો, તે પ્રમાણે બે દિવસનો નાસ્તો જતો કરીને ફાળામાં ચાર આના આપવાના છે. જેથી પંદર રૂપિયા થતાં આપણે તેમને ખૂટતાં જૂનાં પુસ્તકો લાવી આપીશું..."

બધાં જ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાનો ફાળો સહર્ષ આપ્યો. એટલું જ નહીં પણ કેટલાક પૈસાદાર વિદ્યાર્થીઓએ તો પાંચ પાંચ રૂપિયા પણ આપ્યા. આથી એમની પાસે માત્ર પંદર જ નહીં ચાલીસ રૂપિયા એકઠા થયા. પરિણામે એમના વર્ગના તો નહીં પણ બીજા દસમાના વર્ગના ગરીબ વિદ્યાર્થીઓને પણ પુસ્તકો મળી શક્યાં અને બિચારા નોટોમાં આખું પુસ્તક ઉતારતા હતા તેવી ખોટી મજૂરીમાંથી બચી ગયા...આનો પડઘો આખીયે શાળામાં પડ્યો. બીજા વર્ગમાં પણ ગરીબ વિદ્યાર્થીઓ માટે આ રીતે વિચારાયું અને શાળામાં એક પણ વિદ્યાર્થી પાઠ્ય-પુસ્તક વિનાનો રહ્યો નહીં.

હવે રહ્યો પ્રશ્ન કપડાંનો.

શાળાના આચાર્ય મસ્ત અને ધૂની હતા. તેમને એકાએક ચાનક ઊપડી કે શાળામાં ગણવેશ ફરજિયાત પહેરવો જ પડશે. આમ તો ગણવેશ હતો જ પણ આવા ગરીબ વિદ્યાર્થીઓ માટે અરજ કરીને મુક્તિ મેળવી હતી. પણ આ તો આચાર્યનો હુકમ. તેનો અનાદર કેમ થાય ? પેલા વિદ્યાર્થીઓ મોટી મૂંઝવણના સાગરમાં ડૂબી ગયા. તેમના ચહેરા પર વિષાદનું વાદળ ઘેરાયું. શું થાય ? આચાર્યને કાકલૂદી કરી આવ્યા...જવાબ હતો : "ગણવેશ ન હોય તો શાળા છોડી દો..." તેમની આંખમાં આંસુ મહાતાં નહોતાં. વિરામ પછી પેલા માનવતાવાદી શિક્ષકનો પિરીયડ હતો. વિદ્યાર્થીઓની આંખનાં આંસુ એમને વિચલિત કરી ગયાં. એમની પાસે ચાર ધોળાં ખમીસ હતાં. ઈશુનું પેલું વાક્ય એમને સાંભરી આવ્યું :-

"તારી પાસે બે લૂગડાં હોય તો એકબીજાને આપી દે.." ને વર્ગમાં તરત જ તેની જાહેરાત દર્દભર્યા અવાજે કરી..."

"મિત્રો આપણા પર ભારે સંકટ છે. પ્રભુ આપણી કસોટી કરે છે. માત્ર બેચાર લૂગડાં ખાતર આવા તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહે તે કેમ પાલવે ? ગરીબી સામે લડવાનું એક માત્ર સાધન છે વિદ્યાપ્રાપ્તિ. યથાશક્તિ આપણે તેમને મદદ કરીએ. આપણો એક ભાઈ વધારે હોત તો બે ખમીસ આપણે વધારે સીવડાવત કે નહીં ? હું મારાં ચાર ખમીસમાંથી બે આપું છું...એક ભાઈનો પ્રશ્ન પતે છે પણ ચારનું શું ? માટે બીજાં આઠ ખમીસ જોઈએ. જેની પાસે ધોળાં ખમીસ વધારે હોય તે માત્ર એક એક આપે. જે ખમીસ ન આપી શકે તે આઠ દિવસનો નાસ્તો જતો કરીને બચેલો રૂપિયો મને આપી દે".

દીવાથી દીવો ક્યારે નથી પ્રગટ્યો ? જોતજોતામાં આઠને બદલે બાર ખમીસનું વચન મળી ગયું. ને રૂપિયા પચાસ ભેગા થઈ ગયાં. તેમાંથી ચડ્ડીનું કાપડ ખરીદીને તેમની ચડ્ડીઓ પણ સીવાઈ ગઈ. ચાર દિવસમાં તો વર્ગમાં ગણવેશ વગરનું કોઈ ન રહ્યું.

આ ભાવનાનો દીપક બીજા વર્ગોમાં પણ પ્રકાશ્યો. તે વર્ગોનાં બાળકોએ પણ પોતાના ગરીબ મિત્રો માટે દીલ ખોલીને ઉદારતાનો ભંડાર ખોલી નાખ્યો. આખીયે શાળા ગણવેશથી દીપી ઊઠી. એક ઉત્તમ વિચાર, એક ઉમદા કાર્ય અનેકનાં જીવનને મઘમઘતાં કરી મૂકે છે. નાનકડો ત્યાગભાવનાનો વિચાર ન સ્ફૂર્યો હોત તો આવાં તેજસ્વી અનેક બાળકોનાં જીવન ધૂળમાં રગદોળાઈ જાત!

★★★

## ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન

....✍ **સુ.શ્રી કીરણબેન એન. શાહ**

જીવનમાં દુઃખો તો આવે ને જાય પણ તેનાથી હતાશ થવાની જરૂર નથી. સમાજની સાથે સંકળાયેલી દરેક વ્યક્તિને કંઈક ને કંઈક આવી ઉપાધિઓ તો આવવાની જ. કોઈ કહેશે તમે કૂવો કર્યો છે અને કોઈ કહેશે તમે ખાડો કર્યો છે, કોઈક કહેશે આનાથી લોકો પાણી પીશે અને કોઈક કહેશે આમાં જ લોકો ડૂબી મરશે. શું કરશો? કહેવા દો. તમે તમારે માર્ગે ચાલો. જે લોકો બોલે છે તેના પર પણ આપત્તિઓ તો આવવાની જ. આપત્તિઓની વચ્ચે જ જીવવાનું છે.

આપત્તિના બાણ તો વાગવાનાં જ. તેનાથી ગભરાવાની કોઈ જરૂર નથી. વીર શહીદની જેમ સામે પગલે ચાલી તેને સહન કરો. ઘણીવાર જ્ઞાતિ તરફથી પણ આક્રમણ થાય છે, જ્ઞાતિવાળાં પણ હેરાન કરતા હોય છે. જ્ઞાતિજનો તરફથી જે આક્રમણ થાય તેને પણ સહન કરવું જોઈએ.

એક બ્રાહ્મણ હતો તે ખૂબ જ વિદ્વાન હતો તેણે ગુરુ પાસે જઈ મંત્ર લીધો ને પછી તે તો ભગવાનની સેવા પ્રેમથી કરવા લાગ્યો. એક દિવસ તેના આંગણે એક બ્રાહ્મણ આવ્યો. આ બ્રાહ્મણ બધાની હત્યા કરતો હતો. એક માણસની હત્યા કરીને તે બ્રાહ્મણના આંગણે આવ્યો હતો. હત્યારો બ્રાહ્મણ બોલ્યો, "રાધાકૃષ્ણ! સીતારામ!" પંડિત બ્રાહ્મણને થયું કે, "મારે ત્યાં આ અતિથિ તરીકે આવ્યો છે. મારે ભિક્ષા આપવી જ જોઈએ. બ્રાહ્મણને તેમણે બેસાડ્યો. તેને પ્રસાદ લેવડાવ્યો. તેમના ઘરની આગળ પાછળ તેમની જ્ઞાતિવાળા રહેતા હતા. તેઓ કહેવા લાગ્યાં, "જુઓ, પોતાની જાતને મોટો વિદ્વાન પંડિત કહેવડાવે છે. મોટો પંડિત થયો છે. પણ એટલી યે ખબર નથી કે કોને ખવડાવવું અને કોને ન ખવડાવવું ? તેનું યે તેને ભાન નથી. આ હત્યારો તેના આંગણે આવ્યો તો તેને પ્રસાદ લેવડાવ્યો. હત્યારાને વળી ભોજન અપાય જ કેમ?"

જ્ઞાતિવાળા બધા ભેગા મળીને આ બ્રાહ્મણ પંડિતને

ઘેર આવ્યા. ને કહ્યું, "મહારાજ ! જ્ઞાન તો તમે બહુ મેળવ્યું છે, તો જ્ઞાનનો ઉપયોગ તો કરો". કોને ખવડાવાય અને કોને ન ખવડાવાય તેનો તો વિચાર કરો. હત્યારાને વળી ભોજન અપાય! આજથી અમારો તમારી સાથેનો વ્યવહાર બંધ. જ્ઞાતિવાળાઓએ બધાએ ભેગા મળીને પંડિતને સમાજની બહાર મૂક્યા. જ્ઞાતિજનોએ કહ્યું કે, "જો તારે જ્ઞાતિમાં આવવું હોય તો એક શરત છે. શ્રીનગરના મહાદેવના નંદીશ્વર છે તે જો તમારું આપેલું ભોજન કરે તો અમે તમને ફરીથી જ્ઞાતિમાં લઈએ". બધા ભેગા થઈ શ્રીનગર ગયા. નંદીશ્વરની આગળ ભોજન પીરસ્યાં. નંદીશ્વરે ભોજન લીધું. આ જોઈ જ્ઞાતિવાળા દંગ રહી ગયા. શરમાઈ ગયા: તેમની શરત મુજબ તેઓને વિદ્વાન પંડિતને જ્ઞાતિમાં લેવા પડ્યા.

પ્રભુએ વિદ્વાન પંડિતની કસોટી તો કરી પણ તેણે ધૈર્ય દાખવ્યું. જ્ઞાતિવાળાએ તેને જ્ઞાતિમાંથી બહાર કાઢી મૂક્યો પણ તે તેનાથી હિંમત ન હાર્યો. જ્ઞાતિવાળાનું આક્રમણ સહન કર્યું. તો પ્રભુએ તેને ઉગારી લીધો.

આમ પ્રભુ કષ્ટ આપે પણ ધીરજ હોય તો કસોટીમાંથી પણ ભક્ત પાર ઉતરે છે. **સંસારમાં રહીએ છીએ તેથી ઉપાધિઓ તો આવવાની જ છે. ઉપાધિઓની વચમાં રહીને પણ જીવન જીવવાનું છે.**

ભૂલો તો જીવનમાં થવાની જ છે. પણ ભૂલ કરો ત્યારે ભૂલોનો પશ્ચાતાપ કરો. ભૂલનો એકરાર કરો તો પ્રભુ તેનો ઉધ્ધાર કરે છે. જેસલે કેટલા બધા પાપ કર્યા હતા. માથાના વાળ જેટલા પાપ કર્યા હતા. પણ તેની પત્ની તોરલ પાસે તેણે કરેલી ભૂલોનો એકરાર કર્યો. ભૂલોનો પશ્ચાતાપ કર્યો. તો પ્રભુએ તેને માફી આપી. તેની હોડી દરિયામાં ડૂબતી હતી. પણ ભૂલોનો પશ્ચાતાપ કરવાથી પ્રભુએ તેની હોડી ડૂબતી બચાવી.

ભગવાન દીનાનાથ છે, દયાસાગર છે, જરૂર દયા ભક્ત પર કરશે જ. ભક્તની પરીક્ષા તો થશે જ પણ ભક્ત તે કસોટીમાંથી પસાર થશે તો તેને માટે તે દુઃખ નહીં રહે. દુઃખથી તે પર થઈ જશે. **સુખની ક્ષણ આવી ગઈ તો પ્રભુકૃપાથી તેનો સ્વીકાર કરી લો અને દુઃખની ક્ષણ આવી તો તેનો પણ સ્વીકાર કરી લો.**

★ ★ ★

# પરામ્બા વિલાસ

લેખાંક : ૫

**મૂળલેખક : શ્રી ચૂનીભાઈ ભટ્ટ**
**પ્રસ્તુતિ : શ્રી આત્મારામ ભારદ્વાજ**

(પરમ આદરણિય લેખક મહોદયશ્રી ચૂનીભાઈ ભટ્ટ દ્વારા પ્રકાશિત **"પરામ્બા વિલાસ"** નામના ગ્રંથમાંથી શ્રીવિદ્યા ઉપાસકોના લાભાર્થે સાભાર પ્રસ્તુત કરેલ છે.)

**ત્રિખંડા-ત્રિકૂટા વિદ્યા :**

શ્રીવિદ્યા મુખ્યત્વે ત્રણ ખંડમાં વહેંચાયેલી છે. તેમાં અક્ષરોની સંખ્યા ઓછામાં ઓછી ત્રણની હોય છે. વધારેમાં વધારે સામાન્ય પ્રચલિત વિદ્યામાં પંદર કે સોળ અક્ષરો હોય છે; પરંતુ તે દરેક વિદ્યામાં ત્રણ ભાગ હોય છે. તે પ્રત્યેકને ખંડ અથવા કૂટ કહે છે. એટલે તેને ત્રિખંડા વિદ્યા કે ત્રિકૂટા વિદ્યા પણ કહે છે.

બાલા મંત્રમાં એ ખંડ માત્ર એક બીજાક્ષરનો હોય છે. બીજા મંત્રોમાં તે ખંડ વધારે અક્ષરોના હોય છે. એ માટે દુર્વાસા કહે છે કે -

इथ्थं त्रीण्यपि मूल वाग्भव महा श्री कामराजकूट स्फूट ।
शक्त्याख्यानि चतुः श्रुति प्रगटति त्युत्कृष्ट स्फूटानिते ॥
भूतर्तु श्रुति संख्य वर्ण विदिता....॥

ऐं क्लीं सौः **એ ત્રણ બીજ ત્રણ કૂટ સૂચક છે. તે ચાર વેદના સારરૂપે છે.** તે વિકસતાં પાંચ, છ અને ચાર એવા અક્ષરોની ત્રિકૂટા પંચદશી વિદ્યા બને છે. આ ત્રણ કૂટને નામ આપવામાં આવે છે. પહેલા ખંડને **વાગ્ભવ કૂટ** કહે છે. તેમાં પાંચ અક્ષરો હોય છે. બીજા ખંડને **કામકૂટ** કહે છે. તેમાં છ અક્ષરો હોય છે. ત્રીજા ખંડને **શક્તિકૂટ** કહે છે. તેમાં ચાર અક્ષરો હોય છે.

આ ત્રણ કૂટ, ખંડ કે કોઠામાં જવા કે ચઢવા માટે પગથિયાં જરૂરી બને છે, તેથી **શ્રીવિદ્યાના ઉપાસકો માટે ત્રણ પગથિયાંવાળી સીડી દ્વારા આ ત્રણ ખંડનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ગોઠવણી થઈ છે. તે પગથિયાંમાં ગણેશ,**

બટુક ભૈરવ, બાલા, કાદિહાદિ, ષોડશી ને પૂર્ણાભિષેક એ ક્રમિક પગથિયાં દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**સર્વસૌભાગ્ય વિદ્યા** : પંચદશીના પ્રત્યેક કૂટમાં બાલાવિદ્યાનો એક એક કૂટ મેળવીને સાધના કરતાં શ્રીવિદ્યા સર્વસૌભાગ્ય આપતી હોવાથી એ કૂટ મિશ્રણને સર્વસૌભાગ્ય વિદ્યા કહે છે, અને દક્ષિણામ્નાય ઉપાસનામાં એ પ્રથમ મંત્રની સાધના થાય છે. પરંપરા ભેદે તેમાં જુદો મંત્ર પણ બને છે. અને પંચદશીમાં પાંચ, છ અને ચાર અક્ષરોમાં બાલા બીજ ઉમેરાય છે.

**કાલીકુળ શ્રીકુળ** : સર્જન માટે યોનિ કલ્પવામાં આવે છે. તે રીતે વિચારતાં વિશ્વનો વિનાશ કરનારી કાલિકા શક્તિ સર્જનમાં યોનિ તરીકેનો ભાગ ભજવે છે. તેથી તે દશ મહાવિદ્યામાં પ્રથમા છે. (ષોડશી ત્રીજી અને કમલા દશમી) છે. માતારૂપે અને શક્તિ સ્વરૂપે એ આદ્યાશક્તિ છે; અને તેથી ઘણા ઉપાસકો દશ મહાવિદ્યાના પ્રારંભે સંક્ષિપ્ત આરાધના કરીને પછી શ્રીવિદ્યાનાં પગથિયાં ચડે છે. તેથી તેને જગત પ્રસૂતિની આદ્યાશક્તિ ગણાવાય છે. આ કાલિકાની દક્ષિણ દિશા છે. તેથી તે દક્ષિણકાલી ગણાય છે. દક્ષિણ દિશાને અવાચ્ય દિશા પણ કહે છે. કારણ કે તે યમદ્વારની દિશા છે. એટલા માટે તેના નામનો પણ ઉચ્ચાર કરતા નથી, પરંતુ આ કાલિકાદેવી તો દક્ષિણે જ રહે છે. સ્મશાન તેમનું પ્રિય સ્થાન છે કારણ કે સમાજનાં સાચાં દુઃખ તે સ્થાને વ્યક્ત થાય છે. શ્રીયંત્રમાં મધ્યભાગે તેનો વાસ છે. અને ઉચ્ચ આમ્નાય ઉત્તર આમ્નાયનાં કાલિકા અધિષ્ઠાત્રી દેવી છે. એ મહાજ્યોતિ રૂપે પ્રકાશીને જગતને સજા પણ કરે છે અને સર્જન પણ કરે છે. તેથી શ્રી ઉપાસનામાં બે મુખ્ય ભાગ છે. શ્રીકુળ અને કાળીકુળ. એ કાલી શક્તિએ વિશ્વરચનાને ગતિ આપી છે, એ રીતે જોતાં કાલી અને શ્રી બન્ને ઉપાસના ભેદે ભલે જુદાં હોય; પરંતુ અહીં તો સર્જક પ્રતિભા શક્તિરૂપે તો આપણે બન્નેને એક જ ગણી શકીએ.

**મહાલક્ષ્મી સરસ્વતી કાલી સ્વરૂપ :**

નિર્ગુણાવસ્થામાં પરાશક્તિ દક્ષિણકાલી તેજપુંજરૂપે હોય છે. તે તેજપુંજમાંથી અમુક શ્વેતબિંદુ ગતિશીલ થતાં રક્તસ્વરૂપ, જે તેમાં ગુપ્ત હતું તે પ્રગટ થાય છે. પ્રથમ શ્વેતમાંથી બીજું શ્વેત બિંદુ થતાં ગતિની ગરમીથી રક્તબિંદુ પ્રગટ્યું. તેથી નિર્ગુણાવસ્થામાં બ્રહ્મસ્વરૂપે તેજપુંજ અનામી સત્ય સ્વરૂપે હતું તે સ્વરૂપ નિર્ગુણ, નિરાકારમાંથી સગુણ અને સાકાર થતાં આપણને આપણી કલ્પના પ્રમાણે જે આકાર દેખાય તે પ્રમાણે સાધક પોતાના ઈષ્ટને સ્વીકારે છે. આપણી કલ્પના પ્રમાણેની તે કલ્પનાકૃતિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે કાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી કે ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી વગેરે કલ્પીએ છીએ.

**પંચપર્યંકોપાસના-મહાત્રિપુરસુંદરી વિદ્યા :**

મહાત્રિપુરસુંદરી સૃષ્ટિકર્તાહર્તા છે. બ્રહ્માદિ દેવો તેના દ્વારપાળ છે, તેમ છાંદોગ્ય ઉપનિષદ(૩-૩-૬)માં કહે છે.

સંસારનું સર્જન, પોષણ અને લય એ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર કરે છે તથા ઈશ્વર નિગ્રહકાર્ય કરે છે, તો સદાશિવ અનુગ્રહનું કાર્ય કરે છે. એ પાંચ મુખ્ય દેવને એથી જ ઉપનિષદ દ્વારપાળ કહે છે, તો અન્ય ઉપનિષદ એને આસન તરીકે વર્ણવે છે. એટલે તે દેવીને બેસવા માટેનું કામ કરે છે. પાલખીના ઉદાહરણથી વાત સમજીએ તો જેમ પાલખીએ બેસીને મહામાનવ બહાર જાય છે ત્યારે તેને ઊંચકનારા ચાર ભોઈઓ હોય છે ને ઉપર ગાદી હોય છે. આ પાંચ દેવોમાંથી સદાશિવ ગાદીનું કામ કરે છે ને બાકી ઈશ્વર, રુદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા એ ચાર દેવો ચાર પાયા ઉપાડનાર છે. એટલે કે પરદેવીની રચેલી સૃષ્ટિનો ભાર ઊંચકનારા આ દેવો છે. લલિતા સહસ્રનામમાં પણ ભગવાન હયગ્રીવ આવો ઉલ્લેખ કરે છે. પંચકૃત્ય પરાયણા. ઉપરોક્ત પાંચ કાર્યની વાત કરે છે. અને તે નામનો કાર્ય સાથેનો ઉલ્લેખ પણ ૨૬૪ થી ૨૭૪ નામોમાં ત્યાં થયો છે. તથા "પંચપ્રેત મંચાધિશાયી"

(૯૪૭) કહેલ છે. ત્યાં આ પંચદેવને પ્રેતાસન રૂપે કહેલ છે. પણ એ ત્રિપુરામ્બા દેવીના આસનની વાત છે. ઉપનિષદો એ વાત પર્યંક વિદ્યારૂપે આપે છે. જે શ્રીવિદ્યામાં વણી લેવામાં આવી છે. ★★★(આ લેખમાળામાં આગળ) અન્ય સ્થળે આ પર્યંકવિદ્યાની સમજણ આપીશું.

**રચનાર** : વેદમાં ગુપ્ત રીતે શ્રીવિદ્યા આપી છે. તે વાત આપણે કરી ગયા. એ વિદ્યા વેદરચનામાં પણ સ્થાન પામનાર ઋષિઓએ આત્મસાત્ કરી હતી. તેનાં બાર નામ (૧) શિવ, (૨) ઈન્દ્ર, (૩) મનુ, (૪) અગ્નિ, (૫) સૂર્ય (૬) ચંદ્ર, (૭) કામદેવ, (૮) કુબેર, (૯) સ્કંદ, (૧૦) દુર્વાસા, (૧૧) અગત્સ્ય અને (૧૨) લોપામુદ્રા. આપણે અગાઉ આપ્યા છે.

અગસ્ત્ય અને લોપામુદ્રાની વાત કરીએ, તે પહેલાં તેમને આ શ્રીવિદ્યા આપનાર હયગ્રીવ ભગવાનની વાત જાણવી પડે. કારણ કે (ઉપરના) બારેય શ્રીવિદ્યાના મુખ્ય પ્રચારકોમાંથી આ બેની વિદ્યા અતિશય પ્રચાર પામી છે.

**હયગ્રીવ** : આ હયગ્રીવ ભગવાન, ભગવાનના ચોવીસ અવતારોમાં એક અવતાર ગણાય છે. તેમણે વેદનો અતિ સંક્ષિપ્ત સાર એક એક વાક્યમાં આપ્યો હતો, અને તે રીતે વેદના સાર જેવી શ્રીવિદ્યા પણ આપી હતી.

★ ઋગ્વેદનો સાર ઐતરેય ઉપનિષદને આધારે તેમણે ''प्रज्ञानं ब्रह्म'' શબ્દોમાં આપ્યો હતો

★ યજુર્વેદનો સાર બૃહદારણ્યક ઉપનિષદોને આધારે તેમણે ''अहं ब्रह्मास्मि'' શબ્દોમાં આપ્યો હતો.

★ સામવેદનો સાર છાંદોગ્ય ઉપનિષદને આધારે તેમણે ''तत्वमसि'' શબ્દમાં આપ્યો હતો.

★ અથર્વવેદનો સાર માંડૂક્ય ઉપનિષદને આધારે તેમણે ''अयमात्मा ब्रह्म'' સ્વરૂપે આપ્યો હતો.

**અગસ્ત્ય** : હયગ્રીવ ભગવાને શ્રીવિદ્યા રૂપે લલિતા સહસ્રનામ પોતાના શિષ્ય અગસ્ત્યને આપી હતી. અગસ્ત્ય મહાન ઋષિ હતા, અને વિદર્ભની રાજકન્યા લોપામુદ્રાને તે પરણ્યા હતા. બંને આશ્રમજીવન જીવતાં હતાં. અગસ્ત્ય એ વિદ્યામાં પારંગત બનીને તેનો અંતરતમ આત્મા પકડીને પંચદશાક્ષરી વિદ્યાનો સાક્ષાત્કાર કર્યો હતો. અને મહાન શક્તિ પ્રાપ્ત કરી હતી. તેમણે પ્રચલિત કરેલો પંચદશી મંત્ર આજે પણ પ્રખ્યાત મંત્ર તરીકે શક્તિ બતાવે છે. તેમણે એ વિદ્યા પોતાની પત્ની લોપામુદ્રાને આપી હતી.

**લોપામુદ્રા** : એ રાજકુમારી હતાં, છતાં સ્વેચ્છાએ અગસ્ત્ય ઋષિને પરણ્યાં હતાં. તેમણે ઘણાં વર્ષો ઉપાસના કરીને શ્રીવિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તેમાં અક્ષરબ્રહ્મનો થોડોક ફેરફાર કરીને તેની આરાધના કરી હતી. એ વિદ્યા લોપામુદ્રાવિદ્યા ગણાવા લાગી. પતિ પાસેથી મેળવેલી વિદ્યામાં પણ તેમણે પોતાની પ્રતિભાની છાંટ આપી હતી. તે પણ પંચદશી વિદ્યા જ છે. પ્રથમ કૂટમાં થોડા અક્ષરો તેમણે બદલ્યા છે.

એ બંને પતિ અને પત્ની ત્યાર પછી વિંધ્યાચળ અને નર્મદા પાર કરીને દક્ષિણ ભારતમાં ગયાં અને ત્યાં પોતાની જ્ઞાનશક્તિનો લાભ આપ્યો. તેમાં શ્રીવિદ્યા મુખ્ય હતી. આજે વિદેશી વાતાવરણમાં સમાજ ગૂંચવાયો છે. દક્ષિણ ભારતની સંસ્કૃતિ ભિન્ન હોવાના વાયરા ફેલાવે છે, ત્યારે ય તામિલનાડુની ભાષા અને સંસ્કૃતિના સ્થાપક અગસ્ત્ય હતા, તેમ આજ સુધી ત્યાં સ્વીકારાયું છે. એ રીતે દક્ષિણ ભારતના વિકાસમાં અગસ્ત્ય અને લોપામુદ્રાનો ઘણો મોટો ફાળો છે. અને ભાષા અને સાહિત્ય સાથે પોતાની શ્રીવિદ્યા પણ આપે એમાં શંકાને સ્થાન નથી.

**શંકરાચાર્ય** : હાલના નજીકના ભૂતકાળમાં આ વિદ્યાનો વિસ્તાર કરવાનું માન આદ્ય શંકરાચાર્યને મળવું જોઈએ. શંકરાચાર્ય અદ્વૈતવાદી હતા. ક્રાંતિકારી હતા.

અને તે કઈ રીતે તંત્રોપાસનામાં માને તે ઘણાને પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. તે માટે અહીં બે વિદ્વાનોના મત આપ્યા પછી આપણે આગળ વાત કરીશું.

શ્રીબળદેવ ઉપાધ્યાય લખે છે કે "શંકરાચાર્યની ઉપાસના ધ્યાન ખેંચે તેવી છે. તેઓ તંત્રશાસ્ત્રના ભારે મર્મજ્ઞ વિદ્વાન પ્રતીત થાય છે, પરંતુ તેમણે તેમના આ તાંત્રિક રૂપને તેમનાં ભાષ્યોનાં પાનાં ઉપર અભિવ્યક્ત થવા દીધું નથી. એમાં એ રહસ્ય સમાયેલું છે કે ભાષ્યની રચના તો તેઓશ્રીએ સર્વસાધારણ ધર્મજિજ્ઞાસુઓ માટે કરી હતી. આથી ભાષ્યમાં જ્ઞાનની મહત્તાનું પ્રતિપાદન હતું. **ઉપાસના એ વ્યક્તિની અંતર્ગત વસ્તુ છે. અંતર્ગત બાબત છે. વળી તેવી આરાધના માટે યોગ્ય અધિકારી જોઈએ. અધિકારી મળે તોયે કોઈકને જ આ ઉપાસનાનું રહસ્ય જણાવી શકાય છે.** તેથી ઉપાસનાની બાબતને તેમણે ભાષ્યમાં આવવા દીધી નથી, પરંતુ તેમનું તાંત્રિક સ્વરૂપ 'સૌંદર્ય લહરી' તથા 'પ્રપંચ સાર' જેવી કૃતિઓમાં પર્યાપ્તમાત્રામાં જોવા મળે છે.

ભગવતી ત્રિપુરસુંદરીના તેઓ અનન્ય ઉપાસક હતા, અને તેમણે સ્થાપેલા ચારેય મઠોમાં શ્રીવિદ્યાનાં કુળની પૂજા-અર્ચનાનો વિધિ પ્રચલિત કરેલ છે. ★★★★★ શંકરાચાર્ય તાંત્રિક ઉપાસનામાં માનતા હતા. એટલું જ નહીં તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરીને શિષ્યોને પણ તેમાં દીક્ષિત કર્યા હતા. એથી શ્રીવિદ્યાના તેઓ યુગપ્રવર્તક હતા. ★★★★ શંકરાચાર્યનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૦૯માં થયો હતો એમ માની શકાય. એટલે શ્રીવિદ્યાના યુગપરિવર્તકની એ સાલ ગણીએ તો તેમણે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં શ્રીવિદ્યાનો પુનરુદ્ધાર કર્યો હતો.

તેમના ગુરુ ગોવિંદપાદાચાર્યે તેમને શ્રીવિદ્યાની દીક્ષા આપી હતી, અને તેમના પરમગુરુ શ્રી ગૌડપાદાચાર્યના પુસ્તક **"સુભગોદય"** માં શ્રીવિદ્યાનાં કેટલાંક રહસ્યો પ્રગટ પણ થયાં હતાં. આદ્ય શંકરાચાર્યે સુભગોદયના એ સૂત્રાત્મક કથનોને સૌંદર્યલહરીમાં વિસ્તૃતરૂપે રજૂ કરીને મહાન ઉપકાર કર્યો ને પરમતત્ત્વનું ગૂઢ જ્ઞાન સુંદર કવિતાકલા દ્વારા કલાત્મક રીતે રજૂ કરીને ભારતીય જ્ઞાનને સુંદરતમ અને સર્વોત્તમ શિખરે પહોંચાડ્યું છે.

આદ્ય શંકરાચાર્ય ઉપર પ્રભુકૃપા હતી ને તેથી દેવીકૃપા અને ગુરુકૃપાએ તેમણે શ્રીવિદ્યાનો સૌંદર્યલહરી ગ્રંથ લખ્યો તેમ સૂચવવા બે વાતો પણ મળે છે.

એક વાત એવી છે કે શંકરાચાર્ય કૈલાસ ગયા ત્યારે છેલ્લી સો પગથિયાંના ચઢાણમાં પ્રત્યેક પગથિયે એક એક શ્લોક હતો. શંકરાચાર્યની બુધ્ધિ અને સ્મૃતિ એટલાં તીવ્ર હતાં કે તેઓશ્રી શ્લોકો વાંચીને કંઠસ્થ કરતા ગયા, પરંતુ આગળ જતાં ચાળીસ પગથિયાં પૂરાં કર્યાં ત્યાં પાર્વતીજીની જાણમાં આ વાત આવતાં તેમણે પોતાની શક્તિથી બાકીના શ્લોકો અદૃશ્ય કરી દીધાં, એટલે સૌંદર્યલહરીના ૪૦ અને ૬૦ શ્લોકોમાં અંતર જોવા મળે છે.

એક બીજી વાત એવી મળે છે કે, શંકરાચાર્ય કાશ્મિરમાં હતા ત્યારે શિવારાધના કરી સો શ્લોકનો ગ્રંથ પ્રાપ્ત કર્યો. પણ તે બાબત નંદીના ખ્યાલમાં આવતાં નંદી દોડીને એ ગ્રંથનો કોળિયો કરીને ચાવી ગયા, પરંતુ ૪૦ શ્લોકનાં પાનાં શંકરાચાર્ય પાસે રહી ગયાં.★★★

શંકરાચાર્યના શિષ્ય મંડનમિશ્ર, તોટકાચાર્ય, પદ્મપાદાચાર્ય, હસ્તામલકાચાર્ય તેમજ **મંડનમિશ્રનાં પત્ની ભારતી પણ શ્રીવિદ્યામાં પ્રવેશ્યાં હતાં અને શંકરાચાર્યે પ્રથમ વખતે સ્ત્રીને પણ શ્રીવિદ્યાની દીક્ષા આપી હતી.**

**વિદ્યારણ્યસ્વામી** : શંકરાચાર્યની પરંપરામાં બધા શંકરાચાર્યો ને તેમના અન્ય શિષ્યો શ્રીવિદ્યાના ઉપાસકો હોય છે; કારણ કે તેમની નિત્ય પૂજામાં આ શ્રીપૂજા ને

શ્રીવિદ્યા વણાયેલાં હતાં. તે પરંપરામાં વિદ્યારણ્યસ્વામી ખૂબ પ્રખ્યાત હતા. તેમણે તંત્રશાસ્ત્રમાં અદ્‌ભુત પ્રદાન કર્યું. ને **"વિદ્યાર્ણવ તંત્ર"** નામનો શ્રીવિદ્યાનો સર્વાંગિણ ગ્રંથ લખ્યો હતો. (કાશ્મિરના રાજાએ તે ગ્રંથ સરકારી પ્રાચ્ય શાખા દ્વારા પ્રસિદ્ધ પણ કર્યો છે.)

**શંકરાચાર્યની અન્ય પરંપરા** : આપણે અગાઉ વાંચ્યું કે, **મોઢેરામાં મેળવેલ શ્રીવિદ્યા અગસ્ત્યે આત્મસાત્ કરી હતી.** ને તેનો પ્રચાર દક્ષિણમાં થયો, તેવો પ્રચાર વિવિધ વિદ્યાધામો દ્વારા ભારતનાં અન્ય વિદ્યાક્ષેત્રોમાં પણ થયો હતો. શંકરાચાર્યની શિષ્યપરંપરામાં અનેક સાધુઓ પણ હતા ને ગૃહસ્થીઓ પણ શિષ્યો હતા. ગુજરાતની વાત કરીએ તો **સૌરાષ્ટ્રમાં ગોરખ અને મત્સ્યેન્દ્રની સિદ્ધો તરીકે ગણના થાય છે.** તે બન્ને આસામ તરફના હતા. શ્રીવિદ્યાના પારંગત હતા. તેમના શિષ્યોને આ વિદ્યા વારસામાં ગુપ્તજ્ઞાન રૂપે મળતી હતી. ગુજરાતમાં ગોરખની ટૂંક પણ ગિરનારમાં છે. ગોરખમઢી નામનું ગામ પણ ગરાસરૂપે આજ સુધી તેમના જીવનનિર્વાહરૂપે હતું. એટલે ગોરખ, મત્સ્યેન્દ્ર દ્વારા **સોમનાથ અને દ્વારકા ક્ષેત્રોમાં આ વિદ્યા પ્રચલિત થઈ હતી.** નાગર બ્રાહ્મણો, નાથ સંપ્રદાયના સાધુઓ, કાનફટા અને દશનામી અમુક સાધુઓ મુખ્યત્વે તેના જ્ઞાતા હતા. કુંભમેળા જેવા મેળામાં મળે ત્યારે આવી જ્ઞાનદીક્ષા અને જ્ઞાનનું આદાનપ્રદાન પણ થતું રહેતું, તેથી આ વિદ્યા ટકી રહી હતી. ભારતની ચારેય દિશામાં ગુપ્તજ્ઞાનરૂપે ફેલાયેલી હતી.★★★★

**આ વિદ્યા ગુપ્ત હોવા છતાં હવે ખૂબ પ્રચલિત થતી જાય છે. આ રીતે ગુજરાતમાં જેનું મૂળ છે અને ભારતમાં જે વ્યાપ્ત છે, તે મૂલ્યવાન શ્રીવિદ્યાના રચનારા અને પ્રચાર કરનારાનો આપણે થોડોક પરિચય મેળવ્યો.** હવે પછી બીજા પ્રકરણમાં આપણે આગમ અને તંત્ર વિશે જાણીશું.

(- ક્રમશઃ)

★ ★ ★

## પસંદગી...

....✍ **શ્રી રતિલાલ મ. નાયક**

જો આપણે નિયંતામાં વિશ્વાસ મૂકતા હોઈએ અગર તો જે કાંઈ કરવાવાળો છે તે સર્વ શક્તિમાન પરમાત્મા જ છે જેની ઈચ્છા માત્રથી સંસાર ગતિમાન છે, પ્રકૃતિ વેગમાન છે જીવન શક્ય છે તો !!!

**મનુષ્યને મળેલું જીવન ઈશ્વરની કૃપા છે અને સંસારમાં તમારે કરવાનું દરેક કાર્ય એ ભગવદ્ કાર્ય છે.** બસ આટલી સમજ મનુષ્ય માટે પુરતી છે. આગળ વિચારવાની જરૂરત રહેતી નથી. મારૂ માનવું છે કે જીવનને આનંદ ખુશી, અને પ્રેમથી ભરી દેવાની એક માત્ર યુક્તિ આજ છે.

જેમ જીવાય તેમ હસતાં હસતાં જીવી લો. સમજો આજનું મારૂં કામ આટલું જ હતું. વળી આજ કરવાનું હતું જે મારા વડે થઈ ગયું પછી ભલે માન મળ્યું હોય તો પણ શું અને અપમાન મળ્યું હોય તો પણ શું ?

આ શરીર એને જ લાયક હતું જે થઈ ચૂક્યું. જેવી જરૂર હતી તેવો દિવસ પસાર થઈ ગયો. રાતપડી આપણું કામ પુરૂં દિન પુરો જીવન પુરૂં. નવી સવાર, નવું જીવન સવાર એટલે કે આવતીકાલ તમારા વશમાં નથી માટે જ ભવિષ્યનો વિચાર કરવો ગાંડપણ છે.

**સૂતા પહેલાં પરમાત્માને યાદ કરી તેને સોંપેલી આજની કામગીરી સમર્પણ કરી અહોભાવ માનવો કે તારી ઈચ્છા મુજબની કામગીરી મારા વડે પુરી થઈ આવતી કાલ એ તારે હાથ.**

*"મુદ્દતે લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ,*
*વહી હોતા હૈ જો મંજુરે ખુદા હોતા હૈ!"*

આપણી ફરજ પરમાત્માએ સોંપેલું કાર્ય ઈમાનદારીથી નેકીથી નિઃસ્વાર્થ પણે પૂર્ણ કરવું. જે ભગવાન માટે જ છે તેને ભગવદ્ કાર્ય સમજવું. આટલો વિચાર માત્ર, આટલી સમજ પણ આત્માને શાંતિ આનંદ અને પ્રેમ આપવાવાળી છે. જીવન આનંદ ઉલ્લાસથી ભરાઈ જાય છે. આપવાવાળો એકને બદલે બે આપવાનું વિચારે છે. અગર આપણે લાયક બનીએ તો!! માટે જ કહ્યું છે -

*"લાયક બનો અને ઈચ્છા કરો"*
*"મનુષ્ય યત્ન અને કૃપા ઈશ્વરની!"*

કેવું જીવવું છે તે પસંદગી તમારે કરવાની છે.

★ ★ ★

# તંત્રમાં ઉપચાર પદ્ધતિ

લેખાંક : ૧૩

લેખિકા : સુશ્રી ડૉ. પ્રજ્ઞા શાહ
અનુવાદ : શ્રી પુરુષોત્તમ જોષી

**માનસિક શુધ્ધિ - ન્યાસ :**

**તાંત્રિક સાધનાની પ્રક્રિયા સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની પ્રક્રિયા છે.** આ પ્રક્રિયા સૂક્ષ્મ હોવાથી શારીરિક શુદ્ધિ પછી માનસિક શુદ્ધિની વાત આવે છે. આ આંતરિક શુદ્ધિ ન્યાસ મારફતે કરી શકાય છે. આ શુદ્ધિ કેવી રીતે થાય છે ?

ન્યાસ શબ્દ ન્યસ્ એટલે કે મૂકવું ધાતુ કે ક્રિયાપદ ઉપરથી બનેલ છે. શ્રી કપાલિ શાસ્ત્રીઆરના કથનાનુસાર આપણે જોઈ શકીએ છીએ કે ભૂતશુદ્ધિ એટલે માત્ર ખરાબ તત્વો કે અશુદ્ધિઓને હઠાવવું એટલું પૂરતું નથી પરંતુ તેમની જગાએ સારા વિચારો અને દિવ્યતાને મૂકવાનાં હોય છે. પાપમય શરીરને ઓગાળી નાખ્યા બાદ કલ્પનાથી આધ્યાત્મિક શરીરની ઉત્પત્તિ કર્યા બાદ એ શરીરમાં પ્રાણપ્રતિષ્ઠા કે દેવતાની પ્રતિષ્ઠા કરવાની હોય છે. **દેવતાની પ્રતિષ્ઠાની પ્રક્રિયા ન્યાસથી શરૂ થાય છે. ભૂતશુદ્ધિની જેમ આ પ્રક્રિયા પણ માનસિક રીતે કરવાની છે.**

ન્યાસો વિવિધ પ્રકારના હોય છે, જેવા કે મંત્ર ન્યાસ, મહાશોઢાન્યાસ, કર ન્યાસ ઈત્યાદિ. આ અંગેની વિગતવાર વધુ માહિતી કુલાર્ણવ તંત્રમાં આપેલી છે. આંગળીના ટેરવાને શરીરના જુદા જુદા ભાગો પર મૂકીને ન્યાસ કરવામાં આવે છે. દાખલા તરીકે માતૃકા ન્યાસમાં વર્ણમાળાનાં અક્ષરો શરીરના જુદા જુદા અવયવો પર મૂકવામાં આવે છે. **ગુહ્ય વિજ્ઞાનમાં અક્ષરો શબ્દ બ્રહ્મના આવિષ્કાર ગણાય છે અને તેથી તેમને દેવતા માનવામાં આવે છે.** આ માતૃકાન્યાસના બહિર્માતૃકાન્યાસ અને આંતર્માતૃકાન્યાસ એવા બે વિભાગો પાડવામાં આવેલ છે. બહિર્માતૃકાન્યાસમાં ભૌતિક શરીરના અવયવો પર કલ્પનાથી અક્ષરો મૂકવામાં આવે છે જ્યારે આંતર્માતૃકાન્યાસમાં અક્ષરો ષટ્ચક્રો પર મૂકવામાં આવે છે. તાંત્રિક સાધના સાથે સંકળાયેલા સર્વ તાંત્રિક ગ્રંથોમાં એની વિગતો આપેલી હોય છે.

આ કર્મકાંડનું ગુપ્ત રહસ્ય શું છે? એનું રહસ્ય એ છે કે સાધકે પોતાનું મૂળ સત્ત્વ આધ્યાત્મિક છે તે સમજી લેવું જોઈએ અને મન તથા શરીર એ તો આત્માના માત્ર આવિષ્કારો જ છે કે સંભવનો જ છે. **બધું જ દેવી છે અને ચેતના સિવાય બીજું કંઈ જ નથી.** વ્યાપક ન્યાસ વડે કે વ્યાપક તાદાત્મ્ય વડે સાધક માનસિક રીતે ચેતનાને પોતાના સમગ્ર સ્વરૂપમાં પ્રસરાવે છે. તે પછી તે દેવ બને છે, અને આ રીતે દેવ બન્યા પછી જ તે દેવની ઉપાસના કરી શકે છે.

આ કર્મકાંડનું વૈજ્ઞાનિક મહત્ત્વ માણસ જેવા વિચાર કરે છે તેવો બની જાય છે તેવી આપણી માન્યતામાં રહેલ છે. **વિચાર આપણા બૌધ્ધિક તેમજ નૈતિક ચારિત્ર્યનું ઘડતર કરે છે.** સત્તા કે સ્વરૂપનું રૂપાંતર વિચારના રૂપાંતરથી સાધી શકાય છે. જો આપણે સતત દિવ્યતાના કે વિધેયાત્મક (હકારાત્મક) વિચારો કરતા રહીએ તો આપણા વ્યક્તિત્વનું રૂપાંતર સધાય છે. **આમ માનવ વ્યક્તિત્વનું દિવ્યતામાં રૂપાંતર સાધવા માટે તંત્ર બધા જ રૂપાંતરના મૂળભૂત પાયાને સ્પર્શે છે અને ચમત્કારિક પરિણામો હાંસલ કરે છે.** માનવનું પ્રાપંચિક માયાવી શરીર જે રોગગ્રસ્ત થઈ શકે છે તે મજબૂત અને સુદૃઢ બનીને સરળતાથી રોગગ્રસ્ત ન થઈ શકે તેવું બને છે. આ પ્રક્રિયા ઉપચાર પધ્ધતિમાં બહુમૂલ્ય ગણાય છે.

આ કર્મકાંડનું ઔપચારિક મૂલ્ય યોગનિદ્રા અથવા વિશ્રાંતિની અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઘણું વધારે છે. ન્યાસ બીજા અર્થમાં દુન્યવી બાબતોને સંપૂર્ણપણે ભૂલીને સાધક દિવ્ય વિચાર સાથે તાદાત્મ્ય સાધે છે તેવો થાય છે. આ જ સાચી વિશ્રાંતિ કે આરામ છે અને આધુનિક

વિશ્વના લોહીના દબાણ, હૃદયરોગ જેવા માનસિક તનાવથી ઉત્પન્ન થતા રોગો માટેનું શ્રેષ્ઠ ઔષધ છે. આથી ન્યાસને સંપૂર્ણ શારીરિક તેમજ માનસિક વિશ્રાંતિ કે આરામ સાથે આપણે સરખાવી શકીએ છીએ.

શારીરિક તેમજ માનસિક શુધ્ધિ પછી સાધક દિવ્ય શરીરમાં તંત્રમાં જેને પ્રાણપ્રતિષ્ઠા કહેવામાં આવે છે તે પ્રક્રિયા કરે છે. હવે આપણે પ્રાણ પ્રતિષ્ઠા અંગે વિચારીએ.

**(ઈ) પ્રાણપ્રતિષ્ઠા :**

પૌર્વાત્યસાધના પધ્ધતિને પ્રાણપ્રતિષ્ઠા એ તંત્રનું એક આગવું પ્રદાન છે. શરૂઆતમાં બાહ્ય પૂજામાં સાધક શિવ, વિષ્ણુ કે દેવીની મૂર્તિની પૂજા કરે છે. સાધનામાં થોડુંક આગળ વધતાં શિવ, બ્રહ્મા કે વિષ્ણુની મૂર્તિઓ કે ઉચ્ચતર સત્ય કે વાસ્તવિકતાને સ્થૂળ રૂપમાં રજૂ કરે છે. તેનાથી એક ડગલું આગળ વધીને યંત્ર મૂર્તિઓનું સ્થાન સ્થૂળને બદલે સૂક્ષ્મ રૂપમાં લે છે. **યંત્ર એક પતરા પર બીજમંત્રો કે અંકો અંકિત કરે છે જે સ્થૂળ તથા સૂક્ષ્મનું મિલન કે વ્યક્તિગત ચેતનાનું દિવ્ય ચેતના સાથેનું મિલન પ્રતિબિંબિત કરે છે અને મૂર્તિ પૂજાનું સ્થાન યંત્રપૂજન લે છે.**

તંત્ર માને છે કે માત્ર મૂર્તિ કે આકૃતિ અસરકારક હોતાં નથી. તેઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરવી એટલે કે પ્રાણ પૂરવો જરૂરી છે. આનો અર્થ એ નથી કે તેઓ જીવંત નથી. **તાંત્રિક સિધ્ધાંત પ્રમાણે મૃત વસ્તુ જેવું કંઈ છે જ નહિ.** અહીં એવું બને છે કે **સાધક એકાગ્ર ચિત્ત બનીને પોતાની પ્રાણિક શક્તિને યંત્રમાં પ્રતિષ્ઠિત કરે છે અને પછી તેનું પૂજન કરે છે. એથી અહીં વાસ્તવમાં સાધક પોતાની ચેતનાને જ પૂજે છે.**

બાહ્ય પૂજનની જેમ આ કર્મકાંડ કે પ્રક્રિયા આંતરિક પૂજનમાં પણ કરાય છે. શરીર તથા મનની શુધ્ધિ કર્યા પછી સાધક પોતાની પ્રાણિક શક્તિ તેના દિવ્ય શરીરમાં સ્થાપે છે.

પરંતુ આ કર્મકાંડનું મહત્ત્વ શું ? શાક્ત તંત્ર પ્રમાણે સમગ્ર વિશ્વ શક્તિનો આવિષ્કાર કે સંભવન છે. શક્તિ સર્વવ્યાપી છે પરંતુ સામાન્ય વ્યક્તિ આ હકીકત સમજી શકતી નથી. માટે પ્રારંભિક અવસ્થામાં વ્યક્તિએ એ કલ્પના કરવી જોઈએ કે પૂજાની મૂર્તિ જીવંત છે. પોતાના કરતાં નિમ્ન કોટીની વસ્તુની પૂજા કરવી જોઈએ નહિ. જેનું પૂજન કે આરાધના કરવામાં આવે છે તે પોતાના કરતાં શ્રેષ્ઠ વસ્તુ હોવી જોઈએ તથા પ્રકૃતિમાં તે ચેતન હોવી જોઈએ. એટલા માટે જ પૂજાની કે આરાધનાની મૂર્તિમાં પ્રાણ પૂરવો આવશ્યક છે. શ્રી આર્થર એવલોનના મત પ્રમાણે આ પ્રક્રિયા રોટલી પર માખણ પ્રસરાવવા જેવી પ્રક્રિયા નથી પરંતુ એમની માન્યતા મુજબ **આ કર્મકાંડ પાછળનું મહત્ત્વ સાધક કે આરાધકની ચેતનાને આરાધ્યની હાજરીને જીવંત કરીને તેનો સાક્ષાત્કાર કરવાનું છે.**

આ પ્રક્રિયા કેમ કરવી ? મંત્ર, જપ અને પુરશ્ચરણથી આ સાધના કરી શકાય છે. હવે આપણે એને અંગે થોડુંક વિચારીએ.

**(ફ) તંત્ર સાધનામાં મંત્રનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે. કોઈપણ તાંત્રિક સાધના મંત્ર વગર કરાતી નથી.**

મંત્ર શબ્દ મન્ એટલે કે ધ્યાન કરવું એ ધાતુ પરથી બનેલો છે. ન્યાસમાં આપણે વિચારશક્તિનું મહત્ત્વ જોયું. અને એથી જ સાચો ઉચ્ચાર તથા સાચી એકાગ્રતા પરિણામ આપી શકે છે.

મંત્ર સાધનામાં મંત્રોના ચાર વિભાગો પાડવામાં આવે છે. જેવા કે મિત્ર,સેવક,પાલક-પોષક તથા વિનાશક. દીક્ષા ગ્રહણ કરતી વખતે ગુરુ શિષ્યની પ્રકૃતિ અનુસાર યોગ્ય મંત્ર તેને આપે છે અને તે મંત્ર સતત જપવો જોઈએ. આને જપ કહેવામાં આવે છે.

**(ગ) જપ :**

જપ એટલે મંત્રનું રટણ. આ પ્રક્રિયાથી એકાગ્રતાની શક્તિ ઉદ્ભવે છે. કોઈપણ સુખાસનમાં બેસી કોઈક શાંત સ્થાનમાં સાધક જે મંત્રની એને દીક્ષા આપવામાં આવી હોય છે તેનો જપ કરે છે.

જપ ત્રણ પ્રકારના હોય છે. **(૧) વાચિક જપ :** આમાં મંત્ર સાંભળી શકાય તેમ બોલાય છે. **(૨) ઉપાંશુ**

**જપ :** આમાં માત્ર હોઠ હાલતા દેખાય છે પરંતુ કોઈપણ પ્રકારનો અવાજ થતો નથી. અને છેવટે (૩) **માનસિક જપ :** આ જપ સૌથી ઉત્તમ પ્રકારનો જપ છે. આમાં મંત્રનું રટણ એકાગ્ર ચિત્તથી મનમાં કરાય છે. અહીં એક વાતનું સ્મરણ રાખવું ખૂબ આવશ્યક છે કે માત્ર યાંત્રિક રટણથી કંઈપણ અસરકારક પરિણામ ઉપજાવી શકાતું નથી. **મંત્રનો જાપ શ્રદ્ધા, અભીપ્સા તથા ભક્તિભાવપૂર્વક થવો જોઈએ.**

ન્યાસ અને પ્રાણપ્રતિષ્ઠાનો ઉદ્દેશ્ય પોતાની જાતમાં દિવ્યતાને અનુભવવાનો છે. શ્રી અરવિંદના શબ્દોમાં આ મંત્રજાપથી કેમ સિધ્ધ થાય છે તે આપણે જોઈ લઈશું. "શબ્દ એ વિચારને વ્યક્ત કરતો ધ્વનિ છે. પારભૌતિક સ્તર પર જ્યારે કોઈ વિચારને સિધ્ધ કરવાનો હોય છે ત્યારે તેની શાબ્દિક અભિવ્યક્તિને વારંવાર રટવાથી સ્પંદનો ઉદ્ભવે છે જે મનને વિચારને સિધ્ધ કરવા માટે તૈયાર કરે છે. મંત્ર અને જપ પાછળ આ જ સિધ્ધાંત કામ કરે છે. પરમાત્માના નામનું રટણ કરવાથી ચેતનામાં ઉદ્ભવતા સ્પંદનો પરમાત્માના સાક્ષાત્કાર તરફ દોરી જાય છે."

**(હ) ભાવ (માનસિક વલણ) :**

તંત્ર સાધનામાં ભાવ કે માનસિક વલણ મુખ્ય ભાગ ભજવે છે. આપણે તંત્રના મૂળભૂત સિદ્ધાંતોમાં જોતા આવ્યા છીએ કે તંત્ર માનસપૂજા પર ભાર મૂકે છે. માનસશાસ્ત્રમાં સ્વીકારાયું છે કે આપણે જેવા વિચાર કરીએ છીએ તેવા બની જઈએ છીએ. **વિચારમાં વિચારકના વ્યક્તિત્વનું રૂપાંતર કરવાની શક્તિ સમાયેલી છે.** આનું કારણ એ છે કે વિચાર મન સાથે સીધું જ સંકળાયેલું છે અને મનને વ્યક્તિત્વનો ઘાટ ઘડનાર માનવામાં આવે છે. તાંત્રિક સાધના આ સિદ્ધાંત પર આધારિત છે. વિચારશક્તિના આ મહત્ત્વને લક્ષમાં રાખીને તંત્ર સાધનાના માનસિક પાસા પર ભાર મૂકે છે.

સાધનામાં માનસિક વલણ (ભાવ)ની અગત્યતા એટલી બધી દર્શાવેલ છે કે રુદ્રયામલ તંત્ર જણાવે છે કે દેવતાનો વાસ માટી કે પત્થરમાં નહિ પરંતુ માનસિક વલણ કે ભાવમાં છે.

સાધનાનો હેતુ આરાધ્ય અને આરાધકના દ્વૈતને સ્વીકારે છે. જ્યાં સુધી ભક્ત અને ભગવાન વચ્ચે તાદાત્મ્ય ન સધાય ત્યાં સુધી આ દ્વૈત ટકી રહે છે. તંત્ર દ્વૈતના પથ પરથી તાદાત્મ્યની યાત્રા સુધીનાં વિવિધ પગથિયાં વર્ણવે છે. સાધકના માનસિક વલણ (ભાવ) ને આ પગથિયાં અનુસરે છે.

તંત્રે ત્રણ પ્રકારના ભાવો વર્ણવ્યા છે જેમનાં નામ છે : પશુભાવ, વીરભાવ અને દિવ્યભાવ. આમને અનુક્રમે તામસિક, રાજસિક અને સાત્વિક ભાવ પણ કહેવામાં આવે છે. હવે આપણે આ અંગેની વિગતો જોઈએ.

**પશુભાવ :** જીવને પશુ કહેવામાં આવે છે. પશુ શબ્દ પશ્ ધાતુમાંથી ઉદ્ભવેલો છે. જેનો અર્થ બંધન થાય છે. જે વ્યક્તિ કામનાઓ અને વાસનાઓના પાશથી બંધાયેલી છે તે પશુ છે. જીવનના પ્રાથમિક તબક્કામાં વ્યક્તિ પશુ તરીકે ઓળખાય છે એનું કારણ એ છે કે એ તબક્કામાં તે કામનાઓ અને ઈન્દ્રિયોના અંકુશમાં રહેલો હોય છે.

આ ભાવમાં તમસ્ (નિષ્ક્રિયતા)ના તત્ત્વનું પ્રાધાન્ય હોય છે. **આળસ અને જડતા આ ભાવનાં લક્ષણો છે.** અજ્ઞાન કે જે એક પ્રકારનું બંધન કે પાશ છે તેને લઈને વ્યક્તિ સ્થૂળ કે બાહ્ય સ્તર પર જ વર્તન કરે છે. આનાથી ઉપરની ક્ષમતાના અભાવે વ્યક્તિ સાધનાની પ્રક્રિયાનાં સૂક્ષ્માર્થોમાં ડોકિયું કરી શકતી નથી.

કુલાર્ણવ તંત્રમાં આઠ પ્રકારનાં પાશો વર્ણવવામાં આવ્યા છે. આ ભાવો છે : દયા, મોહ, ભય, લજ્જા, ઘૃણા, કૂળ, શીલ અને વર્ણ. બીજા તંત્રોમાં સામાન્ય રીતે ત્રણ પ્રકારનાં પાશો વર્ણવવામાં આવે છે : જેવા કે મલ, કર્મ અને માયા. આ ત્રણમાં મલ (અશુધ્ધિ) સૌથી ઊંચું સ્થાન ધરાવે છે. આથી **પશુભાવને જીતવા માટે મલ કે અશુધ્ધિનું નિવારણ આવશ્યક છે. આને માટે દીક્ષા એ સર્વોત્તમ સાધન છે.**

**વીરભાવ :** આ તબક્કામાં (વીરભાવમાં) રજસ્

(ક્રિયાશીલતા) નું તત્ત્વ પ્રાધાન્ય ધરાવે છે. જેઓ સાચા આનંદને દુ:ખથી વિવેકપૂર્વક જુદો પાડી શકે છે અને જેઓ પોતાની ઈન્દ્રિયો, લોભ, મોહ, ક્રોધ ઈત્યાદિ પર અંકુશ રાખી શકે છે તેઓ વીરભાવના સામ્રાજ્યમાં સમાવાય છે.

**પંચ મકારની સાધના માત્ર વીર સાધકો જ કરી શકે છે કારણ કે તેમણે પોતાની ઈન્દ્રિયોને કાબૂમાં રાખેલી છે અને આવા સાધકનું પતન થવાની સંભાવના નથી હોતી.**

ઈન્દ્રિયો પર અંકુશ મેળવ્યા પછી સાધક દિવ્ય ભાવ નામના ત્રીજા ભાવમાં પ્રવેશે છે.

**દિવ્યભાવ :** વીરભાવમાં જેમ રજસ્‌નું પ્રાધાન્ય છે તેમ અત્રે દિવ્ય ભાવમાં સત્ત્વ ગુણનું પ્રાધાન્ય છે. મહાનિર્વાણ તંત્રે' જણાવ્યા પ્રમાણે આ સ્તરે સાધક દ્વન્દ્વાતીત એટલે કે દ્વન્દ્વોથી પર થઈ જાય છે, એટલે આરાધ્ય અને આરાધક વચ્ચે કોઈ પણ પ્રકારનું દ્વૈત રહેતું નથી.

આમ જે સાધક દ્વૈતથી પર થઈને આરાધ્ય દેવતા સાથે તાદાત્મ્ય કે અદ્વૈત સાધી લે છે તેને દિવ્ય ભાવધારક કહેવામાં આવે છે.

આ ત્રણ ભાવો સાધનાનાં પગથિયાં છે. સાધક જ્યારે પશુભાવમાંથી વીરભાવમાં તથા વીરભાવમાંથી દિવ્યભાવમાં ઊંચે ચઢે છે ત્યારે તેને વિજેતા માનવામાં આવે છે.

**ઉપસંહાર :** પરમાત્મા કે સત્યના સાક્ષાત્કારની જેમ કોઈ પણ સાધના પધ્ધતિનું લક્ષ્ય શારીરિક તેમજ માનસિક શક્તિઓને પ્રગટ કરવાનું છે. **અનંત શક્તિઓના ખજાનાને ખોલવાની ચાવી સાધના છે.** તંત્રે આ કાર્ય ખૂબ વિશિષ્ટ રીતે સાધ્યું હોવાથી શ્રી આર્થર આવલોન જણાવે છે કે **"વાસ્તવમાં લૌકિક તેમ જ ગુહ્ય હિંદુ ધર્મ તેના વ્યાવહારિક પાસામાં મહદ્ અંશે તાંત્રિક છે".**

તાંત્રિક સાધનામાં આપણે સળંગ જોતા આવ્યા છીએ કે ન્યાસ, ભૂતશુદ્ધિ વગેરે કર્મકાંડ કે પ્રક્રિયાઓ બીજું કંઈ નહિ પરંતુ માનસિક તેમ જ શારીરિક શક્તિઓ પર પ્રભુત્વ મેળવવાની તથા તેમને વિકસાવવાની તરકીબ કે કુશળતા છે. આને માટે તન-મનના સંકુલની વિશુદ્ધિ આવશ્યક છે જે મંત્ર, હઠયોગનાં આસનો અને પ્રાણાયામથી શક્ય બને છે જેમનો તાંત્રિક સાધનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

હઠયોગની પ્રક્રિયાઓથી શરીર રોગમુક્ત બને છે અને **મંત્ર સાધનાથી મન શાંત અને એકાગ્ર બને છે.** આથી નિરોગીતાનું પાસું સધાય છે. **વિધેયાત્મક (હકારાત્મક) વિચાર ધારાનું સાતત્ય કે જે માત્ર એકાગ્ર મનથી જ શક્ય બને છે તે કોઈ પણ રોગને મટાડી શકે છે.** હાલમાં જે વૈચારિક ઉપચાર પધ્ધતિ શોધાઈ છે તેનું હાર્દ પણ આ છે.

તંત્ર સાધનામાં ઈચ્છિત પરિણામ મેળવવા માટેની પ્રક્રિયા સંકલ્પથી આરંભાય છે. આ સંકલ્પ સાધકના મનને મજબૂત બનાવે છે અને બધી જ શક્તિના મૂળ જેવી સંકલ્પ શક્તિને વધારે છે.

**તાંત્રિક સાધનાનું પરિણામ ખૂબ જ ઝડપી, અસરકારક અને ટકાઉ હોય છે.** પરંતુ સાથે સાથે તેની એક મર્યાદા પણ છે. કુલાર્ણવ તંત્રમાં જણાવ્યા મુજબ આ સાધના અસ્ત્રાની ધાર પર ચાલવા જેવી છે. એટલે જ **સાધકની સલામતી ખાતર અનુભવી અને જાણકાર ગુરુની આવશ્યકતા રહે છે** જે જવલ્લે જ શક્ય બને છે. માટે તંત્ર સાધકો માટે સાક્ષાત્કારી આત્મા જેવા ગુરુની પ્રાપ્તિ એ એક મુખ્ય કોયડો બની રહે છે.

*તાંત્રિક સાધના એક એવું વૃક્ષ છે જે અલૌકિક શક્તિઓના ફળફુલથી લચી પડેલું છે પરંતુ ગુરુ પોતાના શિષ્યોને તેમના ભૌતિક ઉપયોગથી દૂર રાખે છે.* કુંડલિની જાગ્રત કરવાની પ્રક્રિયાથી સાધક શક્તિ પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયા કેવી રીતે થાય છે તે આપણે "કુંડલિની શક્તિની જાગૃતિ" વાળા મથાળા નીચે જોઈશું.

(- ક્રમશઃ)

★ ★ ★

## મહાસ્પંદન
## (PRIMORDIAL VIBRATION)

....✍ શ્રી રજનીકાંત મ. ભટ્ટ

એકવાર ભગવાન શંકર માતા પાર્વતી સાથે ભ્રમણ કરી રહ્યા હતા. પાર્વતીજીએ કહ્યું : પ્રભુ ! આ ભિખારી ઉપર કંઈક કૃપા અવશ્ય કરો. ભગવાને સોનુ ભરેલી થેલી તેના માર્ગમાં મૂકી દીધો. ભિખારી જ્યારે તે થેલી પાસે આવ્યો ત્યારે તે પોતાની પત્નીને કહેવા લાગ્યો શું તેં કોઈ આંધળાને ચાલતો જોયો છે ? પત્નીએ કહ્યું ના. પેલા ભિખારીએ કહ્યું જો હું તને ચાલીને બતાવું છું તેણે આંખો બંધ કરીને ચાલવા માંડ્યું અને સોનાની થેલીને ઓળંગીને આગળ નીકળી ગયો. તે થેલી જોઈ શક્યો નહિ. શંકર ભગવાને પાર્વતીને કહ્યું જોયું? મેં તો તમારા કહેવાથી કૃપા કરી પરંતુ તેના પ્રારબ્ધમાં નહિ તેથી તે આંખો બંધ કરીને આંધળાની ચાલના શોખમાં ડૂબેલો રહ્યો. આવી જ સ્થિતિ આજ બધાની છે. ભગવાન તો આપવા જ માગે છે પરંતુ અભાગીયા ભક્તો માયા તરફ આંખો ફેરવીને બેઠેલા છે. તેથી જ્ઞાન પણ પામી શકતા નથી. ભિખારી આંધળાની નકલ કરવા ગયો અને શંકર ભગવાનની કૃપા ન પામી શક્યો.

દરેકમાં નિષ્કામ ભકિત અને ભજનના અભ્યાસની પ્રવૃત્તિ હોવી જોઈએ.

થોડો સમય પ્રાણ અને અપ્રાણના યજ્ઞમાં લગાવવો જોઈએ ત્યારે જ ઉદ્ધાર થશે. જ્ઞાનની શક્તિ આગળ બધી જ શક્તિઓ ક્ષીણ થઈ જાય છે.

વિજ્ઞાન પણ એમ કહે છે કે ભૌતિક પદાર્થના સૌથી નાના કણ અણુમાં પણ (ATOM) સ્પંદન છે પ્રકાશમાં પણ સ્પંદન છે (VIBRATION).

"Light is nothing but Vibration of Photons". પ્રકાશ ફોટોન્સનું સ્પંદન છે. મારા "Vocal Cords" બોલવાની ગ્રંથી બોલી રહી છે. મોંમાંથી ઘણા સ્પંદનો (Vibrations) નીકળી રહ્યા છે એ સ્પંદન વાયુ મંડળમાં ફેલાઈને તમારા કાનોનાં પડદા સુધી પહોંચે છે. અને તમે મારા શબ્દો સાંભળી શકો છો.

આ જેટલા શબ્દો છે તે પણ એક Vibration- સ્પંદન- છે.

સંતો- મહાત્માઓ- ગુરૂદેવો પણ જે શબ્દ કે નામ વિષે કહે છે તે પણ સ્પંદન છે. સંતો આદિનામ વિષે કહે છે તે કે એવું મહાસ્પંદન છે. મહાસ્પંદને બધા જ સ્પંદનને પોતાનામાં સમાવી લીધા છે તે છે આદિ-સ્પંદન (Primordial Vibration) સંતો-મહાત્માઓ ગુરૂદેવો એને જ જ્ઞાનથી સમજાવવા માગે છે. જ્યારે આપણે સાચા સંત મહાત્માના શરણમાં જઈશું ત્યારે તે ગુપ્ત વસ્તુ સમજમાં આવશે.

એવા ઘણા રહસ્યો છે તેમાનું એક કે ભગવાન નારાયણ શેષશય્યામાં બેસીને ક્ષીરસાગરમાં તરી રહ્યા છે.

શરૂમાં જ્યારે જીવ પ્રગટ્યો અને એનો વિકાસ થયો ત્યારે તે પાણીમાંથી જ થયો હતો. તેથી નારાયણનો અર્થ થાય છે પાણીમાં (દ્રવ્યમાં) વિચરણ કરનાર.

માતાના ગર્ભમાં પણ બાળક નમકીન પાણીમાં તરતો હોય છે. અને નાભિથી જોડાયેલ હોય છે. ભગવાન વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માજી પેદા થયા હતા. બ્રહ્માજી ને મારવા માટે નારાયણના કાનમાંથી મધુ અને કૈટભ નામના રાક્ષસો પેદા થાય છે. મતલબ કે માણસ

પોતાના કાનથી ખરાબ વાતો સાંભળે છે, તેનાથી વિકાર ઉદ્ભવે છે. ઈર્ષા ઉદ્ભવે છે ત્યારે બ્રહ્માજી શક્તિની આરાધના કરે છે.

યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિત ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ ।।

એ કઈ શક્તિ એ શક્તિ જેણે આખા સંસારનું સર્જન કર્યું છે. આવા રહસ્યો સમજવા માટે આપણે ઊંડા જ્ઞાનમાં જવું પડે. એવા સંત-મહાત્માઓ-ઋષિ મુનિઓના શરણમાં જવું જોઈએ.

જે શક્તિએ આખા સંસારનું સર્જન કર્યું છે તે એક વિજ્ઞાનીના કહેવા પ્રમાણે

E is equal to mass in to Veloaty of light squan (SQUAN) E = Mc2

બ્રહ્માજી આ શક્તિની આરાધના કરે છે. એ આદિ સ્પંદન કણેકણમાં વ્યાપક છે જ્યારે જ્ઞાનનેત્ર મળશે ત્યારે એ વસ્તુ સમજમાં આવશે. આપણું હૃદય એ સૌથી મોટું મંદિર છે. એના પટને ખોલીશું ત્યારે જ પ્રભુના દર્શન થશે. માટે બહાર ભટકશો નહિ. આપણું હૃદય જ એ મોટું મંદિર છે. એ ઘણું મોટું મંદિર છે. એ જ મોટું દેવળ છે. ત્યાં જ ભગવાનની પ્રાર્થના થાય છે. તમારા હૃદયને સમજો. માનવ શરીરની શક્તિઓને સમજો. ભગવાને આપણને નિર્ધન બનાવ્યા નથી. ભગવાને આપણા હૃદયમંદિરમાં પ્રાણોની પ્રતિષ્ઠા કરેલી છે તેને સમજો અને એ આદિ સ્પંદન-મહાસ્પંદનનો અનુભવ કરવાનો - એ આદિનામનુ રટણ કરવાનો પ્રયત્ન કરો.

★ ★ ★

## ગૂઢાર્થ-શાસન પદ્ધતિ અને સમાજ વ્યવસ્થા
# યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત)

લેખાંક : ૫

....✍ શ્રી ભાનુશંકર દલપતરામ જાની

યા તે હેતુર્મીઢુષ્ટમ હસ્તે બભૂવં તે ધનુઃ ।
તયા સ્માન્વિશ્વ તસ્ત્વમયક્ષ્મયા પરિ ભુજ ।। ૧૧ ।।

**પદ પ્રમાણે અર્થ :**

હે, મીઢુષ્ટમ = અત્યંત વીર્યવાન સેનાપતિ ! યા = જે, તે = તારી સેના અને જે, તે = તારા, હસ્તે = હાથમાં, ધનુઃ = ધનુષ્ય તથા, હેતિઃ = વજ્ર, બભૂવ = થાઓ, તયા = એ, અયક્ષ્મયા = પરાજય વગેરે પીડા દૂર કરનાર સેનાથી અને ધનુષ્ય વગેરે દ્વારા, અસ્માન્ = અમ પ્રજા અને સૈનિકોની, ત્વમ્ = તું, વિશ્વતઃ = બધી બાજુથી, પરિ = સારી રીતે, ભુજ = પાલન કર.

સેનાપતિને કોણ અને કેવા ઉપદેશ કરવા યોગ્ય છે તે વિષય હવે આ મંત્રમાં કહે છે.

ભાવાર્થ : વિદ્યા-વયોવૃદ્ધ વિદ્વાન ઉપદેશકોએ સેનાપતિને એવો ઉપદેશ આપવો કે તમારા અધિકારમાં જેટલું સેના વગેરેનું બળ હોય તેના દ્વારા બધાં સજ્જનોની બધી રીતે રક્ષા કર્યા કરવી અને દુર્જનોને સજા કર્યા કરવી.(૧૧)

પરિ તે ધન્વંનો હેતિરસ્માન્વૃણકતુ વિશ્વતઃ ।
અથો યડઈષુધિસ્તવારેડઅસ્મન્નિધેહિ તમ્ ।। ૧૨ ।।

**પદ પ્રમાણે અર્થ :** હે સેનાપતિ! જે -

તે = આપના, ધન્વનઃ = ધનુષ્યની, હેતિઃ = ગતિ છે તેના વડે, અસ્માન્ = અમારી, વિશ્વતઃ = બધી બાજુથી, આરે = દૂરથી આપ, પરિવૃણકતુ = ત્યાગો, અથો = એની પછી, યઃ = જે, તવ = આપના, ઈષુધિઃ

= બાણ રાખવાનું ઘર અથવા ભાથો છે, તમ્ = એને, અસ્મત્ = અમારી પાસેથી, નિ, ધેહિ = હંમેશાં ધારણ કરી રાખો.

રાજાના અને પ્રજાના પુરુષોએ અરસપરસ શું કરવું એ વિષયનો ઉપદેશ આ મંત્રમાં આપે છે.

**ભાવાર્થ :** રાજા અને પ્રજાજનોએ યુધ્ધ અને શસ્ત્રોનો અભ્યાસ કરવો, શસ્ત્રાદિ સામગ્રી હંમેશાં પોતાની પાસે જ રાખવી અને એ સામગ્રીઓ વડે એકબીજાની રક્ષા કરવી અને સુખસમૃધ્ધિ પ્રાપ્ત કરવી.(૧૨)

અવતત્ય ધનુષ્ટ્વ ગૂઁ સહસ્રાક્ષ શતેખુધે ।
નિશીર્ય્ય શલ્યાનાં મુખાં શિવો નઃ સુમનાં ભવ ॥ ૧૩ ॥

**પદ પ્રમાણે અર્થ :-**

હે સહસ્રાક્ષ = અસંખ્ય યુધ્ધના કાર્યોનું ધ્યાન રાખનાર, શતેખુધે = શસ્ત્રાસ્ત્રોના અસંખ્ય પ્રકાશથી યુક્ત સેનાધ્યક્ષ પુરુષ! ત્વમ્ = તું , ધનુઃ = ધનુષ્ય અને, શલ્યાનામ્ = શસ્ત્રોના, મુખા = અગ્રભાગોના, અવતત્ય = વિસ્તાર કરીને અને એના શત્રુઓને, નિશીર્ય = સારી રીતે મારીને, નઃ = અમારે માટે, સુમનાઃ = પ્રસન્નચિત્ત, શિવઃ = મંડગલકારી, ભવ = થાઓ.

રાજપુરુષ કેવો હોય તે અંગે આ મંત્રમાં કહે છે :-

**ભાવાર્થ :** રાજપુરુષ સામ, દામ, દંડ અને ભેદોની રાજનીતિની વિગતવાર ક્રિયાઓનો સર્વ રીતે જાણનાર, પૂર્ણ રૂપના શસ્ત્રાસ્ત્રોનો સંગ્રહ કરનાર એને આધુનિક બનાવનાર, શત્રુઓ તરફ કઠોર ચિત્તવાળો ને દુઃખ દેનાર પરંતુ પોતાની પ્રજા તરફ કોમળ ચિત્તવાળો ને હંમેશાં સુખ આપનાર હોય. (૧૩)

નમસ્તડ આયુધાં યા નાંતતાય ધૃષ્ણવે !
ઉભાભ્યાંમુત તે નમો બાંહુભ્યાં તવ ધન્વને ॥૧૪॥

**પદ પ્રમાણે અર્થ :** હે સભાપતિ !

આયુધાય = યુદ્ધ કરવા, અનાતતાય = પોતાના આશયને ગુપ્ત રીતે સંકોચમાં રાખવા અને, ધૃષ્ણવે = પ્રગલ્ભતા પ્રાપ્ત કરનાર, તે = આપના માટે, નમઃ = અન્ન પ્રાપ્ત થાઓ, ઉત = અને, તે = ભોજન કરવા આપને અન્ન આપું છું, તવ = આપના, ઉભાભ્યામ્ = બંને, બાહુભ્યામ્ = બળ અને પરાક્રમથી, ધન્વને = યુદ્ધ કરનાર પુરુષ માટે, નમઃ = અન્નની સગવડ કરું.

એ જ વિષય પ્રસ્તુત મંત્રમાં કહે છે :

**ભાવાર્થ :** સભાપતિ અને રાજ્યના અધિકારીઓએ અધ્યક્ષ અને યોદ્ધા બંનેને શસ્ત્ર પૂરા પાડીને નિઃશંક સારી રીતે શત્રુઓ સાથે યુદ્ધ કરાવવું. (૧૪)

મા નો મહાન્તંમુત મા નોડઅર્ભકં માં નડઉક્ષન્તમુત
મા નંડઉક્ષિતનમ્ મા નોં વધીઃ પિતરં મોત
માતરં મા નઃ પ્રિયાસ્તન્વો રુદ્ર રીરિષઃ ॥૧૫ ॥

**પદ પ્રમાણે અર્થ :** હે -

રુદ્ર = યુદ્ધની સેનાના અધિકારી પુરુષ વિદ્વાન આપ, નઃ = અમારા, મહાન્તમ્ = ઉત્તમ ગુણોથી યુક્ત પૂજ્ય પુરુષને, મા = ન, ઉત = અને, અર્ભકમ્ = નાના ક્ષુદ્ર પુરુષને, મા = ન, નઃ = અમારા, ઉક્ષન્તમ્ = ગર્ભાધાન કરનારને, મા = ન, ઉત = અને, નઃ = અમારા, પિતરમ્ = પાલન કરનાર પિતાને, મા = ન, ઉત = અને, નઃ = અમારી, માતરમ્ = માન્ય કરનાર માતાને પણ, મા = ન, વધીઃ = મારો અને, નઃ = અમારા, પ્રિયાઃ = સ્ત્રી વગેરે પ્યારા, તન્વઃ = શરીરોને, મા = ન, રીરિષઃ = મારો.

રાજપુરુષોએ શું ન કરવું જોઈએ એ વિષે આ મંત્રમાં કહે છે.

**ભાવાર્થ :** યુદ્ધ કરનારાઓએ યુદ્ધના સમયે વૃદ્ધો, બાળકો, યુદ્ધમાંથી ખસી જનાર, યુવાનો, ગર્ભમાં રહેલાં, યોદ્ધાઓના માતા-પિતા-બધાંની સ્ત્રીઓ, યુદ્ધને જોનાર અથવા યુદ્ધમાં વ્યવસ્થા કરનારાં, દૂતોને મારવાં નહિ, પરંતુ શત્રુઓના સંબંધી મનુષ્યોને હંમેશાં વશમાં તો રાખવાં. (- ક્રમશઃ)

★ ★ ★

# ભક્તિ

લેખાંક : ૭

....✍ ડૉ. શ્રી અશોકભાઈ પી. નાયક

**(૪) પાદ સેવન :**

પાદ સેવન એટલે પ્રભુ ચરણનું સેવન.

પાદ સેવન આ ભક્તિનું એક પગથિયું છે, તેથી જ પ્રભુચરણામૃત શ્રેષ્ઠ ગણાય છે. સંતો-ભક્તો પ્રભુચરણ સેવા માટે જ જન્મોજન્મ અવતાર પ્રાર્થે છે. જ્ઞાની શંકરાચાર્યે પણ ઈચ્છા કરી :

सदैव पादपंकजं मदीय मानसे निजम् । (મારા ચિત્ત-આકાશમાં સદાયત મારા ચરણકમળ વસો.)

જરા વિચારતાં લાગે કે પ્રભુના ક્યા અંગેનું આપણે સેવન (પૂજન) કરવા શક્તિમાન છીએ ? પ્રભુની બુદ્ધિ આપણે સમજી શકતા નથી, તેના હૃદય તરફ નજર પડતી નથી, તેના નયનોમાં દ્રષ્ટિ માંડવાની હિંમત નથી, તો છેવટે બાકી રહ્યાં ચરણકમળ જ ને ! પ્રભુચરણ સેવનના જ આપણે અધિકારી કરીએ. પ્રભુ ચરણરજથી જ પાવન થવાય.

**પ્રભુ પાદસેવનનો અધિકારી કોણ ?** જે પ્રભુને સમજી શકયો છે તે. જીવ-જગત-ઈશ્વરની લીલા સમજનાર શ્રીમદ્ શંકરાચાર્ય અન્ય માનવોના જીવનમાં ગતિ આવે તે માટે પ્રભુચરણ સેવા કરતા. આજે પ્રભુને ન સમજનાર સામાન્ય માનવ પોતાના સ્વાર્થની પૂર્તિ માટે પ્રભુચરણ સેવન કર્યાનો ખોટો આત્મસંતોષ માને છે.

પ્રભુ ! તારા ચરણ હું જોઈ શક્તો નથી તો કેવી રીતે તેનું સેવન કરું ? તારા ચરણ સેવનની સતત ઝંખના છે. તેનો ઉપાય છે :

**(૧) ઋષિ ચરણસેવા :** સર્વવ્યાપી પ્રભુ સતત ચાલે છે- સતત સ્થિર પણ છે ! જો ચાલવા ઈચ્છે છે તો કોના પગનો ઉપયોગ કરે છે ? સંતો, ભક્તો, ઋષિઓના પગથી ચાલવાનો આનંદ પ્રભુ માણે છે. કારણ તેઓએ પ્રભુને પિછાણ્યા છે. તેથી સામાન્ય માનવે સંત ઋષિઓનાં ચરણનું પ્રત્યક્ષ સેવન કરવું આવશ્યક બની રહે છે.

**(૨) લોક સેવા :** લોકો પ્રભુનાં બાળકો છે. પ્રભુ લોકોમાં રહીને ચાલે છે, તેથી લોકચરણ સેવા એ પ્રભુચરણ સેવન જ છે. આથી સંતો - ભક્તો- ઋષિઓએ લોકસેવા કરી. પતિની સેવા સાથે, પતિનાં માતા-પિતા-ભાઈ-બહેનની સેવા કુલવધુ કરે છે. તેમ ભક્તો પણ પ્રભુનાં બાળકો સમા માનવોની સેવા કરે છે. સૃષ્ટિનો એક પણ માનવ દીન-હીન -લાચાર- ક્ષુદ્ર કે અસમાધાની ન રહે તે માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. આ જ લોકસેવા, તે જ પ્રભુચરણ સેવા.

અદૃષ્ટ પ્રભુની ચરણ સેવા માટે સાત્ત્વિક અંતઃકરણ, કૃતજ્ઞ બુદ્ધિ, પ્રેમપૂર્ણ હૃદય હોવાં જરૂરી છે. માનવજીવન એવું ભર્યું ભર્યું હશે તો જ સમાજમાં તે ગુણોનો આવિષ્કાર થશે.

કૃતજ્ઞતા એટલે કરેલા ઉપકારોનું સ્મરણ. આજે આપણામાં કૃતજ્ઞતા અનુભવાતી નથી. કારણ આપણો 'અહંકાર' તેની આડે આવી અડીખમ ઊભો છે. તેને દૂર હડસેલવો મુશ્કેલ છે? તો શું કરવું ?

અહંકારને ગળ્યો બનાવો. ભક્તિ અને જ્ઞાનથી જ તે શક્ય બને છે. ભક્તિ અને જ્ઞાનથી જગતપાલકના પુત્ર બનતાં જ અહંકાર બદલાય છે. પરિણામે વ્યક્તિ અને સમષ્ટિનાં જીવનમાં કૃતજ્ઞતા અને પ્રેમ અનુભવાય છે, જીવનો સાત્ત્વિક બને છે. આમ **જીવન દૃષ્ટિ બદલાવનાર જ્ઞાન અને ભક્તિ વધારવા જે દિન-રાત અવિરત પ્રયત્ન કરે છે, તે પ્રભુચરણ સેવન કરે છે એમ કહી શકાય.**

પ્રભુચરણ સેવન કરનાર, પ્રભુપ્રેમી માનવના જીવનમાં ગાંભીર્ય, પ્રસન્નતા, નમ્રતા અને પાપભીરુતા

આવશ્યક ગુણો છે. **માનવજીવન નકામું, નિર્હેતુક નથી; તે હેતુપૂર્ણ છે- તેવું જીવન વિષયક ગાંભીર્ય હોવું જોઈએ.** યશ-અપયશ, સુખ-દુઃખ પ્રભુ આયોજિત છે, તેથી સદાય પ્રસન્નતા રહેવી જોઈએ. જીવન ઉદંડ ન રાખતાં નમ્રતાપૂર્ણ હોવું જોઈએ. માનવ ચારિત્ર્યશુદ્ધ પાપભીરુ હોવો જોઈએ. સ્ત્રી ભોગ્ય વસ્તુ નથી- તેવી ઉદાત્ત દૃષ્ટિ હોવી જોઈએ.

સર્વવ્યાપી પ્રભુને જવાનું જ કયાં હોય ? તો પછી તેને પગ ક્યાંથી હોય ? છતાં પ્રભુ ચાલે છે. પ્રભુને ચલાવનાર અહંકાર છે. અહમથી-ચૈતન્યથી ચાલે છે. માનવજીવન અહંકાર પર ઊભું છે. અહંકારયુક્ત જીવ (ચૈતન્ય) 'अहमस्मि' તે જીવન છે, જીવન અહંકાર પર ઊભેલું હોવાથી અહંકાર કાઢી શકાય નહિ પણ બદલાવી જરૂર શકાય. અહમનું ઉદાતીકરણ કરી શકાય.

અહંકારના ત્રણ પ્રકાર છે.

**(૧) ભોળો અહંકાર:** 'મેં કરવા જેવું કર્યું છે.' એવો કૃતકૃત્યતાનો ઘરડાઓનો અહંકાર 'ભોળો' કહી શકાય. કારણ તેનાથી કંઈ બગડતું નથી, છતાં તે દૂર થવો જ જોઈએ. છેવટ સુધી જીવનના ઉપયોગ માટે અસંતુષ્ટ રહેલાં યાજ્ઞવલ્કય કયાં અને કૃતકૃત્યતા અનુભવતાં ઘરડાં ક્યાં ?

**(૨) દાહક અહંકાર :** રૂપ, વિદ્યા, વિત્ત, શક્તિ, કીર્તિ કે સત્તારૂપી વસ્તુનો અહંકાર બીજાને બાળે છે, અથવા હલકો ઠરાવે છે. તે દાહક અહંકાર છે. તેને હળવે જ દૂર કરવો. તે માટે સ્વાધ્યાય શ્રવણની અતિ આવશ્યકતા છે.

**(૩) મોહક અહંકાર:** 'તેનો (પ્રભુનો) હું છું.' - આ મોહક અહંકાર છે. યાજ્ઞવલ્કય, પતંજલિ, વાલ્મીકિ, તુકારામ આપણને ગમે છે. કારણ તેમની પાસે મોહક અહંકાર હતો.

ભોળા અહંકારથી લોકોને દૂર કરવા, દાહક અહંકારના પરિણામોની સમજ આપવી, (જેનાથી માનવ ઉન્મત્ત બને છે, બીજાને દીન બનાવે છે.) અને મોહક અહંકાર ઊભો કરવા ખેંચાણ નિર્માણ કરવું આ જ પાદસેવન છે.

### *(૫) અર્ચન :*

પાદસેવન સાથે અર્ચન પણ ભાવપૂર્તિ માટે જરૂરી છે. અર્ચન એટલે પૂજન કરવું. સચરાચરમાં વ્યાપી રહેલ, નિર્ગુણ-નિરાકાર ઈશ્વરનું પૂજન કેમ કરવું ! મારું મન એટલું વિશાળ નથી કે તે સમગ્ર સૃષ્ટિમાં પ્રભુનો અનુભવ કરી શકે. ખરે જ, સૃષ્ટિ પ્રભુમય અનુભવવી આ મુશ્કેલ વાત તો છે જ. તો શું કરવું ? પ્રભુનું જે રૂપ આપણી પાસે રહેતું હોય તે જ આપણા ભગવાન. પ્રિયતમ બહારગામ જતા તેની પ્રતિકૃતિ (ફોટો) માં પત્ની તેના સહવાસને અનુભવે છે. તેમ આપણે પણ આપણને પ્રિય એવી મૂર્તિમાં પ્રભુનું આહ્‌વાહન કરવું. આથી તે મૂર્તિના દર્શનમાત્રથી ભાવભીના થવાશે. ભીના હૃદયે પ્રભુનું પૂજન એ જ અર્ચન ભક્તિ.

પૂજનની ત્રણ ક્રમિક પગથી છે. પ્રથમ છે.

**તનુ પૂજન** - પ્રભુનો ભક્ત પ્રારંભે મૂર્તિપૂજા કરે છે. પોતાને પ્રિય એવા પ્રભુની મૂર્તિને સવારે પ્રેમથી જગાડવી, સ્નાન-શૃંગાર કરાવવા, ભોજન-મિષ્ટાન્ન જમાડવા, મુખવાસ માટે પાન આપવું, બપોરે આરામ કરાવવો ઋતુ પ્રમાણે-સમય પ્રમાણે વસ્ત્ર પરિધાન કરાવવું, રાત્રે સ્વચ્છ સુઘડ-સુવાસભર્યું શયન કરાવવું - વગેરેમાં જ ભક્ત કૃતકૃત્યતા અનુભવે છે. આ પાર્થિવ પૂજા પણ ખરા ભાવપૂર્ણ હૃદયથી થાય તો ઉન્નતિકર જ છે. પ્રભુની માનવ સહજ આવશ્યકતાઓ વિચારી તેની પૂર્તિ ભાવપૂર્ણ હૃદયથી ન કરતાં, યંત્રવત્ કરવામાં આવે, પરંપરાગત પૂજાની પ્રથા બંધ ન

થાય તેથી કરવામાં આવે તો તનુપૂજાથી વિકાસ થતો નથી.

અંદરનો ભાવ જાગૃત કરવા રામ પ્રહરે ઊઠો, સ્નાનાદિ પતાવી પ્રથમ પ્રભુ પાસે બેસો. ભક્તિરસ જાગૃત કરવા ધૂપ, દીપ, ચંદન, ચોખા, જળ, પુષ્પથી પ્રભુનું પૂજન કરો. પૂજન સમયે ચિત્ત-મન પણ પ્રભુમાં પરોવો. તેને બહાર ફરવા ન જવા દો. મનને વિચાર જ કરવા છે - તો પ્રભુની મહત્તા, પ્રભુની લીલા, પ્રભુના વૈભવના વિચારમાં જોડો. પુષ્પાદિ અર્પણ કરતી વખતે વિચાર આવે કે, પ્રભુ ! ફૂલ બનાવ્યું તેં, ખીલવ્યું તે', સુવાસ પૂરી તેં, આકર્ષક રંગ ભર્યો તેં- તારી જ કલા તને અર્પણ કરું છું હું ! त्वदीयं वस्तु गोविंद तुभ्यमेव समार्पये। આ ભાવ મહત્વનો છે. ભાવથી પૂજન કરો. ધીમે ધીમે પ્રભુમાં ચિત્ત એકાગ્ર કરવાનો પ્રયત્ન કરો. પ્રભુને મન આપો, પળભર આંખોની ઓરડીમાં તેને બંધ કરો. બસ તમે અને તે પ્રભુને કંઈ કહેવું હશે તો ત્યારે જ કહેશે. 'તમે અને તે' એકલા હશો તો જ તમને તેનો અવાજ-શીખ સંભળાશે.

તનુપુજાના પરિણામે જીવનમાં વિભૂતિપૂજા (ગુણપૂજા) આવે છે. છેવટે તત્ત્વના પૂજન તરફ સ્થિર થવાય છે. ભક્ત સાધનામાં એક પછી એક પગથી ચડતો જાય છે. અંતે ત્રણે પૂજન એક સાથે આજીવન સહજ બને છે.

પ્રભુને તમારું મન આપો. **જે કંઈ પણ અર્પણ કરો તે ભાવથી અર્પણ કરો. કેટલું આપો છો તે મહત્ત્વનું નથી, કેવા ભાવથી અર્પણ કરો છો તે મહત્ત્વનું છે.** તેથી જ કહેવાય છે કે પ્રભુ ભક્તોના છે. સત્યભામાના એકમાત્ર તુલસીદળથી શ્રીકૃષ્ણ તોળાયેલા છે.

સુખ-દુઃખ, સગવડ-અગવડ કોઈપણ પરિસ્થિતિમાં પ્રભુ તરફ આપણો ભાવ અનુસ્યૂત વહેવો જોઈએ.

પણ મૂંઝવણ થાય છે કે, પ્રભુ ! તને જોયા વગર હૃદયમાં ભાવ જ ઉત્પન્ન થતો નથી અને એ પણ એટલું જ સત્ય છે કે ભાવ વગર તું મળવાનો નથી. તો શું કરવું ? મહાપુરુષોને પણ આ મુશ્કેલી છે જ. છતાં માંગવાનો હોય તો તારી પાસે જ માંગવાનો. કારણ મારી પાસે જે અપ્રગટ ભાવ છે તે પણ તારો જ આપેલો છે. તેને પ્રગટ કરવામાં તું મદદ કર. આજે બજારના ભાવો વધે છે. જીવનનો ભાવ-સાત્ત્વિકતાનો ભાવ ઘટે છે. તેથી ઉલ્ટું થવું જરૂરી છે. ગીતામાં જ પ્રભુ કહે છે : શુદ્ધચિત્તે, ભાવપૂર્ણ હૃદયે ભક્ત જે આપશે તે લઈશ :

पत्रं पुष्पं फलं पोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहम् भक्तयुहृतं अश्नामि प्रयतात्मनः ॥ (૯/૨)

पत्रम् - પ્રભુને પ્રેમપત્ર લખી મોકલો. અતિ પ્રેમમાં શું લખવું તે સૂઝતું નથી. તને મોકલું પણ શું ? તું પરિપૂર્ણ છે. તારું નિવાસસ્થાન રત્નાકર છે. દેવી લક્ષ્મી તારી ગૃહિણી છે - તારા ચરણોની સેવિકા છે. તો તને કાગળમાં લખવું શું ? શું ખબર-અંતર લખું ? ના. તે પણ તને ખબર જ છે. તો શું તારી સ્તુતિ લખું ? હા. પણ તે માટે મારી પાસે શબ્દો ઓછા પડે છે. મારી લેખિની પાંખી લાગે છે. તેથી વર્ણનનો વિચાર પણ માંડી વાળું છું. તો શું એમ લખું કે મને કંઈક મોકલ ? એમ લખવા કરું તો તારા સામર્થ્યમાં શંકા છે એમ થાય. તો લખું શું ? "હું સુખમાં છું. આનંદમાં છું." એમ લખ્યા પછી આગળ શું લખવું તેની મૂંઝવણ થાય છે.

(- ક્રમશઃ)

★★★

## સાધન સમર અર્થાત્ દેવી મહાત્મ્ય

લેખાંક : ૧૪

....✍ પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય

સહાયક : શ્રી ચંદ્રકાન્ત જાની

कला पंचशर की, त्रिबिन्दु स्वरूपा
मनू, देव, आचार्य, ध्याता अभेदा ।
हरार्द्धा - परा - चित्कला, श्रीशिवानी
परब्रह्म रूपां भवानीं भजामि ॥
(श्रीभवान-शतक-५)

આ લેખમાળામાં આપણે શ્રીદેવી-સૂક્તથી શરૂ કરીને અર્ગલા, અને કીલક બાબતે કિંચિત આચમન કર્યું. આ અંકમાં **દેવી કવચ (માતૃ-અનુભૂતિ)** બાબતે અવલોકન કરીશું.

કવચ એટલે દેહનું રક્ષણ કરનાર (અંગરક્ષક) જેને પહેરી (ધારણ કરી) ને શત્રુ (ષડરિપુ) દ્વારા કરવામાં આવેલા આપણી તરફના શસ્ત્ર આદિ (માયા) ના પ્રહારથી આત્મ-રક્ષા કરવી તેને કવચ કહેવાય છે. સમરાંગણ (સાધન-સમર)માં જતી વખતે આ કવચ ધારણ કરીને આગળ વધવું જોઈએ, નહિ તો વિજય પ્રાપ્ત કરવાની આશા માત્ર સ્વપ્નું જ બની રહેશે. એટલે જ કહેવાયું છે કે, ''जपेत्- सप्तशती चंडीं कृत्वा तु कवचं पुरा । निर्विघ्नेन भवेत् सिध्धिश्चण्डीजयसमुद्‌भवा'' ॥ સપ્તશતી -ચંડીપાઠનો આરંભ કર્યા પૂર્વે આ કવચનો પાઠ કરવામાં આવે છે. જે આ કવચને ધારણ કરે છે તે જ નિર્વિઘ્ને ચંડી-જપ દ્વારા પરિણમતી સફળતા કે સિધ્ધિને પ્રાપ્ત કરવા માટે સક્ષમ બને છે. આ કવચમાં જુદાજુદા અંગ-પ્રત્યંગ આદિનો ઉલ્લેખ છે. અને દેહના જે તે સ્થાનોની રક્ષા કરવા માટે શ્રીમાતાના જુદા જુદા નામોનું સ્મરણ કરીને પ્રાર્થના કરવાનું વિધાન છે. જેવી રીતે કે - 'प्राच्यां रक्षतु मामैन्द्रीं' ઈન્દ્રની શક્તિ રૂપિણી માતા અમારી પૂર્વ દિશામાં રક્ષા કરો. તેમજ - 'शिखां मे द्योतिनी रक्षेत्' - અર્થાત્ પ્રકાશ-શક્તિ સ્વરૂપા માતા અમારા શિખાસ્થાનની રક્ષા કરો. આ પ્રમાણે દેહના સર્વે સ્થાનોમાં જુદા જુદા સ્વરૂપધારિણી માતા અમારી રક્ષા કરો.

આમાં દેહના જે જે સ્થાનોનો ઉલ્લેખ છે તે તે સ્થાનોમાં મનની સંજ્ઞાને કેન્દ્રિત કરવાની હોય છે. આથી થોડા સમય માટે જે તે સ્થાન ઉપર મન કેન્દ્રિત થવાથી (એકધ્યાનતા પ્રાપ્ત થવાથી), તે સ્થાનોમાં વિશિષ્ઠ પ્રકારની બોધશક્તિ પ્રકાશિત થશે (આવિર્ભાવને પામશે). આ બાબત કેવળ કલ્પનામાં નહિ પરંતુ પ્રત્યક્ષરૂપે પણ અનુભવાશે. આ અનુભવ પ્રત્યે ધ્યાન રાખીને શ્રીમાતાના જુદા જુદા નામોનું સ્મરણ અને પ્રાર્થના કરતા રહેવું.

કવચમાં જે સ્થાનમાં માતાના જે જે નામનો ઉચ્ચાર કરવાનું વિધાન છે તે જપવાથી ત્યાં ધર્મ (શાંતિ) અને શક્તિનો પ્રકાશ (આવિર્ભાવ) પ્રતીત થશે. ઉપાસકે આ ધર્મ કે શક્તિનો અનુભવ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ નામોમાં માતાની કોઈ વિશિષ્ટ મૂર્તિનું ધ્યાન કરવાની આવશ્યકતા નથી. કેવળ તે ધર્મ-શક્તિનો બોધ થાય તેટલું પૂરતું છે. જેમ કે 'खड्‌गधारिणी' - અત્રે શ્રીમાતાની ખડ્‌ગધારણ કરેલી મૂર્તિનું ધ્યાન ન કરતાં, તેમનાં દૃઢ કરકમળોમાં ખડ્‌ગ આદિ શસ્ત્ર ધારણ કરવાની શક્તિ છે એ શક્તિનો પોતાના દેહના જે તે સ્થાનમાં અનુભવ કરવાનો છે. આ પ્રમાણે જે તે શક્તિનો દેહના દરેક સ્થાનમાં અનુભવ કરવો.

જેઓ આ જગત્મય પ્રતિષ્ઠાનના અભ્યાસુ છે અથવા ગુરુ દ્વારા અપાયેલી (શીખવાયેલી) વિશિષ્ઠ પ્રક્રિયા (દીક્ષા) દ્વારા મનને એક ચોક્કસ સ્થાન (વિષય-બાબત) પર કેન્દ્રિત કરવાના અભ્યાસુ થયેલ છે તેમના માટે આ બોધશક્તિને કાર્યમાં યોજવાનું સરળ અને સુસાધ્ય છે. એમ ન હોય તો પણ કોઈ વ્યક્તિ (ઉપાસક) સાધારણ ક્રિયા (પ્રયત્ન) કરવા માત્રના ફળથી આ કવચને ધારણ કરવાની સિધ્ધિ પ્રાપ્ત કરી લે છે. પોતાના શરીરના જુદા જુદા અંગ-પ્રત્યંગમાં બોધશક્તિ દ્વારા દેવી માતૃશક્તિને પ્રતિષ્ઠિત કરીને તેનો અનુભવગમ્ય બોધ પ્રાપ્ત કરવો તે જ આ કવચ પાઠની યથાર્થતા (સાર્થકતા) છે. આમ થવાથી એમ સમજી લેવાની જરૂર નથી કે કવચના બાકીના ભાગમાં જે ફળ શ્રુતિ છે તે સ્તુતિવાક્ય માત્ર છે. તેના એક એક વર્ણમાં સત્ય પ્રતિષ્ઠાન પામેલ છે. તેથી (બીજા) અન્ય ફળોનો લાભ થાય કે ન થાય, તેની પરીક્ષા કરવાનો સમય કે સુયોગ પ્રાપ્ત ન થાય તો પણ, 'नश्यन्ति व्याधयः सर्वे' શારીરિક વ્યાધિઓનો તો નાશ અવશ્ય થશે જ, એ બાબત અનેક ઉપાસકોએ અનુભવ દ્વારા પ્રમાણભૂત રીતે પ્રાપ્ત થયેલ છે. કેવળ શારીરિક સ્વાસ્થ્યનો લાભ જ નહિ પરંતુ તેની સાથે સાથે માનસિક બળમાં વધારો તથા આધ્યાત્મિક માર્ગે ઉત્કર્ષતાનો લાભ અવશ્ય મળવાનો જ છે.

અત્રે એક બીજી વાત પણ જણાવી દઈએ કે રામકવચ, સૂર્યકવચ, શ્રીકૃષ્ણકવચ, કાલીકવચ ઈત્યાદિ જુદા જુદા દેવ-દેવિઓના કવચોમાંથી કોઈપણ અગાઉ વર્ણવ્યા પ્રમાણેની વિધિથી કરવામાં આવે તો તે સર્વે સારું ફળ આપનારાં બને છે, તેમાં કોઈ સંદેહ નથી. દેવી કવચમાં જેટલા અધિક પ્રમાણમાં અંગ-ઉપાંગોનો ઉલ્લેખ છે તેટલો અન્ય કવચોમાં નથી મળતો. જે ઉપાસક ચંડિપાઠના ચતુર્વિધ ફળ (ધર્મ-અર્થ-કામ અને મોક્ષ)ના આકાંક્ષી (ઈચ્છુક) છે તેમના માટે કવચ-પાઠ કરવો અત્યંત આવશ્યક છે, કારણ કે તેના દ્વારા નિર્વિઘ્ને સમરાંગણ (જીવનક્ષેત્ર) માં જય પ્રાપ્ત કરી શકાય છે. આ કારણથી (ઉપાસકે) નિયમપૂર્વક પધ્ધતિસરનો પાઠ કરવો આવશ્યક છે, અન્યથા તેમના આશારૂપી ફળપ્રાપ્તિનો માર્ગ દૂર અને દૂર ઠેલાતો રહેશે.

***દેવી સૂક્ત, અર્ગલા, કીલક અને દેવી કવચ (માતૃ અનુભૂતિ) એ જીવન-રણક્ષેત્ર-માં કે ચંડિતત્ત્વ (માતાનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવા) માં પ્રવેશ કરવા માટેનાં પૂર્વ દ્વાર છે. તેમનો આ ઉદ્યમરૂપી પ્રયત્ન જેટલો સુંદર, પધ્ધતિસરનો અને દૃઢતા પૂર્વકનો હશે તેટલી સિધ્ધિ (સફળતા) કે આધ્યાત્મિક ઉન્નતિ સુંદર, ઉચ્ચતર અને તીવ્ર ગતિવાળી બનશે.***

(તો) જ્યાં સુધી આપણા આ પૂર્વપગથિયાં સારી રીતે ન આરંભાયાં હોય, ત્યાં સુધી આપણે ચંડીપાઠના સારરૂપ તત્વથી દૂર રહીશું ? અરે ! એક નહિ, સો નહિ પરંતુ વારે વારે (ઘણાં ઘણાં) આવર્તનોથી ચંડીપાઠ કરતાં કરતાં આપણે એક દિવસ એવો જોઈશું કે ઈશ્વર દ્વારા નિર્માયેલા આયોજનની કોઈ એવી અજ્ઞાત શક્તિના પ્રભાવ વડે આપણી અજ્ઞાત દશા (અજ્ઞાનીપણું) સુસમ્પન્નતામાં નીખરી ઊઠે. ત્યારે જ આપણે ચંડિના ઠીક ઠીક રહસ્યને જાણીને શ્રીમાતાની કૃપા દ્વારા ધન્યતાને પ્રાપ્ત કરી શકીશું.

(- ક્રમશઃ)

★ ★ ★

## "શ્રીમા રમામ્બા"

લેખાંક : ૧

....✍ : **શ્રી પ્રહેલાદભાઈ એમ. નાયક**

(શ્રીમા રમામ્બા - રમાશક્તિ-મિશન (મેંગલોર (કર્ણાટક રાજ્ય)ના પુસ્તક "આનંદદાયક શાંતિ કા માર્ગ" ઉપર આધારિત ભાવાનુવાદ.)

*"વેદ ધર્મના કાર્યને પોતાનું કરી, તેના પ્રચાર પાછળ જીવન સમર્પનારા યુવકો તૈયાર થાય અને વેદ ધર્મનો ધ્વજ ગગનમાં અવિચળ ફરકતો રહે એ હેતુથી ગુરુકુળો અને વિદ્યાલયો સ્થાપવાં."*

**- મહર્ષિ દયાનંદ**

### (૧) આંતરિક શાંતિ :

આમ તો પ્રત્યેક વ્યક્તિનું મન કોઈ ને કોઈ ઉદ્વિગ્નતાવાળું રહેતું હોય છે. પરંતુ બધાના **અંતરના ઊંડાણમાં એક ગહન, ગંભીર અને આત્મચૈતન્ય શક્તિ રહેલી હોય છે. જ્યોતિર્મય મૌનના એ ધામમાં શાંતિ રહેલી છે.** જો ધૈર્યપૂર્વકના અભ્યાસ દ્વારા આપ જો એ આંતરિક મૌનની આદત પાડી શકો, તો બાહ્ય કર્મ-જગતમાં અધિક ક્રિયાશીલ રહેતી હોવા છતાં શાંતિને પોતાની લાંબાગાળાની સહચરી બનાવી શકો, અને તમે (પોતાના) અંતરિક મૌનનો આત્માની સાથે પ્રાર્થનામયતામાં સંપર્ક સ્થાપિત કરી લો છો. જ્યારે પોતાના હૃદયમાં પવિત્ર ભાવનું સ્ફૂરણ થવા લાગે ત્યારે તમારા ચિંતાજનક વિચારો અને ધ્યાનને અન્ય ભાવો તરફ ખેંચતા આવેગો એક શાંત તરંગાવલિમાં પરિવર્તિત થઈ જાય છે. **જે મન આત્માની પૂર્ણશાંતિમાં એકરસ થઈ ગયું હોય છે તેના ઉપર બાહ્ય જગતના તણાવો અને ઝંઝાવાતો કોઈ પ્રભાવ પડી શકતો નથી. શ્રીમાતા એવું ઈચ્છે છે કે તેના બાળકો પોતાના અસ્તિત્વના સત્ય-સ્વરૂપને જાણે અને શાંતિના આ રહસ્યને માણે.**

પરમાત્મા એ એક એવી વાસ્તવિકતા છે જેની અનુભૂતિ કરી શકાય છે, અને એનો અનુભવ કરવો પણ જોઈએ. તે એક એવી શક્તિ છે જેને જાણવી-સમજવી જોઈએ, અને એ એક એવો શાશ્વત આનન્દ છે જેને દરેક વ્યક્તિએ પોતાની અંદર ભરી લેવો જોઈએ / ભંડારી દેવો જોઈએ અને તેનાથી આનંદિત રહેવું જોઈએ. આ પાર્થિવ જીવન અજ્ઞાની વ્યક્તિને અસંગતિઓ અને દ્વન્દ્વોની ભૂલભૂલામણી જણાશે, પરંતુ તે જ્યારે કાલાતિત અસ્તિત્વને (વ્યક્તરૂપે) સમજી લે છે ત્યારે એ દિવ્ય રૂપને સાચી રીતે સમજદારીપૂર્વકનું અને યોગ્યતાપૂર્ણ લાગવા માંડે છે.

આ જ્ઞાનના અભાવમાં, આત્મા પોતાને સંઘર્ષમય અને દુ:ખરૂપ જાણે છે. **અનિવાર્ય ઘટનાક્રમ કે જેમાં દુ:ખ અને કલેશ હોય તેને ટાળી શકાતો નથી.** પરંતુ જ્યારે મનમાં એ વાત સારી રીતે સ્થાપિત થઈ જાય છે કે આ બધી બાબતોના પ્રેરક વિધાતા છે, તેની ઈચ્છાથી જ બધું આવિર્ભૂત થાય છે ત્યારે તેને સમજાય છે કે અતિ મૂલ્યવાન શાંતિથી વંચિત રહેવું ઉચિત નથી. અને ત્યારે (આવી વ્યક્તિ) દીવ્યતામાં ઓતપ્રેત અને અનુરૂપ બનવા માંડે છે.

આ (શાંતિના) જ્ઞાનના અભાવમાં આત્મા પોતાને સંઘર્ષમય અને દુ:ખીતરૂપે જાણે છે. જે નિર્માણ થઈ છે તેવી ઘટના/બાબતોને કોઈ ટાળી શકતું નથી. તેનાથી પોતાને બચાવવા ઈચ્છે તો પણ તેમ કરી શકતા નથી. એવું કોઈ જીવન નથી જેમાં કલેશ અને દુ:ખ ન હોય.

પરંતુ જ્યારે મનમાં એ વાતની ઘેડ બેસી જાય છે કે સર્વજ્ઞ વિધાતા જ આવી બધી ઘટનાઓનું નિર્માણ અને નિયંત્રણ કરે છે, તેમની સંમતી વગર કશું શક્ય નથી, ત્યારે એમ સમજાય છે કે પોતાને બહુમુલ્ય એવી શાંતિથી વંચિત રાખવા માટેનું કોઈ કારણ નથી.

**ચતુર અને પુરુષાર્થી મનુષ્ય પ્રારબ્ધ સામે ક્યારેય ઝૂકતો નથી.** પરંતુ જે બાબત અવશ્ય તેના માટે નિર્માણ જ થયેલી છે તેનો પ્રસન્નતાથી સ્વીકાર કરે છે. અને સંતુલિત મનથી સૌભાગ્ય અને દુર્ભાગ્યનું સ્વાગત કરે છે. આથી સંસારની કોઈ બાબત તેની માનસિક શાંતિનો ભંગ કરી શકતી નથી. એવી વ્યક્તિ બધાની સાથે સૌમનસ્યપૂર્ણ વ્યવહાર કરે છે. જે સંતને આવી પરમ આત્મિક-શાંતિ પ્રાપ્તિ થઈ છે તેમની સ્વાભાવિક શાંતિને ત્રણેલોકમાં કોઈ ભંગ કરી શકતું નથી.

શાંતિનો અનુભવ કરવા માટે સંસારની પરિસ્થિતિઓ ન તો ઉપયોગી કે બાધકરૂપ બને છે. આપણે સમજી વિચારીને પરિસ્થિતિઓમાં સમાધાન કેળવી શકીએ છીએ, અને આપણો આત્મસંયમ કેટલો ગતિશીલતા ધારણ કરી શકે છે તે બાબત ઉપર શાંતિ માટેની શોધ અવલંબિત છે. માંનસિક ચેતનાનું સ્વરૂપ ભ્રમમાં નાખનારું છે, એટલે તેને સ્થાને પ્રબુદ્ધ (વિજ્ઞાનપૂર્ણ) ચેતનાનું ઉચ્ચ અને ભવ્ય સ્વરૂપ પ્રતિષ્ઠિત કરવું રહ્યું. આથી તમોને આત્માનાં વિરત્વ અને પૂર્ણત્વના આનંદની પ્રાપ્તિ થશે. સ્વયંપ્રકાશિત/જાજવલ્યમાન આત્માના દર્શન થવાથી મનમાં યોગિક સમત્વ બુદ્ધિનો ઉદય થશે તેની શક્તિ આગળ જીવનમાંની નિરાશાઓ અને દુ:ખોનો કોઈ પ્રભાવ રહેશે નહિ.

**શાંતિ કેવળ ચિરંતન આત્મામાં જ બિરાજે છે તે સદાય યાદ રાખો.** જ્યાં સુધી અસાર સંસારની ક્ષણભંગુર વસ્તુઓથી પ્રાપ્ત થતા સાંસારિક સુખોપભોગને તિલાંજલિ નહિ આપો ત્યાં સુધી તમારા અંત:કરણમાં રહેલી શાંતિનું સોનેરી પ્રભાત જોઈ શકશો નહિ. આનો અર્થ એવો ન કરતા કે સંસારક્ષેત્રના કાર્યોને ત્યજી દેવાના છે. તમારે કેવળ એ તરફનો દૃષ્ટિકોણ/અભિગમ બદલવાનો છે, જેથી આપોઆપ દૃષ્ટિપરિવર્તન થઈ જશે. **હકિકતમાં સંસાર એ આપણો મિત્ર પણ નથી અને શત્રુ પણ નથી. પરંતુ એ તો તમારો પોતાનો આત્મા છે એમ સમજીને સચ્ચાઈપૂર્વક સૌની સાથે પ્રેમભર્યો સંબંધ રાખવો.**

તમારે શાન્તતાની સીમાને પાર કરવાની છે અને અહંકારરૂપી આસક્તિઓ, લાલસાઓથી પીછો છોડાવવાનો છે, સાથે સાથે નિષ્કામની/ અસંગીપણાની ઉજ્જવળતા ધારણ કરવાની છે. આટલું કર્યા પછી જ શાશ્વત શાંતિનો અનુભવ થશે. આવી ચિરંતન શાંતિનું સ્વરૂપ સમજવું સરળ નથી. **સ્વપણામાં આત્મોન્નતિ સંભવિત નથી.**

એ વાત ચોક્કસ છે કે આ માયાવી સંસારમાં રહેતા હોવા છતાં તમો પરમશાંતિનો આનંદ માણી શકો છો. પરંતુ એ માટે તમારે તમારા આંતરિક વ્યક્તિત્વમાં આમૂળ પરિવર્તન લાવવું પડશે. તમારો જીવનમહેલ આત્મચેતનાની પાયાની ઈંટથી શરૂ કરો. તમારા ભૌતિક સંબંધોને શુદ્ધ અને પવિત્ર બનાવી, બધો કાર્ય-વ્યવહાર અહંકાર અર્થાત્ આત્માભિમાન દૂર રાખવામાં કરો. શ્રીમા તમારી પાસે આવા વ્યવહારની અપેક્ષા રાખે છે.

(-ક્રમશ:)

★★★

# કામાખ્યા તન્ત્રમ્

લેખાંક : ૫

**"દુર્ગાબાળ" સુ. શ્રી દમયંતી જાની**

(સદ્‌ગુરુદેવના માર્ગદર્શન મુજબ ઉપાસના કરનારને જ સિધ્ધિ વરે છે.)

'आविरावीर्णएधि' - હે સ્વપ્રકાશ તમો અમારાં બધાં તત્ત્વોમાં પોતાના સ્વરૂપને પ્રકાશિત પ્રતિષ્ઠિત કરો'.

**पञ्चमः पटलः** श्रीगुरू-तत्त्वम्

**પાંચમું પટલ**

શ્રીગુરુનું રહસ્ય ॥ શ્રીદેવ્યુવાચ ॥

**गुरू-तत्त्वं महा-देव! विशेषेण वद प्रभो !**
**दुर्वहा गुरूता यातुं सम्भवेन्मानुषे कथम् ॥ १ ॥**
**तत्रैव सद्-गुरूः को वा श्रेष्ठः को वा वद प्रभो !**
**दूरीकुरू महा-देव ! संशयो मे महोत्कटम् ॥ २ ॥**

શ્રીદેવી બોલ્યા - હે પ્રભો મહાદેવ! ગુરુ-તત્ત્વને વિશેષ રૂપે બતાવવા કૃપા કરો. હે દેવ! ગુરુ-તત્ત્વને ધારણ કરવું ઘણું જ કઠિન છે. મનુષ્યમાં તે કેવી રીતે પ્રવેશે છે ? તે સદ્‌ગુરુ અથવા શ્રેષ્ઠગુરુ કોણ છે તે પણ હે પ્રભો! જણાવશો. હે મહાદેવ! મારા આ વિકટ સંદેહને દૂર કરો. (મંત્ર : ૧ અને ૨)

**इति देव्याः वचं श्रुत्वा प्रोवाच शङ्करः प्रभु ।**
**श्रृणु सार-तरं ज्ञानं साधूनां हित-कारणम् ॥ ३ ॥**
**गुरूः सदा-शिवः प्रोक्त आदि-नाथ स उच्यते ।**
**महा-काल्या युतो देवः सच्चिदानन्द-विग्रहः ॥ ४ ॥**

શ્રીદેવી (માતા)ની વાત સાંભળીને ભગવાન શંકરે કહ્યું : સજ્જનોને માટે હિતકારી એવું સારથી ભરેલું જ્ઞાન (તમે) સાંભળો. સદા-શિવ જ ગુરુ કહેવાયા છે. તેઓ આદિનાથ (પણ) કહેવાય છે. (ભગવતી) મહાકાલીથી જોડાયેલા તે દેવ સચ્ચિદાનંદ-સ્વરૂપ છે. (મંત્ર : ૩ અને ૪)

**सनातनः परं - ब्रह्म श्रीधर्मस्त्रिगुणः प्रभुः ।**
**त्वत्- प्रसादान्महा- देवि ! शिवोऽहमजरामरः ॥ ५ ॥**
**अतएव गुरूर्नैव मनुजः किन्तु कल्पना ।**
**दीक्षायै साधकानां च वृक्षादौ पूजनं यथा ॥ ६ ॥**

હે મહામાયા ! તેમના જ (કૃપા) પ્રસાદથી હું શિવ અજર (વૃદ્ધાવસ્થા વગરનો) અને અમર છું. તે આદિ-નાથ સનાતન પરબ્રહ્મ છે, તે શ્રી (લક્ષ્મી-સૌભાગ્ય) ધર્મ અને ત્રણે ગુણો (સત્વ-રજસ અને તમસ) ના સ્વામી છે. તેથી મનુષ્ય 'ગુરુ' નથી, પરંતુ તેમની ભાવના (છાયા) માત્ર છે, જેવી રીતે સાધકો (ઉપાસકો)ની દીક્ષામાં, વૃક્ષ આદિમાં (બ્રહ્મ તત્ત્વનું) પૂજન કરવામાં આવે છે (તેમ). (મંત્ર : ૫ અને ૬)

**अतएव महेशानि ! कुतो हि मानुषो गुरूः ?**
**मानुषी गुरूता देवि ! कल्पना न तु तथ्यता ॥ ७ ॥**
**मन्त्र-दाता शिरः पद्मे यद् ध्यानं कुरूते गुरोः**
**तद् ध्यानं शिष्य-शिरसि चोपदिष्टं न चान्यथा ॥ ८ ॥**

તેથી હે મહેશ્વરિ! મનુષ્ય ક્યાં ગુરુ છે ? (અર્થાત્ નથી જ)-મનુષ્યની ગુરુતા (દૈવત) તો ભાવના (તેનું દિવ્યકર્મ) જ છે. હે દેવી! તેમાં (મનુષ્યની ભૌતિકતામાં) વાસ્તવિકતા નથી. મન્ત્ર દેવાવાળા પોતાના શિર પર રહેલા કમળ (સહસ્ત્રદળ કમળ) માં ગુરુ (સદા-શિવ) નું ધ્યાન ધરે છે અને તે (સદા-શિવ)નો શિષ્યના મસ્તક (સહસ્ત્રદળ-કમળ) માં ઉપદેશ કરે છે. એ સિવાય બીજી કોઈ બાબત નથી. (મંત્ર : ૭ અને ૮)

**अखण्ड- मण्डलाकारं व्याप्तं येन चराचरम् ।**
**तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥ ९ ॥**
**प्रसिद्धमिति यद् देवि ! तत्-पदं दर्शको नरः ।**
**अतएव नरे देवि ! गुरूता कल्पनैव हि ॥ १० ॥**

અખંડ એવું મંડલાકાર (ગોળ જેવું) જગત્ જેમના દ્વારા વ્યાપ્ત (આવરાયેલું) છે, તે સચ્ચિદાનંદ બ્રહ્મના

ચરણકમળ-પદ ને જે જોઈ શકે છે (ઝાંખી કરી શકે છે) એ શ્રીગુરુ (દેવ)ને નમસ્કાર હો (છે). આ (પ્રકારની) વંદના જે પ્રસિધ્ધ છે તેનાથી સ્પષ્ટ (થાય) છે કે સચ્ચિદાનંદ બ્રહ્મપદને દેખાડનારા (ઝાંખી કરાવનારા) મનુષ્ય(દેહધારી)ગુરુ છે, તેથી હે દેવિ! મનુષ્યમાં 'ગુરુતા' ની કલ્પના જ કરવામાં આવે છે (વાસ્તવમાં પરબ્રહ્મ એ અસીમ અને અનુપમ તત્ત્વ છે) (મંત્રઃ ૯ અને ૧૦)

**न तु गुरूः स्वयं च मूर्खता चोभयोरपि ।**
**अयं गुरुरिति ज्ञानं शिष्योऽयं खलु मे सदा ॥ ११ ॥**
**दर्शका पटलस्यैव न स्वयं मानुषो गुरूः ।**
**मोक्षो न जायते सत्यं मानुषे गुरूः भावनात् ॥ १२ ॥**

ચોક્કસરૂપે જે આ મનુષ્ય (દેહધારી) રૂપી જ 'ગુરુ' (દેવ) અને 'શિષ્ય' છે એમ સમજવું તે નરી મૂર્ખતા છે. હકીકતમાં મનુષ્ય માત્ર દેખાડવાવાળા (માધ્યમ) છે. સ્વયં 'ગુરુ' (સદા-શિવ) નથી. મનુષ્યમાં (દેહભાવમાં) આ પ્રમાણે (ગુરુ) દેવની ભાવના રાખવાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી એ સત્ય (બાબત) છે. (મંત્ર : ૧૧ અને ૧૨)

**यथा भोक्तरि भोज्यं हि स्वर्णादि-पात्रकेन च ।**
**दीयते च यथा देवि ! तस्मै सर्व समर्पणम् ॥ १३ ॥**
**यदि निन्द्यं च तत् पात्रं भग्नं वापि महेश्वरि !**
**तदा त्यजेत् तु तत्-पात्रमन्य-पात्रेण तोषयेत् ॥ १४ ॥**
**अतो हि मनुजं लुब्धं दुष्टं शिष्योऽपि सन्त्यजेत् ।**
**असम्भतस्तु लोकैर्यस्तत्र रूष्टः सदा-शिवः ॥ १५ ॥**

હે દેવી! જમવા (બેસવા)વાળાને જેવી રીતે ભોજન સુવર્ણ આદિ પાત્રમાં આપવામાં (પીરસવામાં) આવે છે, તેવી જ રીતે મંત્રદ્વારા બધું જ બ્રહ્મને સમર્પિત કરવામાં આવે છે. હે કુલેશ્વરિ! જો આવું પાત્ર ખંડિત કે અયોગ્ય જણાય તો તેને ત્યજીને (છોડીને) અન્ય પાત્રમાં ભોજન પીરસીને જમવાવાળાને સંતુષ્ટ કરવામાં આવે છે, એ જ પ્રમાણે લાલચુ અને દુષ્ટ (માનવ) શિષ્યને મેળવ્યો હોય તો તેને પણ ત્યજી દેવો જોઈએ (ત્યાગ કરવો જોઈએ) કેમ કે સંસાર (જગત)માં/જે નિંદનીય છે. તેને મન્ત્ર દેવાથી સદા-શિવ (પરબ્રહ્મ) રુઠે છે (કુપિત) થાય છે. (મંત્ર : ૧૩ થી ૧૫)

**राजस्वं दीयते राज्ञे प्रजानिर्मण्डलादिभिः ।**
**तथा तथैव तस्मै तु शिष्य- दानं समर्पणम् ॥ १६ ॥**
**अत्रैव ग्राहका हिंस्रा मण्डलाद्या स्मृता यदि ।**
**अन्य द्वारेण दातव्यं तांस्तान् सन्त्यज्य सर्वदा ॥ १७ ॥**

રાજાને જેવી રીતે રાજ્યપદ અને પ્રજાને ભૂમિ આદિ સંપત્તિનું દાન કલ્યાણકારી લાગે છે તેવી રીતે શિષ્યને મંત્રનું દાન શ્રેયસ્કર (લાભદાયક) બને છે. ભૂમિ આદિ દાન દેવામાં હિંસક (અયોગ્ય વ્યક્તિ) ને છોડીને બીજા યોગ્ય પાત્રને જ દાન દેવામાં આવે છે તેવી જ રીતે બીજી બાબતો (ઉપસના આદિ)નું જ્ઞાન દેતી વખતે એ જ નિયમ જાળવવામાં આવે છે (અર્થાત્ સુપાત્રને જ દાન દેવામાં આવે છે). (મંત્ર : ૧૬ અને ૧૭)

**सर्वेषां भुवने सत्यं ज्ञानाय गुरू-सेवनम् ।**
**ज्ञानान्मोक्षमवाप्नुयात् तस्मात् ज्ञानं परात्परम् ॥ १८ ॥**
**अतो यो ज्ञान-दाने हि न क्षमस्तं त्यजेद् गुरूम् ।**
**अन्नाकांक्षी निरन्नं च यथा सन्त्यजति प्रिये ! ॥ १९ ॥**

બધા લોકોમાંથી કેવળ ગુરુ (દેવ)ની જ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ માટે સેવા કરવામાં આવે છે, જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી જ્ઞાન (પ્રાપ્ત કરવું એ) જ શ્રેષ્ઠ (બાબત) છે. તેથી જે જ્ઞાન આપે છે તેનો જ ગુરુ ના રૂપમાં આશ્રય લેવામાં આવે છે. જેવી રીતે અન્નની ઈચ્છાવાળો અન્ન વગરની વ્યક્તિનો ત્યાગ કરી દે છે તેમજ જ્ઞાનની ઈચ્છાવાળો જ્ઞાન-હીન (અજ્ઞાની-મૂર્ખ) નો ત્યાગ કરી દે છે. (મંત્ર : ૧૮ અને ૧૯)

**ज्ञान-त्रयं यदा भाति स गुरूः शिव एव हि ।**
**अज्ञानिनं वर्जयित्वा शरणं ज्ञानिनो व्रजेत् ॥ २० ॥**
**ज्ञानाद् धर्मो भवेन्नित्यं ज्ञानादर्थो हि पार्वति ।**
**ज्ञानात् काममवाप्नोति ज्ञानान्मोक्षो हि निर्मलः ॥ २१ ॥**

જે વ્યક્તિમાં ત્રિગુણાત્મક જ્ઞાનનો પ્રકાશ હોય છે, તે જ ગુરુ છે, (તે જ) શિવ-સ્વરૂપ છે. (માટે) અજ્ઞાનીને ત્યજીને જ્ઞાનીનું જ શરણું લેવું જોઈએ. હે પાર્વતિ! જ્ઞાનથી જ સદાય ધર્મ (રક્ષાયેલો) છે, જ્ઞાનથી જ અર્થ (સંપત્તિ- ઐશ્વર્ય) મળે છે, જ્ઞાનથી જ 'કામ' (સકામ-આકાંક્ષિત-અપેક્ષિત-વસ્તુની પ્રાપ્તિ) થાય છે

અને જ્ઞાનથી જ નિર્મળ એવો મોક્ષ પણ મળે છે. (મંત્ર : ૨૦ અને ૨૧)

**ज्ञानं हि परमं वस्तु ज्ञानात् सार-तरं नहि ।**
**ज्ञानाय भजते देवं ज्ञानं हि तपसः फलम् ॥ २२ ॥**
**मधु-लुब्धो यथा भृङ्गः पुष्पात् पुष्पान्तरं व्रजेत् ।**
**ज्ञान- लुब्धस्तथा शिष्यो गुरोर्गुर्वन्तरं व्रजेत् ॥ २३ ॥**

જ્ઞાન જ શ્રેષ્ઠ બાબત છે. જ્ઞાનથી શ્રેષ્ઠ બીજું કશું નથી. જ્ઞાનને માટે જ દેવોની ઉપાસના કરવામાં આવે છે. જ્ઞાન એ જ તપશ્ચર્યાનું ફળ છે. જેવી રીતે મધની ઈચ્છાથી ભમરો એક પુષ્પથી બીજા પુષ્પ ઉપર જાય છે, તેવી જ રીતે (પૂર્ણ) જ્ઞાનની ઈચ્છાવાળા શિષ્યે એક ગુરુથી બીજા (ગુરુ)ની પાસે જવું જોઈએ. (મંત્ર : ૨૨ અને ૨૩)

**गुरवो बहवः सन्ति शिष्य-वित्तापहारकः ।**
**दुर्लभः सद्- गुरूर्देवि! शिष्य-सन्ताप-हारकः ॥ २४ ॥**
**अज्ञान-तिमिरान्धस्य ज्ञानाजन-शलाकया ।**
**चक्षुरून्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ २५ ॥**

શિષ્ય પાસેથી ધન લેવાવાળા ગુરુ ઘણા છે, પરંતુ હે દેવિ! શિષ્યના દુઃખને દૂર કરવાવાળા ગુરુ દુર્લભ છે. જ્ઞાનરૂપી અંજન-સલાકા (અંજન કરવાની સળી-પ્રેરણા) વડે અજ્ઞાનરૂપી અંધકાર (અંધાપા)ને દૂર કરી જે આંખ ખોલી દે છે અર્થાત્ જ્ઞાનનું દાન કરે છે તે ગુરુદેવને નમસ્કાર હો. (મંત્ર : ૨૪ અને ૨૫)

**इति मत्वा साधकेन्द्रो गुरूतां कल्पयेत् सदा ।**
**ज्ञानिन्येव शिष्य-भक्तया केवलं कल्पना शिवे ! ॥ २६ ॥**
**शान्तो दान्तः कुलीनश्च शुद्धान्तःकरणः सदा ।**
**पञ्च-तत्वार्चको यस्तु सद्-गुरूः स प्रकीर्तितः ॥ २७ ॥**

ઉપરની વાતને સમજીને જ સાધકે સદાય 'ગુરુતા' (વડપણ)ની ભાવના કરવી જોઈએ. હે શિવ! જ્ઞાની લોકોમાં જ ભક્ત-શિષ્યોના "ગુરુત્વ" (વડિલપણા)ની કલ્પના કરવામાં આવે છે. શાંત, સંયમી, કુલીન, સદાય શુધ્ધ અંતઃકરણવાળા અને પાંચ તત્ત્વોને પૂજવાવાળા (જાણકાર અને ઉપાસના કરનાર) જે જ્ઞાની છે, તે જ સદ્‌ગુરુ કહેવાય છે. (મંત્ર : ૨૬ અને ૨૭)

(- ક્રમશઃ)

★ ★ ★

# ગાયત્રી ઉપાસના અધિકાર મીમાંસા

લેખાંક : ૩

....✍ **શ્રી દિલીપ રૉય**

સૂર્યના તડકામાં, ચંદ્રમાની જ્યોત્સ્નામાં નીલધવલ આકાશ તળે, શીતળ મલયપવનમાં બેસવાનો અધિકાર તો મનુષ્યમાત્રને છે. પુણ્યતોયા ભાગીરથી ગંગામાં સ્નાન કરવા ઉપર કોઈનો પ્રતિબંધ નથી. સ્વચ્છ હવામાં શ્વાસ લેવાના, પાણી પીવાના, અન્ન આરોગવાના અધિકારથી કોઈને વંચિત ન કરી શકાય. એ જ રીતે સત્ય બોલવા, કર્તવ્યોનું પાલન કરવા, ઉદારતા દાખવવા કે સંયમી રહેવા અંગે કોઈને ટોકી શકાય નહી પરંતુ તેમને પ્રોત્સાહિત કરાય. ઈશ્વરસ્મરણ પણ આવું જ એક પુણ્યકાર્ય છે, જેને માટે ન કોઈને રોકી શકાય કે ન એનો પ્રતિબંધ ફરમાવી શકાય. એ તો મનુષ્યમાત્રનો અબાધિત અધિકાર છે. ગાયત્રી એ પરમાત્માની સર્વશ્રેષ્ઠ અને સાર્વજનિક ઉપાસના છે. તે એક સાર્વભૌમ, સાર્વજનિક ઉપાસના મંત્ર છે. જેને ધર્મ, જાતિ, સંપ્રદાય, દેશ, વંશ, વેશ અને લિંગના ભેદભાવ વિના અપનાવી શકાય છે. મનુષ્યમાત્ર આ ઉપાસનાનું આલંબન લઈ શકે છે અને અપનાવી શકે છે.

સદ્‌બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞાનું મુખ્ય વરદાન, તેની પ્રાપ્તિ અને સિદ્ધિ છે, જે ગાયત્રી ઉપાસનાથી મળે છે. એની પ્રાપ્તિ જેને જેટલી માત્રામાં થશે, તે તેટલો જ ઉન્નત બનશે. તેના ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર ત્યાં ખરી, જ્યાં તેને માટે અનિચ્છનીય કાર્યપદ્ધતિ અપનાવવામાં આવતી હોય. બાકી ગાયત્રી ઉપાસના માટે અધિકારી કે અનધિકારીનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નથી.

છતાં કેટલેક ઠેકાણે એવાં સમર્થનો મળે છે. જેમાં દ્વિજત્વને, બ્રાહ્મણત્વને ગાયત્રી સાથે જોડવામાં આવ્યાં છે. આ સમર્થનનો અર્થ એટલો છે કે જે સાધક ઉત્કૃષ્ટતાવાદી ચિંતન અને આદર્શવાદી કર્તુત્વ

અપનાવીને ચાલે છે. તેમને ગાયત્રી ઉપાસનાને લીધે દિવ્ય પ્રાપ્તિઓ ત્વરિત અને સફળતાપૂર્વક મળી જાય છે. દ્વિજત્વનો અર્થ છે બીજો જન્મ. બીજો જન્મ એટલે પશુવૃત્તિઓ કે પ્રવૃત્તિઓથી જકડાયેલાં સામાન્ય જીવનક્રમથી ઉન્નત બનીને માનવીય આદર્શોને અપનાવવું. મનુષ્ય જીવનરૂપે પરમાત્માનું જે દિવ્ય વરદાન મળ્યું છે તેને સફળ બનાવવા માટે તેની સાથે જોડાયેલી ઉત્તમ જવાબદારીઓને તત્પરતાથી નભાવવી. નર-પશુની રીતિ-નીતિ ત્યજી દઈને દૈવી પ્રવૃત્તિઓને અપનાવવી જોઈએ. એના માટે વ્રત લેવું પડે અને કૃતસંકલ્પ થવું પડે કે વાસના-તૃષ્ણાની ક્ષુદ્રતામાં જીવજંતુઓની જેમ રચ્યાપચ્યા ન રહેતાં માનવીય ઉત્કૃષ્ટતાઓથી જીવનક્રમને ઓતપ્રોત કરી ઉચ્ચકક્ષાનાં સિદ્ધાંતો અપનાવીને ચાલવું પડે. આવા પ્રકારનું વ્રતશીલ જીવન જ દ્વિજત્વ કહેવાય. પશુવૃત્તિ-પ્રવૃત્તિઓનો ત્યાગ અને દેવ પરંપરાઓના સ્વીકારનું વ્રત લેવું એ ભારતીય પરંપરામાં એક અત્યંત જરૂરી તથા પવિત્ર કાર્ય છે. આવા વ્રતધારીઓ જ દ્વિજ કહેવાય છે. દ્વિજને માટે આદર્શવાદી રીતિ-નીતિ ઘડવી અને લોકોપયોગી કાર્યોમાં રત રહેવાની યોજના બનાવીને ચાલવું જરૂરી છે. આવાં કાર્યોમાં ત્રણ મુખ્ય છે (૧) અજ્ઞાનનું નિવારણ, (૨) અનીતિનું નિકંદન અને (૩) અભાવોનું સમાપન. રુચિ, યોગ્યતા તથા પરિસ્થિતિ પ્રમાણે આ ત્રણેયમાંથી કોઈપણ લક્ષ્યની પસંદગી કરી શકાય.

એ તો ઉલ્લેખનીય બાબત છે કે સંસારમાં જેટલાં કષ્ટ અને જેટલી મુશ્કેલીઓ છે તે બધાંના મૂળ કારણો જ આ ત્રણ છે. એમને નાબૂદ કરી શકાય તો સુખ, શાંતિ અને સુવ્યવસ્થા વધુ જળવાય તથા પ્રગતિની શક્યતા વધે. અજ્ઞાનનું નિવારણ કરનાર વર્ગને પ્રાચીનકાળમાં બ્રાહ્મણ કહેવામાં આવતો હતો. જે વર્ગ અનીતિનું ઉચ્છેદન કરવા માટે સંઘર્ષ કરતો, લડતો હતો તે ક્ષત્રિયો કહેવાતા. અને અભાવોને દૂર કરી સમૃદ્ધિ, સુવિધાઓની વૃદ્ધિ કરનારા વર્ગને વૈશ્ય કહેવામાં આવતો. આ શબ્દો જાતિ અને વર્ગ પ્રમાણેના અર્થોમાં તો પછીથી રૂઢ બન્યા. નહીં તો એમનું પ્રચલન તો એ સ્તરની આદર્શવાદી આકાંક્ષાઓનાં જ પ્રતીકરૂપે થયું હતું. બાકી **જેમનામાં આદર્શવાદી આકાંક્ષાઓનો અભાવ છે. ઉત્કૃષ્ટતા અપનાવવા માટે રુચિ નથી. જે પેટ અને પ્રજનન સિવાય આગળ કશું વિચારતા નથી. તેઓ નીચ અને શુદ્ર છે. શાસ્ત્રકારોએ એમને જ શુદ્ર ગણ્યા છે.** આ ભાવનાત્મક વર્ગીકરણ છે. એમાં જાતિ કે વર્ગનો કોઈ પ્રશ્ન જ ઉદ્દભવતો નથી.

જો કે આ સૂત્રથી એ બાબત તો સ્પષ્ટ થઈ જાય છે, જેમાં કહેવાયું છે - "जन्मना जायते शूद्रो, कर्मणा द्विजोच्यते" એટલે કે જન્મથી તો બધાં જ શુદ્ર છે. પણ કર્મોથી જ કોઈ વ્યક્તિ દ્વિજ કહેવાય છે. વધુ સ્પષ્ટરૂપે એમ કહી શકાય કે જે સંકીર્ણ સ્વાર્થવૃત્તિની ક્ષુદ્ર પશુ પ્રવૃત્તિઓમાં સંલગ્ન હોય તે શુદ્ર અને ઉત્કૃષ્ટ ચિંતન તથા આદર્શ કર્તૃત્વ અપનાવનારા લોકો તે દ્વિજ ગણાય. જો કે આ વર્ગોનું કોઈ સ્થાયિત્વ ન ગણાય. એમાં કોઈ એવી જડતા યે નહીં કે તે પરિશુદ્ધ ન બની શકે. વ્યવસ્થા ઘણી સરળ છે. કારણકે આજનો સ્વાર્થી માણસ સુધરીને કાલે આદર્શવાદી બની શકે છે અને આજનો શ્રેષ્ઠ કાલે નીચ પણ બની શકે છે. એ રીતે ધારે તો શુદ્ર, દ્વિજ બની શકે અને દ્વિજોમાંથી અસંખ્ય અપવિત્ર બનીને શુદ્રવર્ગમાં જતાં રહે. એટલે જન્મ, જાતિના આધારે કોઈને શુદ્ર કે દ્વિજ માનવું નિરર્થક છે. જેમ સદાચારીઓનાં બાળકો સદાચારી જ હોય અને દુરાચારીઓનાં દુરાચારી જ હોય એવું ક્યાં હોય છે ? હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહ્લાદ ક્યાં એના બાપ જેવો દુરાચારી હતો ? એટલે અમુક વંશમાં જન્મેલાં લોકો શુદ્ર જ ગણાતા રહેશે અને અમુક પરિવારની પેઢીઓ દ્વિજ જ ગણાતી રહેશે એવું કહેવું તથા માનવું તદન ભૂલભરેલું કહેવાય.

આદર્શવાદી અને ઉત્કૃષ્ટતાવાદી ચિંતનની સાથે જ્યારે ગાયત્રી ઉપાસના કરવામાં આવે તો તે સોનામાં સુગંધ ભળ્યા બરાબર ગણાય. પાસનાથી વધારે મહત્ત્વ

તો સાધનાનું છે. **સાધના એટલે ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને કર્તૃત્વમાં આદર્શવાદિતાનો સમાવેશ.** ઈશ્વરની ઉપાસના અને આદર્શવાદી જીવનસાધના એ બંને ગાડીનાં બે પૈડાં છે. એ બંનેના સહકારથી જ સર્વતોમુખી પ્રગતિની ગાડી અગ્રસર થાય છે. **ઉપાસના અને સાધનાના સમન્વયને જ ગાયત્રી અને દ્વિજત્વની સંજ્ઞા અપાઈ છે.** એ તથ્યને સારી રીતે જાણી લેવાની જરૂર છે કે ગાયત્રી ઉપાસના કોઈ વંશ કે જાતિને જોઈને ફલિત થતી નથી. જો કોઈનો વંશ કે તેની જાતિ જોઈને તેને દ્વિજ ગણવામાં આવશે અને એ આધારે કોઈને અધિકારી કે અનધિકારી ઠરાવવામાં આવશે તો તે અનર્થ જ ગણાશે. **એમાં કોઈ શંકા નથી કે ગાયત્રી ઉપાસનાનો અધિકાર બધાને છે.** આ સામાન્ય બુદ્ધિસંગત તથ્યનાં સમર્થનમાં શાસ્ત્રોનાં ઉદાહરણો પણ છે. ગુહ્યસૂત્રમાં કહ્યું છે-

"सर्वेषां वा गायत्री मनु ब्रूयात् ।" - એટલે કે ગાયત્રીની ઉપાસના સૌ કરી શકે છે.

"चतुर्गानामपि वर्णानाम् आश्रमस्य विशेषतः ।
करोति सतत शान्ति सावित्री उत्तमा पठत् ॥"
- મહાભારત

એટલે કે ચારે વર્ણ અને ચારે આશ્રમોમાં રહેનારા કોઈપણ સાધક જે આ ઉત્તમ ગાયત્રી મંત્રનો જાપ કરે છે તે પરમ શાંતિને પ્રાપ્ત કરે છે.

એ યાદ રાખવાની જરૂર છે કે બ્રાહ્મણ શબ્દ માત્ર કર્મકાંડ પરાયણ વ્યક્તિ માટે જ પ્રયોજાતો નથી પરંતુ આ શબ્દનો વાસ્તવિક આશય બ્રહ્મ પરાયણ જીવન વ્યતિત કરનાર માટે છે. **જે આત્મશોધન અને પરમાર્થ પ્રયોજનમાં મગ્ન રહીને બ્રહ્મતેજની અભિવૃદ્ધિ કરે છે, તેને જ બ્રાહ્મણત્વનું પદ મળે છે.** અને તેને જ પૂજનીય માનવમાં આવે છે.

તે દરેક વ્યક્તિ જેને આત્મિક પ્રગતિની ઉત્કંઠા છે, આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની ધગશ છે તે નિઃસંકોચપણે ગાયત્રી ઉપાસનામાં પ્રવૃત્ત થઈ શકે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ગાયત્રી એ બ્રાહ્મણોની કામધેનુ છે. બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ એ ગાયત્રી ઉપર આધારિત છે. **જે બ્રાહ્મણ ગાયત્રીને ત્યજી દે છે તે બ્રાહ્મણત્વથી ભ્રષ્ટ છે. એવા નામધારી બ્રાહ્મણોને શાસ્ત્રકારોએ 'ચાંડાલ' કહીને બ્રહ્મકર્મોથી બહિષ્કૃત કરવાની ઘોષણા કરી છે.** બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરવા માટે ગાયત્રી ઉપાસના જરૂરી છે. સાવિત્રી અને સત્યવાનની કથામાં આ રહસ્યને સારી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. સાવિત્રી એ ગાયત્રીનું જ બીજું નામ છે. તે સત્યવાન-સત્યને જ વરે છે. પ્રાણનું રક્ષણ કરનારી ને જ ગાયત્રી-સાવિત્રી કહેવામાં આવે છે. ગય - પ્રાણ અને ત્રી - રક્ષિકા. એટલે કે પ્રાણોનું રક્ષણ કરનારી ગાયત્રી. જેન સાવિત્રી વરે એવો સત્યવાન સાધક અજરામર થઈ જાય છે. ગાયત્રી ઉપાસક જો સત્યવાન જેવો હશે તો જ તે સાધનાનો પૂરો લાભ લઈ શકશે. તે જ તથ્યને બ્રાહ્મણોની 'કામધેનુ' કહીને પ્રગટ કર્યું છે. **જે સદાચારી, સંયમી, પરોપકારી, નિર્લોભી અને નિઃસ્વાર્થી છે એવો બ્રહ્મપરાયણ માણસ જ ગાયત્રી ઉપાસનાનાં સઘળાં લાભો પ્રાપ્ત કરી શકે છે.**

પણ આનો અર્થ એ કદાપિ નથી કે જે જન્મથી બ્રાહ્મણ કુળમાં પેદા થયો છે તે જ ગાયત્રી જાપ કરે: અન્ય વર્ણના લોકો ગાયત્રી ઉપાસના ન કરી શકે. આ મહામંત્ર તો માનવમાત્રનો ઉપાસના મંત્ર છે. જેમનાં મન આસુરી વૃત્તિઓથી છવાયેલાં છે, જેમને ઉપાસનાની વાત જ અણગમતી છે, અને તેનો ઉપહાસ કરે છે, અવિશ્વાસગ્રસ્ત હોવાને લીધે તેમને એમાં અભિરુચિ જ નથી કે એ માટે અવકાશ જ મળતો નથી. જેમણે ઉપાસના અને આસ્તિકતાનો બહિષ્કાર કર્યો છે, તે બધાં અનધિકારી છે. ચાંડાલ પ્રકૃતિના છે. તેમનો ગાયત્રી ઉપર કોઈ અધિકાર નથી.

(- ક્રમશઃ)

★ ★ ★

## "મહામાયા"

....✍ શ્રી ચિન્મય જાની

(શ્રી ચિન્મય જાનીની 'મહામાયા' નવલકથાના ૧૯મા પ્રકરણનો એક ભાગ અહીં પ્રસ્તુત કર્યો છે, જેમાં એક યાત્રિકનાં ચૈતસિક સંવેદનોનું નિરૂપણ ખૂબ જ કલાત્મક રીતે લેખકે કર્યું છે.)

હરદ્વાર સુધીનો પ્રવાસ આકરો હતો. વૈશાખ પૂરો બહેક્યો હતો. પુરજોશથી એનો વૈભવ લાલકેસરી ગુલમોરના ઘટાટોપમાં અને વારે વારે વંટોળથી દઝાડતી લૂમાં ફાલી રહ્યો હતો. બપોરે ટ્રેઈનનો ડબ્બો તપી જતો. પણ બધા યાત્રાળુઓ બે જ ડબ્બામાં નજીક નજીક ગોઠવાઈ ગયા હોવાથી વાતોમાં અને આરામમાં સમય વીતી જતો હતો. સંચાલક અનુભવી હોવાથી રોજના ચાનાસ્તા અને જમણવાર ચટાકેદાર અને સંતોષકારક રહેતા. યાત્રામાં સૌથી વધુ સગવડ અને આરામ મળી રહે એવી ઢબનું કમ્પાર્ટમેન્ટ બનાવેલું હતુ. પરિણામે નાહવા માટે પણ પ્લેટફોર્મ પર ઊતરવાની જરૂર પડતી નહોતી.

રાધા માની તહેનાતમાં ખડે પગે રહેતી અને લીલાધરની જરૂરિયાતો તરફ પણ ધ્યાન રાખતી. અચ્યુત સાથે નજર મળતી ત્યારે એના મીઠા ઊંડાણમાં એ ડૂબી જતો, અને ઝબકીને આંખ ઢાળી દેતો. શું હતું એની નજરમાં ? - કરુણા ? આવાહન ? માદકતા ? નિર્દોષતા ? કે યૌવનનો ટંકાર ? અચ્યુત એમાંથી કંઈ પણ ઝીલવા અસમર્થ હતો. મહાદેવની જટામાં રહેલી ગંગા મુક્ત થઈ જ્યારે ધોધમાર વહી રહીં ત્યારે માર્ગમાં આવતી તમામ જડચેતન વસ્તુઓને ખેંચી ગઈ એમ એની ઉન્માદક દૃષ્ટિ પોતાને સમૂળગો ખેંચી જશે કે શું ? અચ્યુત વિચારભારમાંથી મુક્ત થવા પુસ્તકોમાં ડૂબી ગયો. ટ્રેન દિલ્હી રોકાઈ ત્યારે સૌની સાથે દિલ્હી જોવા ફરવા ન ગયો.

રાત્રે ટ્રેન બદલી હરદ્વાર જવા રવાના થયાં. સવારે હરદ્વાર પહોંચ્યાં. સંચાલકે તુર્ત સૌને હરકીપૌડી લઈ જઈ ગંગાસ્નાનનો પ્રબંધ કર્યો. ઘાટ પર સાંકળ પકડી વિદ્યુત જેવો ચમકારો આપતા ગંગાપ્રવાહમાં ડૂબકી મારતાં અચ્યુતની સમગ્ર કાયા થરકી ઊઠી અને નવું જ જીવન અનુભવી રહી. એને લાગ્યું કે આ જીવનમાં કે ગતજન્મોમાં જાણતાં-અજાણતાં પાપ કે અનાચાર થયા હશે એ ડૂબકીએ ડૂબકીએ ધોવાતાં જાય છે. સગરના હજારો મૃત પુત્રોનો ઉદ્ધાર ન થાય તો જ નવાઈ ! ભીષ્મ જેવો સમર્થ પુત્ર આવી ગંગાના ઉદરમાંથી જ પ્રગટ થાય ! મનોમન એ મહાનદી ગંગાને નમી રહ્યો, અને એના મૂળસ્રોતને નીરખવા અલકનંદા, મંદાકિની અને ભાગીરથીને મલવા મન તલસી રહ્યું.

બધાએ ના પાડવા છતાં માતા પણ ગંગામાં નાહી. રાધાએ એને ઘણી રોકી, પણ ના રોકાઈ. રાધાએ પણ એકબે ડૂબકી મારી લીધી. લીલાધરે અને શેઠે એ બરફ જેવા પાણીમાં સ્નાન કરવાનું જોખમ લીધું નહિ.

સૌ દર્શન કરી સ્ટેશને પાછાં આવ્યાં. રાત ટ્રેઈનના ડબામાં જ ગાળવાની હતી. અને પછી બીજા દિવસે બસનો સળંગ પ્રવાસ શરૂ થવાનો હતો. તેથી પુરાણકાળમાં પોતાના પિયરમાં પતિની અવજ્ઞા અને નિરાદર નિહાળી ભ્રમનિરસન થતાં પશ્ચાત્તાપ અને ક્રોધના અગ્નિમાં સતી પાર્વતી કૂદી પડેલાં એ સતીકુંડ જોવા સૌ કનખલ જઈ આવ્યાં, તેમ જ સપ્તર્ષિ આશ્રમ અને કાંગડી ગુરુકુલની મુલાકાત પણ લીધી. સાંજે હરકીપૌડી પર ગંગાજીની અનેક જ્યોતવાળી આરતી ઉતારવામાં આવી તેનાં દર્શન કરી સૌ પાછાં વળ્યાં. રાતનું સાદું ભોજન પતાવી પોઢી ગયાં.

સવારે વહેલા તૈયાર થઈ સૌ બસમાં બેસી ગયાં, અને હૃષીકેશ ગયાં. મંદિરો આગળ સંખ્યાબંધ ભિખારીઓ અને રોગીઓ હાથ લંબાવી બેઠા હતા. એ જોઈ અપાર દુઃખ અને કરુણાના ભાર હેઠળ અચ્યુત ખિસ્સામાંથી સિક્કા કાઢી આપતો ગયો. કદાચ એ

અભાગીઓનું દુઃખ થોડુંક ઓછું થાય ! અને એમના ચહેરા પર રાહતની લકીર ઝળકે ! બીજા થોડાક યાત્રાળુઓ એને અનુસર્યા. આમ તો રોજ જ થતું હશે ને ! કેટલાક બુદ્ધિવાદીઓ અને સામ્યવાદીઓ જેને પ્રગટ રીતે ધિક્કારતા હતા એ દાનપદ્ધતિથી માનવજાતના થોડાક દુઃખી વિભાગને રાહત મળતી હતી, અને **દાન આપનાર કંઈ જ આપતો નહોતો પણ કરુણાની સંવેદનામાં પોતાના અસ્તિત્વને ઊંચે લઈ જતો હતો,** એનું નિમિત્ત બનવા બદલ આ મૂર્તિપૂજાનાં મંદિરો ખરેખર તો નિર્ગુણપૂજા અને સમષ્ટિપૂજાનાં મહામંદિર બની રહ્યાં હતાં. મંદિરો તરફનો અચ્યુતનો રહ્યોસહ્યો અભાવ નિર્મૂળ થઈ ગયો. બહાર બેઠેલા નિર્બળ અને અભાવપીડિત ખેપિયાઓને વટાવ્યા પછી જ, સૃષ્ટિના શણગારને હાથ જોડવા જઈ શકાય એમ હતું. એમના આશીર્વાદ જ યાત્રિકને પરમધામમાં લઈ જાય ! એથી જ કદાચ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું હશે કે જ્યાં સૂર્ય, શશી કે પાવક દેખાતા નથી અને જ્યાં પહોંચ્યા પછી કદી પાછા ફરવાનું રહેતું નથી એ મારું પરમધામ છે ! મહાવીરે, બુદ્ધે અને ઈશૂએ પણ એ જ કહેલું ને !

રસ્તામાં લક્ષ્મણઝૂલાનો પ્રેક્ષણીય પૂલ ઓળંગ્યો. નીચે વહી જતી ગંગાના કિનારે અસંખ્ય દેવમંદિર હતાં. બધે જવાનો સમય નહોતો. તેથી સ્વર્ગાશ્રમ, ગીતાભવન અને પરમાર્થનિકેતનમાં ફર્યા. પરમાર્થનિકેતનના નાનકડા બગીચામાં હરિશ્ચન્દ્ર-તારામતી-રોહિતનાં પૂતળાં જોઈ અચ્યુતનું હૃદય ભારે થઈ ગયું. કર્તવ્યપાલનનું ધર્મસંકટ લોકોત્તર જીવોને પણ કેવી યાતનામાં નાખે છે એનું પ્રત્યક્ષ ઉદાહરણ આ સત્યપૂજક રાજાએ આપેલું. તેથી જ ત્યાં સત્ય-અહિંસાના પ્રતિપાદક ગાંધીજી અને અન્ય મહાત્માઓનાં પૂતળાં પણ હતાં. સત્યવાન-સાવિત્રીની પ્રતિમાઓએ અચ્યુતના ચિત્તમાં મહર્ષિ અરવિંદ અને એના મહાકાવ્ય સાવિત્રી અને એમના પૂર્ણયોગની સ્મૃતિ જગાડી.

હૃષીકેશથી ઊપડેલી બસ દેવપ્રાયગ, શ્રીનગર, રુદ્રપ્રયાગ, ગુપ્તકાશી, ઉખીમઠ, ત્રિયુગીનારાયણ, સીતાપુર અને ઉખીમઠનાં તીર્થસ્થાનો પર થોડુંક થોડુંક થોભતી ગૌરીકુંડ પહોંચી. અલકનંદા અને ભાગીરથીનો સંગમ જોયો. કેટલાંક સ્થળે તો વસ્તી પાણીમાં લોટ ભેળવી રસોઈ કર્યા વિના જ ખાતી હતી. એમની પાચનશક્તિ વિષે અચ્યુત વિસ્મિત થયો. બસ મુશ્કેલ અને જોખમી વળાંકો ઝડપથી વટાવતી આગળ ધપી રહી હતી ત્યારે આ પરમપવિત્ર વાતાવરણમાં વર્તમાન અને ભૂતકાળ સંભાળી અચ્યુતની આંખોમાંથી વિવશપણે આંસુની ધાર વહેતી, અને એ છૂપાવવા એણે કશો પ્રયત્ન કર્યો નહિ, કારણ મંદાકિનીના પ્રવાહની માફક એ અંતઃસ્રોતાના પ્રવાહને રોકવાનું અશક્ય હતું. એને લાગ્યું કે એનું હૈયું વધુ ને વધુ વિકસિત બની બ્રહ્માંડને પોતાનામાં સમાવી લેવા ખુલી રહ્યું હતું. એ આંસુથી અભિષેક પામી અંતરનું સિંહાસન પરમપવિત્ર બની કોઈ વિરાટ અસ્તિત્વના અવતરણ માટે તૈયાર થઈ રહ્યું હતું. એને સુંદરમ્‌નું કાવ્ય 'વિરાટની પગલી' યાદ આવ્યું અને એ વધારે ગદ્‌ગદ બન્યો. એવા કંઠે એ ગાઈ કે ગણગણી શકે તેમ નહોતો, પણ મન ગાતું હતું :

*મારા આતમને આવાસ, પ્રભુ તારી પગલી પડે,*
*મારા અંતરઆંગણ માંહ્ય મગન કેરી આંધી ચડે.*

પગલી તો પડી કે નહિ એ કોણ જાણે, પણ એની વાટ જોતાં અંતરના આંગણામાં જબરી આંધી ચડી હતી જરૂર. કદાચ આ જ મુક્તિ કે સમાધિ હશે જેનું યોગીઓ અને જીવન્મુક્ત તત્ત્વજ્ઞો અને સિદ્ધો અલંકારિક જટિલ વાણીમાં વર્ણન કરતા હશે ? વિદૂરની ભાજી શ્રીકૃષ્ણે ખાધી અને શબરીનાં બોર રામે ખાધાં ત્યારે એમણે એવી જ આંધી અનુભવી હશે ? માતાની ગાંડીઘેલી બાધાએ એને મુક્તિની પાળ પર લાવી દીધો હતો !

માતાની યાદ આવી એટલે એણે માતા તરફ નજર કરી. માતા થોડુંક મલકી : પણ એ અસ્વસ્થ હોય

એમ લાગ્યું. માતાની પાસે બેઠેલી રાધિકાની આંખોમાં પણ આંસુ તરવા માંડયાં હતાં એ ધ્યાનમાં આવતાં અચ્યુતે રૂમાલથી પોતાની આંખો લૂછી નાખી. હસવાનો પ્રયત્ન કરવા છતાં હસી શકયો નહિ. બીજાં સૌ વાતોમાં મશગૂલ હતાં અને બસની એકધારી ગતિથી કેટલાકને ઝોકાં આવતાં હતાં.

આખરે બસનો એ દિવસનો પ્રવાસ પૂરો થયો. ગૌરીકુંડ પહોંચી આયોજકે દરેક સમૂહને ધર્મશાળાની અલગ અલગ ઓરડીઓ ફાળવી આપી, અને હારબંધ બેસાડી જમાડયા. પરોઢિયે ઊઠી કેદારનાથ પહોંચવા આઠ માઈલનું વિકટ ચઢાણ ચઢવાનું હતું એ માટે દરેકની ઈચ્છા પ્રમાણે ઘોડાં, ડોલી અને કંડીનું બુકિંગ કરાવ્યું. મા તો થાકેલી જણાતી હતી એમ એના ઊતરી ગયેલા ચહેરા પરથી જણાયું. એનેપૂછયા વગર એના માટે ડોલી અને પોતાના માટે ઘોડો બુક કરાવ્યાં. રાધાએ અને એના પતિએ ઘોડાની પસંદગી કરી. શેઠ ડોલીમાં જવાના હતા. થોડુંક જ જમી મા સૂઈ ગઈ. અચ્યુતને એ અસાધારણ લાગ્યું, કારણ માએ બોલવાનું બંધ કરી દીધું હતું. એના કપાળે સ્પર્શ કરતાં સહેજ ગરમ લાગ્યું. અચ્યુતે એને ઉઠાડી તાવની ગોળી આપી અને પછી ખૂબ ઓઢાડી સૂવાડી. ઠંડી પણ ખાસ્સી હતી.

સવારે એકેએક યાત્રિક સમયસર ઊઠી ગયો હતો. પોહ ફાટે એ પહેલાં ઘોડા, ડોલી અને કંડીવાળા મજૂરો યાત્રિકોને લઈ ચાલવા માંડયા હતા. ગરમ ચા પીને ગરમ પાણીથી નાહ્યા પછી પ્રવાસે નીકળતાં સૌનો ઉત્સાહ સારો હતો. પણ ઘોડા પર બેલેન્સ જાળવતાં અચ્યુતને શરૂઆતમાં સારો એવો શ્રમ પડતો હતો. કારણ સાંકડા રસ્તાની એક બાજુ ઊંડી ખીણ દેખાતી અને ઘોડો વારંવાર ખીણ તરફની કિનારીએ ચાલવાની વૃત્તિ ધરાવતો. ખીણમાં નજર પડતાં ચક્કર આવે એમ હતાં, તેથી અચ્યુતે ખીણ તરફ નજર કરવાનું ટાળી માત્ર ચઢાણ તરફ જ નજર રાખી આજુબાજુ દેખાતાં હિમશૃંગ અને ઊગતા સૂરજના તેજરંગ અને પવનના રથમાં દોડી જતાં વાદળો પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. અહીં સૃષ્ટિસૌંદર્યે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું હતું. કદાચ પાંડવો તેથી જ જીવનના અંતિમ તબક્કામાં હેમાળો ગાળવા અહીં આવ્યા હશે ! અચ્યુતને એક નવીન પ્રકારની નિર્ભયતા અનુભવવા મળી. ઘોડો કેડીની કિનારીએ ચાલે તોપણ શું ? એનો પગ સરકે તો સીધા ઊંડી ખીણમાં પછડાવાનો વારો આવે. પછી જીવવાની તો શક્યતા જ શાની ? આવા ભવ્યદિવ્ય સ્થળે મોત પણ ક્યાંથી ?

પણ ઘોડો મંથર ગતિથી ચાલતો એને રામવાડા થઈને કેદારનાથ ઉપર લઈ આવ્યો. ડોલીવાળા પણ આવવા માંડયા. રાધા-લીલાધરને લઈ આવતા ઘોડા પણ દેખાયા. ઘોડા પરથી ઊતરી અચ્યુતે એની માતાનો ઉપાડી લાવતા ડોલીવાળાને મંદિર સુધી લઈ જવાની વિનંતી કરી. થોડીક આનાકાની કરી દસ રૂપિયાની વધારાની નોટ મળતાં ડોલીવાળો તૈયાર થયો. માતાની ડોલી સાથે સાથે અચ્યુત, રાધા, લીલાધર અને શેઠ પણ ચાલવા માંડયા. ત્યાંની ખડકાળ અને ઝરણાંવાળી જમીન પર અચ્યુતને દોડવાનું મન થયું. પણ માતાને સાથ આપતાં ઝડપથી ચાલતાં એ પાંચેક મિનિટે મંદિરે પહોંચી ગયો. મંદિરની પાસે જ વૈભવી ધર્મશાળા હતી, ત્યાં સૌનો ઉતારો હતો, અને ત્યાં પહોંચ્યા ત્યારે જમવાનું પણ તૈયાર હતું. માતા ઢીલી પડી ગયેલી લાગતી હતી. શરીર સહેજ ગરમ હતું. આયોજકને ખાસ વિનંતી કરી ભોજનની થાળી તૈયાર કરી અને માને સૌથી પહેલાં જમવા બેસાડી. બેચાર કોળિયા જમી માએ થાળી બાજુએ ખસેડી. આટલી ઊંચાઈ ઉપર હવા પાતળી હોવાથી પ્રાણવાયુના અભાવે કદાચ માને ગભરામણ થતી હશે એમ શેઠે કહ્યું. સંઘમાં આવેલા એક ડૉક્ટરે તાત્કાલિક ઉપાય તરીકે રક્તદબાણની એક ટીકડી ગળાવી અને એક બંધ રૂમમાં ગરમ ધાબળા ઓઢાડી માને સૂવાડી દીધી.

માની ચિંતા ઓછી થતાં અચ્યુતે બધાની સાથે બેસીને જમી લીધું. ભોજન સ્વાદિષ્ટ તો હતું, પણ ઉત્સાહભર્યા વાતાવરણમાં વધારે સ્વાદિષ્ટ લાગતું હતું. માતાની ચાકરીમાં પડયો હોવાથી અચ્યુત બધાંની સાથે મંદિરમાં જઈ શક્યો ન હતો. તેથી ભોજન લીધા પછી એ રાધા, લીલાધર, શેઠ અને ડૉક્ટર સાથે મંદિરમાં ગયો. કોઈ મૂર્તિ કે લિંગ નહોતું. એક વિશાળ ખડક તૂટી પડયો હોય અને એને કેદારની મૂર્તિ તરીકે સ્થાપી લીધો હોય એવો એનો આકાર હતો. અન્ય દર્શનાર્થીઓ હરોળમાં ઊભા રહી વારાફરતી આ કાળી શિલાને શિવસ્વરૂપ માની આલિંગન આપતા હતા. એવી કેદારદર્શનની રૂઢિ હતી. દૂરથી માત્ર દર્શન કરવાને બદલે સર્વાંગે શિવને સમાવવાનો આ પ્રયાસ વધારે આધ્યાત્મિક હતો. પણ આ અખિલ શિવલિંગને ઘીથી સ્નાન થયેલું હોવાથી ખુલ્લા દેહે જ આલિંગન આપી શકાય એમ હતું. અચ્યુતે એ પૂજા બીજા દિવસની સવાર માટે બાકી રાખી, અને બહાર આવી મંદિરની પાર્શ્વભૂમિમાં ઝળકી રહેલા નગાધિરાજની ઝાંખી કરવા સૂર્યપ્રકાશમાં આસન પાથર્યું.

દૃશ્ય અદ્દભુત હતું. હિમાચલનો નીચેનો ભાગ દૃષ્ટિગોચર થતો ન હતો, કારણ ત્યાં વાદળાં ટોળે વળ્યાં હતાં. વચ્ચેનો ભાગ સૂર્યના તેજને પરાવર્તિત કરી સુવર્ણરસિત બની ગયો હતો, અને એની પાર્શ્વભૂમિમાં મંદિરની ભવ્યતા ઓર વધી જતી હતી. સમગ્ર બરફનું આવરણ સોનેરી બની ચળકી રહ્યું હતું. છેક ઉપરના ભાગે વળી કાળાં વાદળ શિખરને ઢાંકી દેતાં હતાં. દૂર ખીણ દેખાતી હતી અને ત્યાં માત્ર વૃક્ષોની લીલોતરી હતી. કદાચ આવા નગાધિરાજને જોઈને કાલિદાસે મેઘદૂત લખ્યું હશે ! કદાચ આ પ્રભાવકારક પ્રકૃતિ પાછળ યક્ષો, ગાંધર્વો અને દેવલોક છૂપાયા હશે એવી કલ્પના સ્ફુરી હશે ! અચ્યુત એમને શોધવા ઊભો થઈ ચાલવા માંડયો. ચાલતો ચાલતો મંદિરની પાછળ થઈને પર્વતની એક કેડી પાસે આવ્યો, ત્યારે શિખર પરનાં વાદળાં સર્વત્ર ફરી વળ્યાં, નગાધિરાજનું સોનેરી આવરણ ખસી ગયું અને પવનનો સુસવાટો સંભળાયો. એ સુસવાટામાં કેડી પર ઊભાં ઊભાં એણે દૂર દૂરથી પોકાર કરતું નિમંત્રણ પણ સાંભળ્યું.. ચાલ્યો આવ.. ચાલ્યો આવ..

પણ મહાપ્રભુ ચૈતન્યની માફક એ પોકારમાં અટવાઈને એ કેડીથી આગળ પગલાં ભરે અને પ્રકૃતિમાં એકરૂપ થાય એ પહેલાં પવનના ઝપાટાએ એને ઉપાડીને ફેંકી દીધો. પછડાટના આઘાતમાંથી બહાર આવ્યો ત્યારે એણે પોતાની કાયા આદિશંકરની સમાધિ પાસે પડેલી જોઈ.

થોડો મૂઢ માર વાગ્યો હતો, છતાં એ ઊઠીને સમાધિ તરફ ગયો. દરવાજો ખોલીને એ સમાધિ પાસે આવ્યો, અને નતમસ્તકે ઊભો રહ્યો. બત્રીસ વર્ષનું આયુષ્ય પૂરુ કરતાં પહેલાં હજાર વર્ષ પહેલાં, ભરતખંડના દક્ષિણે, પશ્ચિમે, પૂર્વે અને ઉત્તરે ફરી વળી સર્વત્ર ઉપનિષદોના તત્ત્વસારને પ્રસ્થાપિત કરી આ અસાધારણ યોગી પુરુષે છેલ્લી યાત્રા હિમાલયની કરી છેલ્લો મઠ હિમાલયમાં સ્થાપી, પ્રચ્છન્નબુદ્ધ હોવાનો આરોપ વહોરીને પણ ઘાટઘૂટ વિનાના શિવલિંગની સ્થાપના કરી, હિમાલયની છાયામાં પોતાનાં છેલ્લાં ધ્યાન-ધારણા-સમાધિ પૂરાં કર્યા હતાં. એના આ અવશેષ હતા. અચ્યુત હાથ જોડયા વિના ન રહી શક્યો. જાણે આજે ય આ સ્થળે સ્વરો સંભળાતા હતા - ચિદાનંદ રૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ !

એની તંદ્રિત ચેતનાને સફાળી જગાડતો કોઈનો હાથ એના ખભે મૂકાયો. અચ્યુતે પાછા વળી જોયું. એક ભગવાંધારી ઊંચો ગોરો પુરુષ એનો ખભો સ્પર્શી ઊભો હતો. થોડીક ક્ષણ અચ્યુતની નજરમાં નજર મેળવી એણે પૂછયું, "અહીં રહેવું છે કાયમ ?"

★ ★ ★

## PIMAGE...

## [5] 'જીવનના રંગ'

....✍ લેફ. કર્નલ શ્રી સી.સી. બક્ષી

"SALUTATIONS TO THE REVERED GURU"

18.4.92

Gandhinagar

Dear Parul,

Eventhough your exam is hardly a month away, you spare some time to look me up. I feel happy.

We talked **abundance or fullness.** "That's enough; Adequate." There are saints and devotess of God who live in voluntary poverty, depending fully and only on God for their sustenance. Such people live by faith alone. They trust in God. There is a book, "Dhartini Arati." It is a collection of Swami Anand's writings, selected and compiled by Shri Mulshankarbhai Bhatt of Bhavnagar. One of the chapters is 'my cousins," that is other Sadhus. One young sadhu was on his way to Badrinath. At one of the free food distribution centres he had his meals. The clerk said, "Here, take a couple of **rotis**, for on the way there are no food centres." That sadhu non-chalantly replied, "Baba, **a Sadhu does not worry about his next meal.**" This is called **akashi roji,** depending solely on God. In Saurashtra we had Sant Devidas. Shri Jhaverchand Meghani, in his book "Puratan Jyot," tells the story of the saint. In praise of the saint we have a couplet, which means.

"Some people have fields and farms, some have lands and estates. But for devotees of Lord Neelkanth, God provides the wherewithal."

Our Narsi Mehta also belonged to that class. But this vow is very difficult to keep. These people subsist on minimum means. They are content with little. But this is not practicable by us. yet it is quite possible to limit our requirements and wants. Those saints declared, "God alone is enough." "O God all this, the universe is yours and you are mine." Thus they say, they possessed the universe and God. In our lives, we have some desires and ambitions always. But we must deserve before we desire and to deserve, we must plan our living meticulously.

According to me, the first and foremost thing to do is to organise your time. Because a moment that passes is gone forever. Another very important thing is our thoughts, our minds. That is the master key to success. I do not have the time or energy now, otherwise I would have read the Patanjal Yoga Sutra to you. It is my favourite subject. Control of mind is not easy, but then, it is not impossible. It can be acquired by hard work. Observe your thoughts and your emotions. Rushi's guru, Shri Bade Maharaj-ji used to say that "the mind is greedy and covetous; it is frisky and restless; it is a thief and totally unreliable. Therefore do not trust your mind to guide you; because it flits and flickers from moment to moment, presenting a different facel every moment." Cultivate your wisdom and the power of discrimination. As I said, we must deserve before we desire. If you want to be a doctor, you should obtain a medical degree. But the surprising thing is that out of a thousand doctors who get the degree, only a few make it to the top. They have fully absorbed and mastered their professional knoweldge.

You are reading for your exams. Read with comprehension. Absorb what you read, not just to pass the exam. You will certainly pass but if you absorb the knowledge, you will become highly competent, head and shoulders above others. When a person desires to get something worthwhile in life, he must exert and work hard for it. To achieve greater goals you have to put in greater effort. Parul, all actions follow thought. I had told you about

*zen*. It is very popular in Japan. It is the same thing as *dhyana* in Sanskrit. The Jains call it *kay-gupti*, control of the body movements. Sit, stand or lie down, but the body must remain absolutely still during the practice, like a statue. Exactly opposite is the example of a monkey. He can't remain still even for a second. That is why the mind is called a monkey. First of all, you should render your body motionaless, sitting, standing or lying down. In the Yoga Sutra, *asana* is defined as a bodily posture which keeps the body still and comfortable. I am not referring to the standard meditation poses. Ensure that while sitting, your spine remains naturally straight. Now close your eyes and sit motionless. As you practice, you can sit still for hours. Actually you should be able to sit still for three and a half hours. But that comes after long practice. In your case thirty minutes should suffice. When the body becomes still, the mind follows suit. The number and types to thoughts get reduced. Do not be rash with your mind. Just watch your thoughts, with your eyes closed. In the beginning there will be great upheavals of queer, violent thoughts. Let them be. In a few days the hordes and crowd of thoughts will thin out. The dirty, voilent, mean, angry, agitating thoughts will, by degrees, disappear altogether. There will be no vacuum, though. Other good thoughts of love, affection, compassion, forgiveness, etc. will arise. Your mind will learn to concentrate and to obey you. **In this whole world, there is no other useful, effective and versatile tool than a concentrated mind.** The powers and reach of such a mind are immense, stupendous and unlimited.

Numerous inventions, discoveries and an explosion of technologies are all the products of concentrated minds. Along with concentration, your sense perception spectra will be enhanced at both ends.

Take, for example, hearing. Normally we have a fixed audio range for our ears. Certain sounds, which are above or below the range are inaudible to us. But that does not mean that there are no other sounds. Kabir Saheb was a friend of all; Hindus, Muslims, everyone. As he passed a mosque, the crier was calling the faithfuls to pray at the top his voice; praising Allah for His greatness *"Allaho -akbar."* Kabir saheb joked, "Why do you shout ? Is the Lord deaf ? He is omniscient. He can hear the jingling of the anklets on an ant's feet."

Beta, try and understand this. Theoretically there is no sound without movement; and there is no movement without sound; that's why Kabir saheb talked about the anklets on an ant's feet.

The poachers hunting small game like rabbits and deer, take along specially trained stalker dogs. They use special types of whistles to call the dogs. They are called dog-whistles. Even the hunter who blows it cannot hear the whistle, but the dog hears it. All our sense perceptions have an upper and a lower range or a spectrum of frequencies. But by concentration of the mind these ranges can be enhanced incredibly. For us, it is not necessary to practice for hours. Half hour sittings morning and evening should suffice. We need to be wide awake and alert constantly.

Even the smallest details of Gandhiji's life makes very interesting reading. He had acquired such a degree of mind control, so much concentration and total awareness that he said. "not a single word will escape my lips unconsciously, without my knowledge, awareness." This is no small achievement. Our senses, smell, taste, sight, touch and hearing give us the awareness. Their sum total to the mind, on those live senses plus the mind. The mind can, of course, function independently of the senses, all by iteself and acquire a great deal of information. I will tell you about it later. As the sense perception gets augmented, the organs of work, *"karmendriya,"* also become very efficient. What more can one want ? You

can see all that with your eyes, which you could see with the aid of a microscope or telescope. To read very minute letters engraved on a grain of rice, we normally need a magnifying lens. But a person, who engraves them does not need such a lens, because he has learnt to concentrate his mind. The powers of a concentrated mind are truly miraculous.

**Thought force** is the greatest force. Yesterday we talked a little about **thought force** and the **thought forms**. It is a difficult subject but I will give it to you in small and easy doese. Beti, as yet I do not have the strength to sit for long and explain the subject to you. I get very tired. Yet I will keep telling you about it. You should observe your thoughts. Every night before you go to bed, carry out an .......... and audit of your thoughts and behaviour. The drill is to conduct the introspection backwards from evening to the morning. Do not get disturbed by mistakes of lapses. Do not penatise yourself by fasing. etc. Who is there who is above mistakes ? None. Mistakes may even be repeated. But once you have detected and identified them by introspection they will come under your control.

Parul, in my life, I have been able to achieve a lot. I did not have much formal education and yet I became the first Deputy Director of the Joint Cipher Bureau, a very sensitive top secret department in the Ministry of Defence, with the rank of Lieutenant Colonel. A civilian incumbent would be a Deputy Secretary. I used to meet top scientists, experts, generals and Air Force and Naval officers of similar ranks, Joint Secretaries and took part in conferences and discussions with them. I used to prepare important reports and papers. All this was possible due to an organised training of my mind and hard work, a lot of reading and studies. After retirement, I was the Chief Executive of the white-phosphorous factory of the Excel Industries Ltd. at Bhavnagar. I was never found wanting. Giving examples of myself amounts to the exhibition of my ego. But let me hasten to assure you that at this stage in my life, I don't have to show off. I am only trying to impress upon you what all can be attained by a trained mind and concentration. Beti, you are young, educated, healthy and well placed. What then is impossible for your to achieve ? You can realise any dream. Only, you have to adopt a few rules. Use them in your day-to-day life. This is the master key to success. But always bear in mind the law of cause and effect and you pay the bill. We have discussed all this many times. **In life, there will always be problems, testing times, adversities. But do not lose your cool, courage and patience.**

I read to you a sentence from the Urdu book "Tasawwoof-ki-Batein" about it says "patience must be by choice, not forced." Adopt patience with understanding, not as a pain or punishment, but as an austerity, gladly undertaken. It is a sure process of purification of the mind.

You have your exams in May. And here I am talking to you for hours and on top of it, I write these long letters. But please appreciate that I am an old man in a great hurry. I have great regard and love for you. That is why I present you these pearls of my experiences gathered over all these years. May you conquer the highest peaks of success. May all your ambitions be realised and your wishes be granted. Amen. Life is a *sadhana*, a process of accomplishing excellence. If I can be useful in your quest for excellence, I will consider myself fortunate. In you there is immense power and a great potential. Once the doors of the treasure-trove are unlocked, you will "arrive." I have given you this key to that trove.

May you be happy and joyful. Go on and on and on, upward and forward. I am not capable of giving you blessings but I can and do give you my best wishes. May Baba grant you all that is best for you.

With lots and lots of love

YOUR DADU

(- Contd....)




## મણિદ્વિપ મહિમા

....✍ શ્રી મણિભાઈ આ. નાયક

એક સમય હરિહરને બ્રહ્મા, શોચી રહ્યા આપસ-આપસમાં
સરજ્યા અમને રે... કોણે ?
કાર્ય અમારે શું કરવાનું ? આજ્ઞામાં કોની રહેવાનું ?
એમ વિચાર્યું રે...મનમાં
અદ્‌ભૂત એક વિમાન ત્યાં આવ્યું, દેવોને લઈ ઉડવા માંડ્યું:
ઘૂમી રહ્યું છે રે...બ્રહ્માંડે.
બ્રહ્મલોક બ્રહ્માએ દીઠા, વિષ્ણુ સહિત વૈકુંઠ બહુ દીઠાં
શિવ શોભે છે રે...કૈલાસે.
દેવો ત્રણ અચરજ બહુ પામ્યા. આ સરજન કોણે સરજાવ્યાં ?
સમજાતું નથી રે...મનમાં
ત્યાંથી વિમાન છે ઉડવા માંડ્યું, અમૃતના સાગરમાં આવ્યું;
ઊતરી આવ્યું રે...મણિદ્વિપમાં
ચિંતામણિ ભુવન શોભે છે. સિંહાસન અદ્‌ભૂત ઓપે છે;
માત બિરાજ્યાં રે...મધ્યે.
અંકુશ પાશ ધર્યાં છે કરમાં, બાણ ધનુષ્ય લીધાં છે કરમાં,
જતન સહુ જીવનાં રે...કરતાં
દેવો તણા સંશય છે ટળિયા, કર્તાપણાના ગર્વ જ ગળીઆ;
પ્રણમ્યા મનથી રે...માને
ચિંતામણિ ભુવનમાં આવ્યા, નરમટી નારી રૂપ છે પામ્યા;
માના ચરણમાં રે...નમીયા.
માંનાં ચરણો અદ્‌ભૂત જોયાં, કોટિ બ્રહ્માંડો નખમાં જોયાં,
સ્તુતિ કરે છે રે...ત્રણદેવો.
મા એ નિરખ્યા ત્રણ દેવોને, પુરૂષપણું અરપ્યું દેવોને
શ્રીમુખથી છે રે...મા ઉચ્ચરિયાં.
મારા અંશ તણી શક્તિથી, ભજન કરો મારું ભક્તિથી
સરજન કરજો રે...સૃષ્ટિનાં.
સાવિત્રી બ્રહ્માને અરપ્યાં, વિષ્ણુને લક્ષ્મીજી અરપ્યાં.
પાર્વતી અરપ્યાં રે...શિવને.
મંત્ર તણી દીક્ષા છે આપી, આશિષ ત્રણ દેવોને આપી;
વિદાય થયા છે રે...ત્રણ દેવો.
ધ્યાન ધર્યું દેવોએ, માનું રાજરાજેશ્વરી લલિતામ્બાનું;
સરજન કીધાં રે સૃષ્ટિનાં.
આ મણિદ્વિપનું વર્ણન ગાશે, અંત સમય માનાં દર્શન થાશે;
નિશ્ચય જાશે રે...મણિદ્વિપમાં.

•

## 'રસલ્હાણ મીઠાં હો' ('માઈ કલાપી')

....✍ **પ્રસ્તુતિ : કુ.કનિનીકા જાની**

મને દિનરાત તારા પ્રેમનાં 'મા'! પાન મીઠાં હો
મને દિનરાત તારા નામનાં 'મા'! તાન મીઠાં હો...મને.
સદા મુજ સ્થાન તારા ચરણમાં 'મા'! ચમકતાં રહો,
મને દિનરાત તારાં લાડનાં 'મા'! લ્હાણ મીઠાં હો...મને.
સદા મુજ નામ તારાં શરણમાં 'મા'! ઝળકતાં રહો,
મને દિનરાત તારાં જ્ઞાનનાં 'મા'! તાણ મીઠાં હો...મને.
સદા મુજ ગાન તારાં ભજનમાં 'મા'! ભભકતાં રહો,
મને દિનરાત તારાં રંગનાં રસસ્નાન મીઠાં હો...મને.
કલાપી કુંજગલીમાં સદા મુજ રાસરમણ હો,
મને દિનરાત તારા સંગનાં રસલ્હાણ મીઠાં હો...મને.

•

## ... સંસ્થા સમાચાર ...

....✍ : ડૉ. શ્રી અશોકભાઈ નાયક

**સ્વર્ગવાસી કમળાબહેન પટેલ :**

શ્રીસોમેશ્વર આશ્રમ કડી તથા આપણી પીઠમ્‌ની એકબીજા સાથે આધ્યાત્મિક પ્રવૃત્તિમાં સહયોગી થનાર આજીવન બ્રહ્મચારિણી, સોમેશ્વર આશ્રમ, કડીના અંતેવાસી, કરુણાના પ્રેરનારા તથા વાત્સલ્યમૂર્તિ સદ્‌ગત્ પૂ.શ્રી કમળાબેનને શ્રદ્ધાંજલિ અર્પવા પ.પૂ. શિવગુરુના પ્રમુખસ્થાને એકસભા તા.૧-૨-૯૯ના રોજ કડી શહેરમાં રાત્રે યોજવામાં આવેલ તેમાં વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો અને આપણી સંસ્થા તરફથી નીચે મુજબ સદ્‌ગતને ભાવાંજલિ અર્પિત કરી હતી.

**ભાવાંજલિ :**

પૂ.કમળાબહેન બ્રહ્મલીન થયાં છે, એમનું પવિત્ર જીવન સૌને માટે પ્રેરણારૂપ બની રહેશે. ગુરુ પ્રત્યેનો એમનો સમર્પણભાવ, નિઃસ્વાર્થ સેવાપરાયણતા, કર્તવ્યનિષ્ઠા ખરેખર સૌ કોઈને માટે પ્રેરક બની રહે તેવાં હતાં.

આશ્રમમાં તેઓ સૌની સાથે મીઠાશથી વર્તતાં, સૌમાં ઈશ્વરનો અંશ નિહાળી, સમભાવ-પ્રેમભાવ દાખવતાં હતાં. એમનું જીવન સાદગીપૂર્ણ, ભક્તિમય અને ઉમદાજીવનનો એક સુંદર નમૂનો પૂરો પાડે તેવું હતું.

ગુરુજીએ પ્રબોધેલા સિધ્ધાંતો પર ચાલીને એમણે ગુરુનું ગૌરવ વધાર્યું હતું. તેમને મળેલો ગૌરવશાળી 'સંસ્કાર એવોર્ડ' એની શાખ પૂરે છે.

મા જગદંબા એમના દિવ્યાત્માને ચિરકાળપર્યંતની અક્ષુણ્ણ શાંતિ બક્ષે તેવી પુનઃપુનઃ પ્રાર્થના.

**પાટોત્સવ :**

રાજરાજેશ્વરી પીઠમ, કડીનો સંવત ૨૦૫૫ માઘ વદ પાંચમને શુક્રવાર તા.૫-૨-૯૯ના રોજ પાટોત્સવ ખૂબજ ધામધૂમથી શ્રીપૂજન- પંચદશપ્રકાર પૂજન સહિત ગુરુમંડળના પ.પૂ. ગુરુદેવ સાણંદ નિવાસી શ્રી દેવશંકરભાઈ શાસ્ત્રી, પૂજ્ય ડૉ. શ્રી ગિરીજાશંકરભાઈ તથા પૂ. તરલાબા, પૂજ્ય શ્રી નંદકિશોરભાઈ વ્યાસ તથા પૂ. કલાવતીબા તથા લંડનથી પધારેલ શ્રી રસિકભાઈ ખમાર, સુ.શ્રી ભાનુબેન તથા સુ.શ્રી મીનાબેન પટેલ તેમજ સ્થાનિક ભક્તજનોએ આ ઉત્સવ-પૂજનમાં ઉલટભેર ભાગ લીધો હતો.

**શિવરાત્રિ મહોત્સવ :**

સંવત ૨૦૫૫ના માઘ વદ તેરસને રવિવાર તા.૧૪-૨-૯૯ના રોજ શ્રી રાજરાજેશ્વરી પીઠમમાં સવારે વિદ્વાન બ્રાહ્મણવૃંદ દ્વારા લઘુરુદ્ર અભિષેક સંપન્ન થયો જેમાં સ્કોટલેન્ડ (યુ.કે.)થી પધારેલ પૂ. સુ.શ્રી લક્ષ્મીબેન, શ્રી નટવરલાલ ત્રિવેદી તથા સુ.શ્રી. નીરૂબેન રશ્મિકાન્ત વ્યાસ તેમજ શ્રી રસિકલાલ ખમાર તથા સુ.શ્રી ભાનુબેન અને સ્થાનિક ભક્તમંડળે ઉત્સવમાં ભાગ લીધો હતો.

આ જ દિવસે બપોરના પીઠમ્ તરફથી પ્રતિવર્ષની જેમ દીક્ષિત ભક્ત સમુદાયે સારી સંખ્યામાં ઉપસ્થિત રહીને શિવમમહિમ્ન સ્તોત્રપાઠથી અભિષેક સંપન્ન કર્યો અને પ્રસાદ લઈ પર્વનો આનંદ માણી ધન્યતા પ્રાપ્ત કરી.

• • •

### સદસ્યોને નિવેદન

શ્રીદેવીના-શ્રીઉપાસનાના સદસ્ય મિત્રોને વિનંતી કે જેમનું લવાજમ પૂર્ણ થઈ ગયું હોય તેમણે સત્વરે મોકલાવી આપવું.

- તંત્રીશ્રી

### શ્રી દેવીબા પ્રેરિક શ્રી ઉપાસના અંકની સૂચના

દરેક લેખ/રચના જે તે લેખકની વ્યક્તિગત જવાબદારી છે. જેની સાથે સંસ્થા / સંપાદકમંડળ સંમત છે તેમ માનવું નહિ.

- તંત્રીશ્રી

# ષષ્ટમ્ વર્ષાન્તે

**શ્રી આત્મારામ ભારદ્વાજ**


"શ્રી દેવી બા પ્રેરિત શ્રી ઉપાસના" આ અંકે તેનું છઠ્ઠું વર્ષ પૂરું કરે છે. આ વર્ષ દરમિયાન સર્વે ઉપાસકોને શ્રેયષ્કર અને માર્ગદર્શક બની રહે તેવી શ્રી આદ્ય શંકરાચાર્ય, શિવમહિમા સ્તોત્ર અને પુરશ્ચરણ રસોલ્લાસ નામની લેખ–શ્રેણી સંપન્ન કરી. સાથે સાથે આ જ વર્ષમાં શ્રી વિદ્યાની ઉપાસનામાં શ્રેષ્ઠ માર્ગદર્શનરૂપ 'પરામ્બા વિલાસ', 'કામાખ્યા તન્ત્રમ્'ની શ્રેણી ચાલુ કરી. વળી 'યજુર્વેદ સંહિતા' (સંક્ષિપ્ત) ગુજરાતીમાં તથા PIMAGE (જીવનના રંગ) નામની જીવન–વિકાસના માર્ગદર્શનરૂપ અંગ્રેજી લેખ–શ્રેણી પણ શરૂ કરી જે ઘણી જ આવકાર પામેલ છે. સંપાદક મંડળ સુજ્ઞ ઉપાસકોને જીવનમાં ઉપયોગી, નાવિન્યપૂર્ણ અને રોચક સાહિત્ય વાંચન માટે મળે તે બાબતે સતત પ્રયત્નશીલ છે.

પરમ શ્રોત્રિય અને ભવદીય સ્વામી શ્રી રામતીર્થ કહે છે તેમ, "સર્વને આત્મવત્ જૂઓ. સાચા ધર્મમાં ન તો મતમતાંતરનું ખંડન છે કે ન તો વાદવિવાદ. એમાં તો અંતઃકરણની શુદ્ધિ જ મુખ્ય બાબત છે. આ ધર્મગીતા, બાઈબલ તથા અગમ-નિગમના સર્વે પ્રાચીન ગ્રંથોમાં છે; એટલું જ નહિ પણ આધુનિક તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં પણ છે. તમારી નાડીઓ તથા જ્ઞાનતંતુઓમાં પણ તે જ ઘૂઘવે છે. તમારા અંતઃકરણમાં અને વ્યવહારમાં પણ તેનો સંબંધ છે. તે ધર્મ એકાદ દેવળ કે મંદિરમાં જઈ ગોખી લેવાનો નથી. તે તો તમારે વ્યવહારમાં, ઘરમાં અને બહાર, જમતાં અને સૂતાં, ઉઠતાં અને બેસતાં પાળવાનો છે."

શ્રી વિદ્યા એ પૂર્ણના પ્રાપ્ત કરવાની વિદ્યા છે. પરમ નિર્મળ અંતઃકરણવાળા સદ્ગુરુદેવ શ્રી દેવીબા–શ્રી શીવગુરુનું ઉપાસકોને ઉત્તરોત્તર માર્ગદર્શન મળી રહ્યું છે. પરમારાધ્ય ભગવતી શ્રી ષોડશી પરામ્બાનું સાન્નિધ્ય સર્વે ઉપાસકોને પ્રાપ્ત થાઓ તેવી અભ્યર્થના.

Registered with the Register of Newspapers for India New Delhi under No. 63479/95 Dated 29-3-96





શ્રી યંત્રરાજ